# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

કિયારાએ યશ સાથેના બોલ્ડ રોમેન્ટિક સીન્સ હટાવવાની માંગ કરી?....

**પેજ-09**

પંજાબ કિંગ્સ અને હૈદરાબાદ વચ્ચે જંગ માટે પંજાબ સજ્જ....



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 42.00 | 28.00 |
| વડોદરા | 42.00 | 28.00 |
| સુરત | 38.00 | 28.00 |



પેજ 5 — ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ એક વર્ષ માટે લંબાવાઈ....

07 MAY-2026 THURSDAY

હોર્મુઝની ખાડીમાં યુદ્ધનો ભડકો થતા ક્રૂડ તેલના ભાવમાં આગ....



પેજ 10

.....સુવિચાર.....

ઝેર નો હિસાબ જરાક વિચિત્ર છે. મરવું હોય તો જરાક પીવું પડે અને જીવવું હોય તો અપાર પીવું પડે...


વર્ષ-15 । અંક-175 । વિક્રમ સંવત-2082 । વૈશાખ વદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





# AAP દ્વારા સમીક્ષા બેઠક સાથે સેન્સ પ્રક્રિયાની કામગીરી શરૂ: ડો. કરન બારોટ

અમદાવાદ : આમ આદમી પાર્ટી પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે વિડીયો માધ્યમથી જણાવ્યું હતું કે આજથી આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં સમીક્ષા બેઠક અને સેન્સ પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવશે. ગુજરાતની જનતાના પ્રેમ અને અપૂર્વ આશીર્વાદના કારણે આમ આદમી પાર્ટીએ 12 તાલુકા પંચાયતમાં જીત મેળવી છે તેમજ 1 જિલ્લા પંચાયતમાં જીત મેળવી છે. સાથે સાથે 4 તાલુકા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટી વચ્ચે ટાઈની સ્થિતિ છે અને 9 તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટી ડિસાઈડિંગ ફેક્ટર તરીકે ઉભરી છે. 1 જિલ્લા પંચાયતમાં આમ આદમી પાર્ટીએ જીત મેળવી અને 25 તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીએ જોરદાર પ્રદર્શન કર્યું છે અને ઘણી જગ્યાએ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને નગરપંચાયતમાં આમ આદમી પાર્ટી વિપક્ષ તરીકે રહીને ગુજરાતની જનતા માટે જમીન સ્તરે કામ કરશે.AAP પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે વધુમાં જણાવ્યું હતુ કે આમ આદમી



પાર્ટી દ્વારા આવતીકાલથી પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી, ગુજરાતના પ્રભારી ગોપાલ રાય અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતમાં સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવશે. સેન્સ પ્રક્રિયામાં તમામ હોદ્દેદારોનું સંતુલન જળવાય એ પ્રમાણે પ્રદેશો નેતાઓની આગેવાનીમાં હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવશે. મહાનગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકા જ્યાં જીત મળી છે અને જ્યાં હાર થઈ છે તેની વિગતવાર સમીક્ષા કરવામાં આવશે. સાથે સાથે જ્યાં આમ આદમી પાર્ટીએ જીત મેળવી છે ત્યાં મજબૂત કામગીરી થશે અને જ્યાં વિપક્ષ તરીકે છે ત્યાં જનહિતના મુદ્દાઓ પર સક્રિય કામગીરી કરવામાં આવશે. તમામ કાર્યકર્તાઓ અને ઉમેદવારો વચ્ચે સંતુલન જાળવીને ગુજરાતભરમાં તાલુકા અને જિલ્લા સ્તરે યોગ્ય નિમણૂકો કરવામાં આવશે અને ગુજરાતની જનતાએ જે વિશ્વાસ મૂક્યો છે તે વિશ્વાસને સાર્થક કરવા માટે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ જમીન સ્તરે સતત લડતા રહેશે.

## ધોરણ-૧૦ પરિણામમાં ગાંધીનગર જિલ્લાનો ઝળહળતો દેખાવ : ૮૮.૭૯% સાથે રાજ્યમાં અગ્રેસરતા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ના ધોરણ-૧૦ (એસએસસી) પરીક્ષા પરિણામોમાં ગાંધીનગર જિલ્લાએ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. જિલ્લામાં ૮૮.૭૯% પરિણામ સાથે રાજ્યમાં અગ્રણી સ્થાન પ્રાપ્ત થયું છે. ગત વર્ષના ૮૭.૪૪% પરિણામની સરખામણીએ આ વર્ષે ૧.૩૫% નો વધારો નોંધાયો છે, જે જિલ્લા શિક્ષણ વ્યવસ્થાની સતત સુધરતી ગુણવત્તાનો સંકેત આપે છે. જિલ્લાના કુલ ૨૨,૩૦૧ પરીક્ષાર્થીઓમાંથી ૧૯,૮૦૨ વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી છે. ગુણવત્તાના દૃષ્ટિકોણથી પણ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, જેમાં ૧,૦૨૪ વિદ્યાર્થીઓએ એ1 ગ્રેડ મેળવ્યો છે. ઉપરાંત હજારો વિદ્યાર્થીઓએ એ2, બી1, બી2 તથા સી1 અને સી2 ગ્રેડમાં સફળતા મેળવી છે. રાજ્ય સ્તરે વિશેષ નોંધપાત્ર પરિણામ તરીકે અજોલ કેન્દ્રએ ૧૦૦% પરિણામ સાથે જિલ્લાનું નામ ઉજ્જવળ કર્યું છે. તેમજ જામલા, બહિયલ, ચરાડા, લીંબોદરા અને ગાંધીનગર શહેર કેન્દ્રોએ પણ ૯૦%થી વધુ પરિણામ સાથે મજબૂત પ્રદર્શન કર્યું છે. જિલ્લાના કુલ ૩૪ પરીક્ષા કેન્દ્રોમાંથી મોટાભાગે ૮૦%થી વધુ પરિણામ નોંધાયું છે, જ્યારે નાંદોલ કેન્દ્રમાં ગત વર્ષની તુલનામાં ૨૦.૩૫% નો નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. આ સફળતાને જિલ્લા શિક્ષણ તંત્ર, શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંયુક્ત મહેનતનું પરિણામ ગણાવવામાં આવી રહ્યું છે. સમગ્ર જિલ્લામાં આ સિદ્ધિ બદલ આનંદ અને ગૌરવનો માહોલ જોવા મળ્યો છે.

## અમદાવાદમાં AMCના સ્વિમિંગ પૂલોમાં ઉનાળાની સિઝનમાં ભારે ભીડ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્વિમિંગ પૂલોમાં નાગરિકોની ભારે ભીડ જોવા મળી રહી છે. શહેરમાં કાર્યરત કુલ 21 સ્વિમિંગ પૂલમાં દરરોજ સરેરાશ 15 હજારથી વધુ લોકો સ્નાન અને તાલીમ માટે પહોંચી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના માર્ગદર્શન હેઠળ તમામ સ્નાનાગરોમાં નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. બાળકો માટે એડવાન્સ બેચ, તેમજ 12 વર્ષથી ઉપરના નાગરિકો માટે સાંજના સમયગાળામાં અલગ-અલગ ટ્રેનિંગ બેચ શરૂ કરવામાં આવી છે.

## ગર્ભાશય કેન્સર સામે AMCનું વિશાળ આરોગ્ય અભિયાન : કિશોરીઓ માટે નિ:શુલ્ક HPV રસીકરણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કિશોરીઓના આરોગ્ય સુરક્ષા અને ગર્ભાશયના કેન્સર (સર્વાઈકલ કેન્સર) જેવા ગંભીર રોગથી બચાવ માટે વિશેષ આરોગ્ય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત શહેરમાં 14 થી 15 વર્ષની કિશોરીઓને નિ:શુલ્ક એચ.પી.વી. રસી આપવામાં આવી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી તા. 7 મે, 2026ના રોજ વિશેષ મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શહેરની પાત્ર કિશોરીઓ કોઈપણ અર્બન હેલ્થ સેન્ટર અથવા મ્યુનિસિપલ હોસ્પિટલમાં જઈને મફતમાં એચ.પી.વી વેક્સિનનો લાભ લઈ શકશે. ખાનગી હોસ્પિટલોમાં અંદાજે રૂ. 3000 જેટલી કિંમત ધરાવતી આ વેક્સિન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંપૂર્ણપણે નિ:શુલ્ક આપવામાં આવી રહી છે. કોર્પોરેશનનું લક્ષ્યાંક કુલ 48,561 કિશોરીઓને રસીકરણ કરવાનો છે, જેમાંથી અત્યાર સુધી 22,137 કિશોરીઓને રસી આપવામાં આવી ચૂકી છે. અગાઉ યોજાયેલી બે મેગા ડ્રાઈવમાં પણ સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો, જેમાં હજારો કિશોરીઓએ રસીકરણ કરાવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફેબ્રુઆરીથી જ શહેરભરમાં હોર્ડિંગ્સ, બેનર્સ, રેડિયો જિંગલ્સ અને સોશિયલ મીડિયા અભિયાન મારફતે એચ.પી.વી રસી અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. આ અભિયાનને વધુ અસરકારક બનાવવા શાળાઓ, સામાજિક આગેવાનો અને સ્થાનિક પ્રતિનિધિઓ સાથે સતત સંકલન કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સ્તરે પણ એચ.પી.વી રસીકરણ અભિયાન હેઠળ લાખો કિશોરીઓને આવરી લેવામાં આવી રહી છે. આ વેક્સિન વર્ષો સુધી થયેલા વૈજ્ઞાનિક સંશોધન બાદ વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત છે અને સર્વાઈકલ કેન્સર નિવારણમાં અત્યંત અસરકારક માનવામાં આવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું આ અભિયાન શહેરની કિશોરીઓના સ્વસ્થ ભવિષ્ય માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહ્યું છે.

### NIAએ 3 ISIS આતંકવાદી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી

# એરંડાના બીજમાંથી સાઇનાઇડથી વધુ ખતરનાક ઝેર બનાવવાનો પ્રયાસ કરી આતંકી હુમલાનો ઈરાદો હતો

અમદાવાદ । નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ જાહેર સ્થળોએ નિર્દોષ લોકો પર સામૂહિક ઝેર આપવાના લક્ષ્ય સાથે જેહાદી બાયો-ટેરરિઝમ કાવતરામાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ISIS સાથે જોડાયેલા ત્રણ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે.

મુખ્ય આરોપી હૈદરાબાદ સ્થિત ડો. સૈયદ અહેમદ મોહિયુદ્દીન અને ઉત્તર પ્રદેશના અન્ય બે સહ-આરોપીઓ આઝાદ અને મોહમ્મદ સુહેલ વિરુદ્ધ અમદાવાદ સ્થિત NIAની સ્પેશિયલ કોર્ટમાં UAPA એક્ટ, BNS અને આર્મ્સ એક્ટની સંબંધિત કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. એરંડાના બીજમાંથી સાઇનાઇડથી વધુ ખતરનાક ઝેર બનાવવાનો પ્રયાસ કરી મોટા આતંકી હુમલાનો ઈરાદો હતો.

વિદેશ સ્થિત ISIS હેન્ડલર્સના માર્ગદર્શન હેઠળ કાર્ય કરતા આરોપીઓએ હેન્ડલર્સ મારફતે કટ્ટરપંથી બનેલા યુવાનોની ભરતી કરવા અને ગેરકાયદેસર હથિયારો તથા જૈવિક ઝેરથી આતંકવાદીઓએ આતંક ફેલાવવાનું આયોજન કર્યું હતું. તેઓએ ISISના નાપાક એજન્ડાને પાર પાડવા માટે કેમિકલનો ઉપયોગ કરવાનું આયોજન કર્યું હતું. આ કેમિકલ એ એરંડાના બીજમાં કુદરતી રીતે જોવા મળતું એક શક્તિશાળી જૈવિક ઝેર છે, જે કેમિકલ વેપન્સ કન્વેન્શનના શેડ્યૂલ-Iમાં સૂચિબદ્ધ છે.

આ કેસ મૂળરૂપે ગુજરાત ATS ગુજરાતે નોંધાવ્યો હતો. નવેમ્બર 2025માં ચીનથી MBBS થયેલા ડો. મોહિયુદ્દીનની એક ટોલ પ્લાઝા પરથી ધરપકડ કરવામાં આવી હતી. તેની કારમાંથી ગેરકાયદેસર હથિયારો, 4 લિટર એરંડાનું તેલ ધરાવતી બોટલ અને અન્ય




વાંધાજનક સામગ્રી મળી આવી હતી. ATSની તપાસ બાદ તે જ દિવસે અન્ય બે આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી હતી.

તપાસમાં જાણવા મળ્યું છે કે, આઝાદ અને સુહેલે રાજસ્થાનના હનુમાનગઢમાં ડેડ-ડ્રોપ સાઈટ પરથી પૈસા અને ગેરકાયદેસર હથિયારો મેળવ્યા હતા. આ સામાન તેઓએ મોહિયુદ્દીન માટે ગુજરાતના છત્રાલ ખાતે નિર્ધારિત સ્થળે પહોંચાડ્યો હતો.

જાન્યુઆરી 2026માં તપાસ સંભાળ્યા પછી, NIAને જાણવા મળ્યું કે મોહિયુદ્દીનને તેના હેન્ડલર દ્વારા દક્ષિણ એશિયાનો ISIS અમીર બનાવવાનું વચન આપવામાં આવ્યું હતું. તેણે હૈદરાબાદમાં તેના નિવાસસ્થાનને એરંડાના બીજમાંથી 'રાઈઝીન' કેમિકલ(ઝેર) તૈયાર કરવા માટે ગુપ્ત પ્રયોગશાળામાં ફેરવી દીધું હતું. સુહેલ હેન્ડલર અને અન્ય સહ-આરોપીઓ વચ્ચે ભરતી, ભંડોળ અને હથિયારોના સંચાલન માટે મહત્વની કડી તરીકે કામ કરતો હતો. તેણે આતંકવાદી ભંડોળ મેળવ્યું અને વિતરિત કર્યું, રેકી કરી, ગેરકાયદેસર હથિયારો પહોંચાડ્યા અને વફાદારીના શપથ રેકોર્ડ કર્યા હતા. આ કેસમાં તપાસ હજુ પણ ચાલુ છે. NIA આ કાવતરામાં સામેલ હેન્ડલર્સ અને અન્ય વ્યક્તિઓની શોધખોળ કરી રહી છે.

# ઢોસા ખાધા બાદ બે બાળકીના શંકાસ્પદ મોતનું રહસ્ય ઘેરાયું

### એક મહિના બાદ ડોક્ટરે મેડિકલ રિપોર્ટ તપાસ્યા પરંતુ મોતનું કારણ જાણી શક્યા નહીં

અમદાવાદ | અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં એક મહિના અગાઉ એક પરિવારે ડેરીમાંથી ખીરું લાવી ઢોસા બનાવીને ખાધા બાદ બે નાની બાળકીઓના મોત નિપજ્યાં હતાં, ત્યારે આ ઘટનાના એક મહિના બાદ અઢી માસની બાળકીનું પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટરે મોતનું કારણ ન જાણી શકાયું હોવાનો અભિપ્રાય આપતા બાળકીનું મોત રહસ્ય જ રહશે. અગાઉ પોલીસની તપાસ ડોક્ટરના અભિપ્રાય પર અટકી હતી, પરંતુ હવે તે પણ આગળ નહીં વધી શકે.1 એપ્રિલ, 2026ના રોજ ચાંદખેડામાં મારુતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલ પ્રજાપતિ ધનશ્યામ ડેરીમાંથી ખીરું લાવ્યા હતા. તેમાંથી ઢોસા બનાવી ખાધા બાદ પરિવારના સભ્યોની તબિયત લથડી હતી. આ દરમિયાન અઢી મહિનાની રાહા અને 4 વર્ષની મિસ્ટી નામની બાળકીના મોત નિપજ્યાં હતા. બંને બાળકીઓના પોસ્ટમોર્ટમ કરાવવાની સાથે FSLમાંથી પણ રિપોર્ટ મેળવવામાં આવ્યા હતા. જે તે સમયે રિપોર્ટ આવ્યા બાદ પોલીસે ડોક્ટરનો અભિપ્રાય મેળવવાનું જણાવ્યું હતું. પોલીસે રિપોર્ટ પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટરને તપાસ અને અભિપ્રાય માટે આપ્યા હતા. આ રિપોર્ટ અને તપાસ દરમિયાન રાહાના મોત માટે કોઈ યોગ્ય મેડિકલ પુરાવા મળ્યા નહોતા. જ્યારે મિસ્ટીના મોતને લઈને મેડિકલ ટીમે કોઈ અભિપ્રાય ન આપ્યો હોવાથી પોલીસ દ્વારા તમામ પુરાવા મળ્યા બાદ જરૂરી કાર્યવાહી કરાશે.

આ કેસમાં હજુ પણ મેડિકલ ટીમ કે પોલીસ મોત કેવી રીતે થયું તેનો નિર્ણય પર પહોંચી શકી નથી, ત્યારે બંનેના શરીરમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુની હાજરી ન મળી હોવાથી આખરે બંનેના મોત કેવી રીતે થયા તે રહસ્ય જ રહી જશે. પોલીસ કે ડોક્ટર ક્યારેય મોતનું કારણ જાણી શકશે કે કેમ તેને લઈને સવાલ ઉભા થયા છે.

શું છે સમગ્ર ઘટના? ચાંદખેડામાં મારુતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલ પ્રજાપતિ ધનશ્યામ ડેરીમાંથી ખીરું લાવ્યા હતા. તેમાંથી ઢોસા બનાવી ખાધા બાદ પરિવારની તબિયત લથડી હતી. જેમાં 3 મહિનાની રાહા અને 4 વર્ષની મિસ્ટી નામની બાળકીના મોત નિપજ્યાં હતા. ઘટના બાદ ચાંદખેડા પોલીસે અકસ્માતે મોતનો ગુના દાખલ કરીને તપાસ શરૂ કરી છે અને ખીરાની ક્વોલિટી જાણવા ઘનશ્યામ ડેરી પર FSLની ટીમે સેમ્પલ લીધા હતા.

# News Brief

## AAP દ્વારા સમગ્ર ગુજરાતમાં સમીક્ષા બેઠકનું આયોજન: AAP ચિત્રેશ અનાજવાલા

### AAP સમીક્ષા બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરવામાં આવશે: AAP પ્રદેશ પ્રવક્તા ચિત્રેશ અનાજવાલા

ગુજરાત | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રવક્તા ચિત્રેશ અનાજવાલાએ આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત સમીક્ષા બેઠક પર વાત કરતા જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો મુદ્દે આમ આદમી પાર્ટી સમીક્ષા કરશે. આજે તારીખ 6 મેથી આ સમીક્ષા બેઠક શરૂ થશે અને 10 મે સુધી આ સમીક્ષા બેઠક ચાલશે. ગુજરાતની તમામ નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમીક્ષા બેઠકમાં પ્રદેશના નેતાઓ, સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

વધુમાં AAP પ્રદેશ પ્રવક્તા ચિત્રેશ અનાજવાલાએ જણાવ્યું હતું કે, આ સમીક્ષા બેઠકમાં કાર્યકર્તાઓ તથા સ્થાનિક પદાધિકારીઓ પાસેથી સૂચનો લેવામાં આવશે. ચૂંટણી દરમિયાન જો કોઈ પણ કાર્યકર્તા કે પદાધિકારીએ પાર્ટી વિરોધી પ્રવૃત્તિ કરી હોય તો તે વિશે પણ ચર્ચા કરવામાં આવશે અને એ મુદ્દે નિર્ણયો લેવામાં આવશે. સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા આપવામાં આવેલા સૂચનો મુજબ આગામી સમયમાં પગલાં લેવામાં આવશે. સમીક્ષા બેઠકના અંતે આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતૃત્વ દ્વારા આગામી રણનીતિ તૈયાર કરવામાં આવશે.

## હાટકેશ્વર બ્રિજ તોડવાનો 3.90 કરોડનો ખર્ચો પણ આખરે પ્રજાના માથે ઢોળાયો

અમદાવાદ | અમદાવાદના સી.ટી.એમ.જંકશન ઉપર એક સમયે બનાવવામા આવેલ હાટકેશ્વર બ્રિજ બનાવવા અને તોડવા માટેનો એમ કુલ મળીને 38 કરોડથી વધુનો ખર્ચ અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનને જ ભોગવવો પડયો છે. કોર્પોરેશનની તિજોરી ઉપર આર્થિક ભારણ નહીં પડે.તમામ ખર્ચ અજય ઈન્ફ્રા પાસેથી જ વસૂલ કરાશે.તે પ્રકારની ગુલબાંગ ગત ટર્મમા ભાજપના સત્તાધીશો અને વહીવટી તંત્ર દ્વારા હાંકવામા આવી હતી. પરિસ્થિતિ એવી આવી પડી છે કે, બ્રિજ તોડવા માટેનો ખર્ચ અજય ઈન્ફ્રા પાસેથી મેળવવા કોર્પોરેશન હાલ કોર્ટમા જે કાર્યવાહી ચાલી રહી છે તેમા દાવો રજૂ કરશે એમ સત્તાવારસૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોડથી લઈ પથ્થર પેવિંગ સુધીની કામગીરી વિવિધ કોન્ટ્રાકટરો પાસેથી કરાવવા માટે ટેન્ડર પ્રક્રીયા કરવામા આવે છે. આ ટેન્ડરોમાં ઘણાં ટેન્ડરો અંદાજ કરતા ઓછા ભાવથી આપવામા આવે ત્યારે તે કામની ગુણવત્તાને લઈને સવાલ ઉપસ્થિત કરવામા આવતા હોય છે. પરંતુ આઘાતજનક બાબત તો એ છે કે, ભ્રષ્ટાચારના પર્યાય સમાન જે હાટકેશ્વર બ્રિજ કોર્પોરેશન દ્વારા શ્રી ગણેશ કોર્પોરેશન પાસે રુપિયા 3.90 કરોડના ખર્ચે તોડાવી પાડયો એ હાટકેશ્વર બ્રિજ બનાવવા વર્ષ 2015માં 10 એપ્રિલના રોજ અજય ઈન્ફ્રાને વર્કઓર્ડર આપવામા આવ્યો તે સમયે અંદાજથી ઓછા એટલે કે 9.17 ટકા ઓછા ભાવથી વર્કઓર્ડર આપવામા આવ્યો હતો.

## અમદાવાદમાં RTE પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ, 13,622 વિદ્યાર્થીઓને સીટ ફાળવાઈ

ગુજરાત | અમદાવાદ શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે રાઈટ ટુ એજ્યુકેશન એટલે કે, RTE હેઠળની પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે. આ વર્ષે અમદાવાદમાં કુલ 38,334 જેટલા ફોર્મ મંજૂર કરવામાં આવ્યા હતા, જેમાંથી 13,622 જેટલાં વિદ્યાર્થીઓને શાળાઓમાં સીટ ફાળવવામાં આવી છે. સીટ મેળવનાર આ તમામ વિદ્યાર્થીઓએ આગામી 12 તારીખ સુધીમાં પ્રવેશ લેવાનો રહેશે. ત્યારબાદ 12 તારીખ પછી ખાલી રહેલી સીટો પર બીજા રાઉન્ડની શરૂઆત કરવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓએ ફરીથી ફોર્મ ભરવાના રહેશે.

ઉલ્લેખનીય છે કે, પ્રવેશ પ્રક્રિયાને લઈને વાલીઓ તરફથી એવી ફરિયાદો મળી રહી છે કે શાળાઓ દ્વારા વધારાના ડોક્યુમેન્ટ માંગવામાં આવે છે. આ અંગે તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે શાળાઓએ માત્ર ફોર્મમાં ભરેલી વિગતો જ ચકાસવાની રહેશે અને કોઈ વધારાના ડોક્યુમેન્ટ માંગવાના નથી. જો શાળાઓ વધારાના ડોક્યુમેન્ટ માંગીને એડમિશન આપવામાં કોઈ પણ પ્રકારની કચાશ રાખશે, તો તે બિલકુલ ચલાવી લેવામાં આવશે નહીં. વધુમાં, જો કોઈ શાળાને વાલીની આવક મર્યાદા વધુ હોવાની શંકા જણાય, તો તેમણે તે અંગે નક્કી કરેલી ચોક્કસ પદ્ધતિ મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે.

આ અંગે અમદાવાદ સિટીના DEO રોહિત ચૌધરીએ જણાવ્યું કે, 'અમદાવાદ શહેરમાં 38,333 જેટલા ફોર્મ એપ્રુવ થયા હતા, જે પૈકી 14,200 બેઠકોની સામે અમે પ્રથમ રાઉન્ડમાં 13,622 વિદ્યાર્થીઓને બેઠકો ફાળવી છે. આ એલોટ થયેલા વિદ્યાર્થીઓએ 12 તારીખ સુધીમાં પોતાનો પ્રવેશ મેળવી લેવાનો રહેશે તેવી સૂચના આપવામાં આવી છે.

## સેવન્થ ડે સ્કૂલની માન્યતાને લઈ સવાલ : જન આક્રોશ વાલી સંઘર્ષ સમિતિએ જનજાગૃતિ અભિયાન હાથ ધર્યું

અમદાવાદ | અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી વિવાદાસ્પદ સેવન્થ ડે સ્કૂલનો વહીવટ કામચલાઉ ધોરણે શાળાને સોંપવામાં આવ્યો છે. ત્યારે જનઆક્રોશ વાલી સંઘર્ષ સમિતિ દ્વારા આજે 6 મેના રોજ સેવનથ ડે સ્કૂલની બહાર ભેગા થઈને સ્કૂલમાં એડમિશન લેવાને લઈ વાલીઓને જાગૃત કરવામાં આવ્યા હતા કે આ સ્કૂલમાં પૂરતા પુરાવા છે અને તેની માન્યતા છે નહીં એ એકવાર તપાસી લેવા બાદમાં એડમિશન લેવા એવી રજૂઆત કરી હતી. સેવેન્થ ડે સ્કૂલનું રજીસ્ટ્રેશન રદ થવાની ભીતિને લઈ વાલીઓ અસમંજસમાં મુકાયા છે. જનાક્રોશ વાલી સંઘર્ષ સમિતિએ શાળાના સત્તાધીશો પાસે જવાબ માંગ્યા હતાં. નવા એડમિશન લેનારા વાલીઓને મોટી રકમની ફી ગુમાવવાનું જોખમ ઊભું થઈ શકે છે. શાળા રજીસ્ટ્રેશન રદ નહિ થાય તેવી ખાતરી સાથે એડમિશન આપવાની માંગ કરી છે.ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં વિધાર્થીના મોત બાદ સરકાર હસ્તક શાળા લેવામાં આવી હતી.

## ગાંધીનગરના અંબા ટાઉનશીપ - ત્રિમંદિર ખાતે મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં દાહોદ કલેક્ટર શ્રી યોગેશ નિરગુડેએ પ્રેઝન્ટેશન આપ્યું

ગાંધીનગર | ગાંધીનગર સ્થિત અંબા ટાઉનશીપ - ત્રિમંદિર ખાતે આયોજિત મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં, ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં થયેલી શ્રેષ્ઠ કામગીરી અને પડતર પ્રશ્નોના નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સેમિનારમાં આદિવાસી વિસ્તારોના જમીન હકો અને મહેસૂલી કાયદાઓમાં સમયાનુકૂલ સુધારાની આવશ્યકતા અંગે દાહોદ કલેક્ટર શ્રી યોગેશ નિરગુડેએ જણાવ્યું હતું કે, અમદાવાદથી ઉમરગામ સુધીના 14 જિલ્લાઓમાં ફેલાયેલા ટ્રાયબલ બેલ્ટમાં જમીન સંબંધિત પ્રશ્નો અને ખાસ કરીને કલમ 73-A ની અમલવારી અંગે આજે મહત્ત્વની ચર્ચા ચિંતન શિબિરમાં કરવામાં આવી હતી. હાલમાં આદિવાસી વ્યક્તિએ પોતાની જમીન અન્ય આદિવાસીને વેચવા માટે પણ પૂર્વ મંજૂરી લેવી પડે છે, જેમાં લાંબો સમય વીતી જતો હોય છે. જો આ સત્તાઓ સ્થાનિક કલેક્ટર સ્તરે જ વધુ સુદ્રઢ કરવામાં આવે, તો સમય મર્યાદામાં નિકાલ લાવી શકાય. આદિવાસી ખેડૂતો કે જેઓ બિલ્ડર અથવા લેન્ડ ડેવલપર બનવા માંગે છે, તેમને દરેક સબ-પ્લોટના વેચાણ માટે વારંવાર પરવાનગી લેવી પડે છે. આ પ્રક્રિયાના બદલે જો એકવાર બિન-ખેતી (NA) ની મંજૂરી મળે ત્યારે જ વેચાણની છૂટ આપવામાં આવે, તો વચેટિયાઓનો પ્રભાવ ઘટી શકે અને આદિવાસીઓનો આર્થિક વિકાસ ઝડપી બને. વધુમાં શ્રી નિરગુડેએ ઉમેર્યું હતું કે, બદલાતા સમય અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આદિવાસી જમીન કાયદાઓનું દર 10 વર્ષે નિષ્ણાત સમિતિ દ્વારા રિવ્યુ થવો જોઈએ, જેથી વહીવટી ગુંચવણો દૂર કરી શકાય.જે જમીનોમાં શરતભંગ થયો હોય તેવી જમીનો લાંબા સમય સુધી પડતર રહે છે. આવી જમીનોને 5 કે 10 વર્ષની મર્યાદા બાદ સામાજિક કે સાર્વજનિક હેતુ માટે ઉપયોગમાં લેવાની જોગવાઈ કરવા પર શ્રી નિરગુડેએ ભાર મૂક્યો હતો.

**નામ બદલેલ છે**

મેં મારું જૂનું નામ
ખુશી વૈભવભાઈ શાહ
હતું
જે બદલીને
નવું નામ
ખુશી વૈભવ શાહ
રાખેલ છે
સરનામું: 201 અનુશ્રી 277, 6 સુભાષ સોસાયટી, Nr ઈશ્વરભુવન હોલ, નવરંગપુરા, અમદાવાદ 380 009

**નામ બદલેલ છે**

મેં મારું જૂનું નામ
વૈભવભાઈ અશોકભાઈ શાહ
હતું
જે બદલીને
નવું નામ
વૈભવ અશોકભાઈ શાહ
રાખેલ છે
સરનામું: 201 અનુશ્રી 277, 6 સુભાષ સોસાયટી, Nr ઈશ્વરભુવન હોલ, નવરંગપુરા, અમદાવાદ 380 009

**નામ બદલેલ છે**

મેં મારું જૂનું નામ
દીપા વૈભવભાઈ શાહ હતું
જે બદલીને
નવું નામ
દીપા વૈભવ શાહ
રાખેલ છે
સરનામું: 201 અનુશ્રી 277, 6 સુભાષ સોસાયટી, Nr ઈશ્વરભુવન હોલ, નવરંગપુરા, અમદાવાદ 380 009




## મિત્રને જેલમાંથી બહાર કાઢવા કેસ પાછો ખેંચવાનું કહી યુવક પર હુમલો

અમદાવાદ | પૂર્વ વિસ્તારમાં સામાન્ય તકરારમાં તલવાર જેવા ઘતક હથિયારોથી હુમલાના બનાવો વધી રહ્યા છે. અમરાઈવાડીમાં જેલમાં સજા ભોગવતા મિત્રને છોડવવા માટે ત્રણ શખ્સોએ યુવક ઉપર તલવારથી હુમલો કર્યો હતો. હાલમાં યુવક સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અમરાઈવાડી પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. મામાની દિકરી સાથે તકરાર, જીવલેણ હુમલામાં આરોપી સેન્ટ્રલ જેલમાં સજા ભોગવતા મિત્રને છોડાવવા કાયદો હાથમાં લીધો, ત્રણ સામે ફરિયાદ અમરાઈવાડીમાં રહેતા યુવકે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં અમરાઈવાડીમાં રહેતા ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે કે મહિના પહેલા આરોપીના મિત્ર અને ફરિયાદીના મામાની દિકરીઓ સાથે કોઈક કારણસર તકરાર થઈ હતી. તે સમયે ફરિયાદી યુવક છોડાવવા વચ્ચે પડતાં આરોપીએ યુવક ઉપર જીવલેણ હુમલો કર્યો હતો જે કેસમાં આરોપીનો મિત્ર સાબરમતી સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહ્યો છે. જે અદાવતમાં ગઈકાલે સવારે ફરિયાદી ભીલવાડા પાસે પાનના ગલ્લે ગયો હતો ત્યારે આરોપીઓએ આવીને ગાળો બોલીને તેં અમારા મિત્ર સામે પોલીસ કેસ કર્યો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## બેંકમાં ડુપ્લીકેટ નોટો ઘુસાડી એસઓજીએ નકલી નોટોનું નેટવર્ક તોડ્યું

# વડોદરા જાલી નોટ કૌભાંડ રાજસ્થાનના સૂત્રધાર સહિત 6 શખ્સ ઝબ્બે

(એજન્સી) વડોદરા । તા. 06



સંસ્કારી નગરી વડોદરાના બજારમાં ડુપ્લીકેટ ચલણી નોટો ઘુસાડવાના એક મસમોટા ષડયંત્રનો વડોદરા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. શહેરની ખાનગી બેંકોના કેશ ડિપોઝિટ મશીનોમાં નકલી નોટો જમા કરાવીને તેને બજારમાં ફરતી કરવાના આ કૌભાંડમાં પોલીસે રાજસ્થાનના મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૬ આરોપીઓને દબોચી લીધા છે. આ ટોળકી દ્વારા કેટલા સમયથી અને કેટલા પ્રમાણમાં જાલી નોટો માર્કેટમાં ઠાલવવામાં આવી છે, તેની તપાસ માટે તમામ આરોપીઓને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણની શરૂઆત ગત ૨૯મી એપ્રિલના રોજ થઈ હતી, જ્યારે વાઘોડિયા રોડ પર આવેલી એચડીએફસી બેંકના મશીનમાંથી રૂ. ૫૦૦ના દરની ૨૦ ડુપ્લીકેટ નોટો મળી આવી હતી. બેંક દ્વારા કરવામાં આવેલી આંતરિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આ રકમ વલસાડના ડુંગરી ગામના રહેવાસી સાગર રમેશભાઈ મારૂના ખાતામાં જમા કરવામાં આવી હતી. આ શંકાસ્પદ વ્યવહાર જણાતા બેંક સત્તાવાળાઓએ તાત્કાલિક વડોદરા ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે તપાસનો ધમધમાટ શરૂ થયો હતો.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં એસઓજીની ટીમ પણ જોડાઈ હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે વાઘોડિયા રોડ પર આવેલા કાન્હા ડ્રીમલેન્ડના એક ફ્લેટમાં દરોડો પાડ્યો હતો. અહીંથી પોલીસે સાગર મારૂને ઝડપી પાડ્યો હતો. તેના મકાનની તલાશી લેતા પોલીસને રૂ. ૨.૧૮ લાખની રોકડ રકમ મળી આવી હતી. સાગરની કડક પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે તેનો મિત્ર નિસર્ગ તેને આ નોટો પૂરી પાડતો હતો.

સાગરની કેફિયતના આધારે પોલીસે નિસર્ગ દિનેશભાઈ પટેલને વાઘોડિયા રોડ ગુરુકુળ પાસેથી ઝડપી લીધો હતો. તેની પાસેથી રૂ. ૫૦૦ના દરની ૩૫ નકલી નોટો મળી આવી હતી. નિસર્ગની પૂછપરછમાં ધનુષ હલ્લીકેરીનું નામ ખુલ્યું હતું, જે વાઘોડિયા રોડ પરની એક હોસ્ટેલમાં રહેતો હતો. પોલીસે ધનુષના રૂમમાં તપાસ કરતા વધુ ૫૦ નકલી નોટો કબજે કરી હતી. ત્યારબાદ આ ગેંગને મદદ કરનારા ભાવેશ શર્મા અને તીર્થ લીખીયા નામના અન્ય બે શખ્સો પણ પોલીસના સકંજામાં આવી ગયા હતા. પકડાયેલા મોટાભાગના આરોપીઓ મૂળ મોરબી અને વલસાડ પંથકના હોવાનું બહાર આવ્યું છે.

પકડાયેલા પાંચેય આરોપીઓની ઉલટતપાસમાં આ સમગ્ર કૌભાંડનું એપીસેન્ટર રાજસ્થાન હોવાનું ખુલ્યું હતું. આ ષડયંત્રના બે મુખ્ય સૂત્રધાર રાજસ્થાનમાં હોવાની વિગત મળતા વડોદરા પોલીસની એક ટીમ તાત્કાલિક રવાના કરવામાં આવી હતી. પોલીસે રાજસ્થાનના બ્યાવર ખાતેથી અક્ષય સાવરલાલ ગોયલને દબોચી લીધો હતો. જોકે, આ કેસનો બીજો મુખ્ય સૂત્રધાર મનોહર ઉર્ફે મુન્નો ગુજર પોલીસની પકડમાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો છે, જેની શોધખોળ માટે ચક્રો ગતિમાન કરાયા છે.

વડોદરા એસઓજીએ આ કાર્યવાહી દરમિયાન મોટી સંખ્યામાં રૂ. ૫૦૦ના દરની નકલી નોટો, મોબાઈલ ફોન અને રોકડ રકમ કબજે લીધી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ ટોળકી રાજસ્થાનથી નકલી નોટો લાવીને વડોદરામાં વિદ્યાર્થીઓ અથવા બેરોજગાર યુવાનોના ખાતાનો ઉપયોગ કરી બેંક મશીનો દ્વારા સિસ્ટમમાં ઘુસાડતી હતી.

આંતરરાજ્ય ગેંગ દ્વારા કરવામાં આવતા આવા કૌભાંડો અર્થતંત્ર માટે ગંભીર જોખમ સમાન છે. વડોદરા પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે અત્યાર સુધીમાં આ ગેંગ દ્વારા કેટલી જાલી નોટો બજારમાં વટાવી દેવામાં આવી છે અને આ નેટવર્કમાં અન્ય કોઈ મોટા માથાઓ સામેલ છે કે કેમ.

## ગોંડલમાં શિકલીગર ગેંગ ઝડપાઈ બે રીઢા તસ્કરો જેલ ભેગા, એક રાતમાં પાંચ સ્થળે ચોરી કરી હતી



રાજકોટ | સૌરાષ્ટ્રના ગોંડલ શહેરમાં એક જ રાતમાં તરખાટ મચાવનાર કુખ્યાત શિકલીગર ગેંગના બે સભ્યોને પકડી પાડવામાં પોલીસને મોટી સફળતા મળી છે. રાજકોટ ગ્રામ્ય એલસીબી (LCB) ની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે આ ઓપરેશન પાર પાડીને બે રીઢા ગુનેગારોને ઝડપી લીધા છે, જેમણે ગોંડલમાં વાહન ચોરી અને ઘરફોડ ચોરીની શ્રેણીબદ્ધ ઘટનાઓને અંજામ આપ્યો હતો. પકડાયેલા આરોપીઓમાં નાનકસિંગ ઉર્ફે કુલદીપસિંગ ટાંક (રહે. સુરત) અને જશબીરસિંગ ઉર્ફે જગવીરસિંગ ટાંક (રહે. વંથલી) નો સમાવેશ થાય છે. તપાસમાં ખૂલ્યું છે કે આ બંને આરોપીઓ લક્ઝરી ઝાયલો કાર લઈને ગોંડલ આવ્યા હતા. તેમણે કારને હાઈવે પર અવાવરું જગ્યાએ પાર્ક કરી દીધી હતી અને ત્યારબાદ નજીકના વિસ્તારમાંથી બે બાઈકની ચોરી કરી હતી. આ ચોરાઉ બાઈકનો ઉપયોગ કરીને તેઓ શહેરના વિવિધ વિસ્તારોમાં ત્રાટક્યા હતા. ગોંડલમાં શિકલીગર ગેંગ ઝડપાઈ તે પહેલા તેમણે એક ટ્રાન્સપોર્ટરના મકાનમાંથી રૂા. ૭ લાખની મતા પર હાથ સાફ કર્યો હતો.

## વેરાવળમાં નકલી ડેપ્યુટી કલેક્ટરની ઠગાઈનો પર્દાફાશ થયો, પ્લોટ રેગ્યુલર કરાવવાના બહાને છેતરપિંડી આચરી

(એજન્સી) વેરાવળ । તા. 06

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ પંથકમાં સરકારી અમલદારની ખોટી ઓળખ આપી નિર્દોષ લોકોને આર્થિક ચૂનો લગાવવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોતાને ઉચ્ચ સરકારી અધિકારી તરીકે ઓળખાવતા એક શખસે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને જમીન મામલે લાલચ આપી લાખો રૂપિયા ખંખેરી લીધા છે. આ મામલે છેતરપિંડીનો ભોગ બનનારા લોકોએ પોલીસ મથકે ન્યાયની ગુહાર લગાવી છે.

વેરાવળના ભીડીયા પ્લોટ વિસ્તારમાં રહેતા ૯૭ જેટલા પરિવારો આ ભેજાબાજની જાળમાં ફસાઈ ગયા છે. જૂનાગઢના અશોકભાઈ ભોગીલાલ પંડયા નામના શખસે પોતે ડેપ્યુટી કલેક્ટર હોવાનો ખોટો દાવો કર્યો હતો. તેણે સ્થાનિક લોકોને એવી લાલચ આપી હતી કે સરકારી ખરાબા પર બનેલા તેમના મકાનો અને પ્લોટ તે સરકારી સ્કીમ હેઠળ રેગ્યુલર કરાવી આપશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આરોપીએ ફાઈલ દીઠ ૨૫,૦૦૦ રૂપિયાની માંગણી કરી હતી, જેના પગલે લોકોએ વિશ્વાસમાં આવીને કુલ ૨૪.૨૫ લાખ રૂપિયા રોકડા ચૂકવી દીધા હતા. સમય વીતવા છતાં કામ ન થતા જ્યારે લોકોએ પૂછપરછ કરી ત્યારે આરોપી સતત વાયદાઓ કરતો હતો. તાજેતરમાં આ ઠગબાજે કામ પૂરું કરવાના બહાને વધુ ૨૫ લાખ રૂપિયાની માંગણી કરતા લોકોમાં શંકા જાગી હતી. સ્થાનિકોએ તપાસ કરતા જાણવા મળ્યું કે અશોક પંડયા કોઈ સરકારી અધિકારી નથી પરંતુ એક રીઢો ગુનેગાર છે. પ્લોટ રેગ્યુલર કરાવવાના બહાને છેતરપિંડી આચરી હોવાની ખાતરી થતા ભીડીયા કોળી સમાજના આગેવાનોએ હિંમત દાખવીને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. વેરાવળ પોલીસે રમેશભાઈ બારૈયાની ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીએ લોકોના પર્સનલ આઈડી કાર્ડ અને દસ્તાવેજો પણ મેળવ્યા હતા, જેનો દુરુપયોગ થયો છે કે કેમ તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

## વડોદરામાં ડમ્પર ચાલકનો આતંક નશામાં ધૂત ચાલકે કારને કચડી, પોલીસની બેદરકારી પર સવાલ ઉઠ્યા છે

(એજન્સી) વડોદરા । તા. 06

વડોદરા શહેર પોલીસ જ્યારે હેલ્મેટ અને ટ્રાફિકના નાના નિયમોની કામગીરીમાં વ્યસ્ત છે, ત્યારે શહેરના માર્ગો પર પીધેલા ડમ્પર ચાલકો કાળ બનીને ફરી રહ્યા છે. ગત મોડી રાત્રે રેસકોર્સ સર્કલ જેવા પોશ વિસ્તારમાં એક નશાખોર ડમ્પર ચાલકે મચાવેલા આતંકથી શહેરીજનોમાં ભારે રોષ અને ફફડાટ વ્યાપી ગયો છે. આ ઘટનાએ શહેરની કાયદો અને વ્યવસ્થા સામે અનેક પ્રશ્નાર્થો ઊભા કર્યા છે.

રેસકોર્સ સર્કલ પાસે આવેલા નટુભાઈ સેન્ટર નજીક ગઈ મોડી રાત્રે એક ડમ્પર ચાલક પૂરપાટ ઝડપે વાહન હંકારી રહ્યો હતો. આ દરમિયાન તેણે રસ્તા પરથી પસાર થઈ રહેલી એક કારને જોરદાર અડફેટમાં લીધી હતી. સદનસીબે આ અકસ્માતમાં કારચાલકનો આબાદ બચાવ થયો હતો, પરંતુ કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ડમ્પર એટલી ઝડપે હતું કે જો કારમાં વધુ મુસાફરો હોત તો મોટી જાનહાનિ થઈ શકી હોત.

બનાવની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ડમ્પર ચાલક ઉદેશીંગ અર્જુનસિંહ પરમાર તથા તેની સાથેના ક્લીનર મહેશ પરમારને અટકાયતમાં લીધા હતા. પ્રાથમિક તપાસમાં જ બંને જણા નશામાં ચૂર હોવાનું જણાઈ આવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, પોલીસે બંને વિરુદ્ધ દારૂ પીવા અંગેનો ગુનો નોંધી ડમ્પર કબજે લીધું છે. આ બંને શખ્સો સાવલીના અજબપુરાના રહેવાસી હોવાનું ખુલ્યું છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા સ્થાનિકોનો આક્ષેપ છે કે વડોદરા પોલીસ માત્ર હેલ્મેટ પહેરનારા મધ્યમ વર્ગના લોકો પર દંડનો કોરડો વીંઝવામાં વ્યસ્ત છે, જ્યારે પીધેલા ડમ્પર ચાલકો બેફામ ફરી રહ્યા છે. પોલીસની બેદરકારી પર સવાલ ઉઠાવતા લોકોનું કહેવું છે કે જો રાત્રિ પેટ્રોલિંગ સઘન હોત તો નશાખોરો આ રીતે મુખ્ય માર્ગો પર મોતની સવારી ન કરી શક્યા હોત. પળવારની બેદરકારી વડોદરામાં કોઈ ગંભીર અકસ્માત નોતરી શકે છે, જેની દહેશત લોકોમાં સેવાઈ રહી છે. પોલીસે હવે આ દિશામાં કડક ચેકિંગ કરવાની ખાતરી આપી છે.

## મોવિયામાં જમીન કૌભાંડનો પર્દાફાશ મહિલા વકીલ જેલ ભેગા, બોગસ આધારકાર્ડ દ્વારા ઠગાઈ આચરી

(એજન્સી) ગોંડલ । તા. 06

સૌરાષ્ટ્રના ગોંડલ તાલુકાના મોવિયા ગામે એક ચોંકાવનારું અને મોટું જમીન કૌભાંડ સામે આવ્યું છે. વિદેશમાં રહેતા ખેડૂત દંપતીની જમીન હડપવા માટે રચાયેલા આ સુનિયોજિત કાવતરામાં ગોંડલ પોલીસે મહિલા વકીલ અને મુખ્ય સૂત્રધાર સહિત ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. બોગસ દસ્તાવેજો અને ડમી માલિકો ઊભા કરી કરોડોની કિંમતની જમીન બારોબાર વેચી નાખવાના આ કેસમાં હજુ પણ કેટલાક ફરાર શખ્સોની શોધખોળ ચાલી રહી છે.

મોવિયા ગામે સર્વે નંબર ૧૦૦ પૈકીની કિંમતી જમીન કાંતિલાલ અને મધુબેન પાઠકના નામે છે. આ દંપતી હાલ અમેરિકામાં સ્થાયી હોવાથી રાજકોટના રહેવાસી અને મુખ્ય સૂત્રધાર ઉત્તમસિંહ રાઠોડે આ જમીન પચાવી પાડવાનો કારસો ઘડ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આરોપીઓએ દંપતીના નામે બોગસ આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ અને પાનકાર્ડ બનાવી નાખ્યા હતા. આ નકલી દસ્તાવેજોના આધારે બેંકમાં ખાતું પણ ખોલાવવામાં આવ્યું હતું, જેથી નાણાકીય વ્યવહાર આસાનીથી કરી શકાય.

આ સમગ્ર કૌભાંડમાં ક્રોસલાઈન હેડલાઈન મુજબ બોગસ આધારકાર્ડ દ્વારા ઠગાઈ કરવા માટે વિવિધ લોકોએ ભૂમિકા ભજવી હતી. મીડિયા અહેવાલ અનુસાર, વકીલ ભાવનાબેન ચાવડાએ ડમી વ્યક્તિઓ શોધી આપી રજિસ્ટ્રાર કચેરીમાં તેમની ઓળખ કરાવી હતી. વિપુલગિરિ ગોસ્વામીએ લેપટોપની મદદથી દસ્તાવેજોમાં એડિટિંગ કરી નકલી ઓળખપત્રો તૈયાર કર્યા હતા, જ્યારે તુષાર દુદાણીએ દસ્તાવેજોમાં સાક્ષી તરીકે સહી કરી હતી. આ રીતે આરોપીઓએ કુલ રૂા. ૭૯ લાખની માતબર રકમ ઓહિયા કરી લીધી હતી.

### ફરાર આરોપીઓની શોધખોળ જારી

ગોંડલ તાલુકા પોલીસની કાર્યવાહી દરમિયાન જાણવા મળ્યું છે કે આ કૌભાંડમાં હજુ પણ ગીતાબેન, દિનેશ, નિશાંત અને ગોવિંદરામ નામના શખ્સો સંડોવાયેલા છે.

## વડોદરામાં પુત્રનો પિતા પર હુમલો પૂજારી પિતા લોહીલુહાણ થયા



વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં માનવીય સંબંધોને શરમાવે તેવી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. શહેરના ન્યુ વીઆઈપી રોડ વિસ્તારમાં એક કળિયુગી પુત્રએ સામાન્ય પૈસાની લાલચમાં પોતાના જ પૂજારી પિતા પર જીવલેણ હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને ઘાયલ પિતા અત્યારે હોસ્પિટલમાં જીવન અને મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યા છે. શહેરના ખોડિયાર નગર પાસે આવેલા સિદ્ધેશ્વર હાર્મનીમાં રહેતા જયંતીભાઈ નાગર, જેઓ વ્યવસાયે પૂજારી છે, તેમના પર આ હુમલો થયો છે. રાત્રિના સમયે જ્યારે તેઓ પોતાના ઘરે પરત ફર્યા ત્યારે તેમનો પુત્ર હાર્દિક તેમની પાસે પૈસાની માંગણી કરવા લાગ્યો હતો. પિતાએ પૈસા આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઉશ્કેરાયેલા હાર્દિકે પિતાને ગાળો ભાંડી હતી અને અચાનક ચાકુ કાઢી જયંતીભાઈ પર અનેક ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં જયંતીભાઈને બૂમાબૂમ કરતા જોઈ પાડોશીઓ એકઠા થઈ ગયા હતા.

## એસી હોલમાં મીટિંગો અને રોડ પર અરાજકતા

# સુરત પાલિકાની બેદરકારી: એસી હોલમાં મીટિંગોનો દોર, પણ રસ્તા પર સુરક્ષા 'ભગવાન ભરોસે'



(એજન્સી) સુરત । તા. 06

સુરત મહાનગરપાલિકા (SMC) ના ઉચ્ચ અધિકારીઓ હાલ શહેર વિકાસના મોટા-મોટા દાવાઓ અને હાઈટેક મીટિંગોમાં વ્યસ્ત દેખાઈ રહ્યા છે. આઈસીસીસી (ICCC) ના એસી હોલમાં સતત ચાલતી સમીક્ષા બેઠકો અને પ્રેઝન્ટેશન્સ વચ્ચે જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર મોટા બિલ્ડરો અને પ્રોજેક્ટ ધારકોએ જાહેર રસ્તાઓને પોતાની માલિકીની જાગીર સમજી લીધા હોય તેમ જોખમી રીતે બાંધકામ સામગ્રીના ઢગલા કરી દીધા છે, જેના કારણે સામાન્ય નાગરિકોના જીવ જોખમમાં મુકાયા છે.

વડોદરા કે અમદાવાદની જેમ સુરતના મુખ્ય માર્ગો પર જ્યાંથી રોજ હજારો વાહનો પસાર થાય છે, ત્યાં બિલ્ડરો દ્વારા લોખંડના સળીયા, રેતી, કપચી અને અન્ય મટીરીયલ્સ અસ્તવ્યસ્ત રીતે ફેલાવી દેવામાં આવ્યું છે. સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે અનેક સ્થળોએ જાહેર રોડ પર જ જોખમી રીતે સળીયાનું કટિંગ કરવામાં આવી રહ્યું છે. જો કોઈ વાહનચાલક અચાનક સ્લિપ થાય કે નાનો અકસ્માત પણ થાય, તો આ તીક્ષ્ણ સળીયા અને કટિંગ મશીનો જીવલેણ સાબિત થઈ શકે છે. તંત્ર આ ગંભીર જોખમથી વાકેફ હોવા છતાં માત્ર મીટિંગોમાં વ્યસ્ત હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

લોકોમાં પાલિકાની કાર્યપદ્ધતિ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. જનતાનો આરોપ છે કે પાલિકાના નિયમો માત્ર સામાન્ય નાગરિકો અને નાના વેપારીઓ પૂરતા જ સીમિત છે. જો કોઈ નાનો લારીવાળો રસ્તા પર ઊભો રહે કે કોઈ મધ્યમવર્ગીય વ્યક્તિ પોતાની દુકાન પાસે બે સિમેન્ટની થેલીઓ ઉતારે, તો પાલિકાની ટીમ તાત્કાલિક દંડ ફટકારે છે અથવા સામાન જપ્ત કરી લે છે. પરંતુ જ્યારે કરોડોના પ્રોજેક્ટ ધરાવતા બિલ્ડરો અડધો રોડ રોકીને જોખમી મટીરીયલ્સ મૂકે છે, ત્યારે તંત્રના અધિકારીઓ કેમ મૌન સેવી રહ્યા છે? શું આ મોટા માથાઓ સામે કાર્યવાહી કરતા પાલિકાના હાથ ધ્રૂજે છે? તેવો સવાલ ઉઠી રહ્યો છે. બાંધકામ સામગ્રીના કારણે શહેરના અનેક વિસ્તારોમાં ટ્રાફિકની ગતિ ધીમી પડી ગઈ છે. સાંકડા થયેલા રસ્તાઓ પર વાહન ચલાવવું હવે જોખમી બની રહ્યું છે. આગામી સમયમાં વરસાદી મોસમ શરૂ થવાની છે, ત્યારે જો આ જ રીતે રેતી અને માટી રસ્તા પર ફેલાયેલી રહેશે, તો તે ભીની થવાથી રસ્તાઓ લપસણા બનશે અને અકસ્માતોની હારમાળા સર્જાશે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુરત પાલિકાની આ 'એસી હોલ' સંસ્કૃતિ પર પ્રહાર કરતા લોકો જણાવી રહ્યા છે કે, જ્યાં સુધી અધિકારીઓ ફિલ્ડ પર નહીં આવે ત્યાં સુધી હકીકત ખબર નહીં પડે.

## સુરત ગેરકાયદે ગર્ભપાત રેકેટ : ફાર્માસિસ્ટની ધરપકડ કરવામાં આવશે હોસ્પિટલના ઓપરેશન થિયેટર સીલ

# વરાછામાં મમતા હોસ્પિટલ સીલ કરાઈ અને તંત્રની લાલ આંખ

(એજન્સી) સુરત । તા. 06

હીરાનગરી સુરતના વરાછા વિસ્તારમાં માનવતાને શરમાવે તેવા ગેરકાયદે ગર્ભપરીક્ષણ અને ભ્રૂણ હત્યાના મસમોટા રેકેટનો પર્દાફાશ થયો છે. વરાછા રોડ પર આવેલી મમતા મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં કોઈ પણ જાતની લાયકાત વગર મહિલાઓના ગર્ભપાત કરાવવામાં આવતા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે બાતમીના આધારે ઓચિંતો દરોડો પાડીને આ હોસ્પિટલને સીલ કરી દીધી છે. આ સમગ્ર કૌભાંડનો મુખ્ય સૂત્રધાર એક ફાર્માસિસ્ટ છે, જે ડોક્ટર હોવાનો ઢોંગ કરીને નિર્દોષ જિંદગીઓ સાથે ખેલ ખેલતો હતો.

આ રેકેટનો મુખ્ય આરોપી રામગોપાલ ખંડેલવાલ છે, જે વ્યવસાયે માત્ર એક ફાર્માસિસ્ટ છે. આશ્ચર્યની વાત એ છે કે, રામગોપાલ અગાઉ વર્ષ ૨૦૨૫માં પણ વરાછાની 'શિવાય હોસ્પિટલ'માં આવા જ ગેરકાયદે કૃત્યો બદલ ઝડપાઈ ચૂક્યો હતો. જેલમાંથી જામીન પર મુક્ત થયા બાદ તેણે પોતાની સુધારવાની તક ગુમાવીને 'મમતા હોસ્પિટલ'ના નામે ફરીથી ગર્ભપાતની હાટડી ખોલી દીધી હતી. હોસ્પિટલના સફાઈ કામદારોએ પણ કબૂલાત કરી છે કે, કોઈ પણ નિષ્ણાત ડોક્ટરની



ગેરહાજરીમાં રામગોપાલ પોતે જ મહિલાઓના ઓપરેશન કરીને ભ્રૂણ હત્યા કરતો હતો. આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં મમતા હોસ્પિટલના તમામ વિભાગોને સીલ મારી દેવામાં આવ્યું છે. વરાછા પોલીસે આ મામલે ગંભીરતા દાખવીને ફાર્માસિસ્ટ રામગોપાલ ખંડેલવાલ વિરુદ્ધ પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ (PC & PNDT Act) હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ તેજ કરી છે.

### દરોડા દરમિયાન અફરાતફરી: મહિલાઓ ઝડપાઈ

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અનિલ પટેલની આગેવાની હેઠળની ટીમે જ્યારે હોસ્પિટલના પહેલા અને બીજા માળે દરોડો પાડ્યો ત્યારે ત્યાં અરાજકતાનો માહોલ સર્જાયો હતો. તપાસ દરમિયાન સ્થળ પરથી ત્રણ સગર્ભા મહિલાઓ મળી આવી હતી જેઓ ગેરકાયદે ગર્ભપાત કરાવવા માટે આવી હતી. આરોગ્ય વિભાગની ટીમને જોઈને વ્યારાની એક ૨૪ વર્ષીય મહિલા ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહી હતી, જ્યારે અન્ય બે મહિલાઓની હાલત જોતા તેઓને તાત્કાલિક સુરત સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવી છે. હોસ્પિટલના સાધનો અને મેડિકલ વેસ્ટની તપાસમાં અનેક વાંધાજનક પુરાવાઓ હાથ લાગ્યા છે.

## નશામાં ધૂત ફોટોગ્રાફરની ધરપકડ કરવામાં આવી

# વડોદરામાં નશાખોર કારચાલકે મહિલાને કચડી આણંદની મહિલાનું મોત

(એજન્સી) વડોદરા । તા. 06

વડોદરા શહેરના હાર્દ સમાન એમ.જી. રોડ પર રવિવારની વહેલી સવારે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. નશામાં ધૂત એક કારચાલકે રોડ પરથી પસાર થઈ રહેલા મહિલાને અડફેટમાં લેતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મૃતક મહિલા આણંદથી દર રવિવારે વડોદરા દર્શન કરવા આવતા હતા. નશાખોર વાહનચાલકોની બેદરકારીએ વધુ એક નિર્દોષ જીવ લીધો છે.

મૃતક મહિલાની ઓળખ સુખીબેન પરમાર (ઉં.વ. ૫૧, રહે. બામરોલી, તા. આણંદ) તરીકે થઈ છે. સુખીબેન દર રવિવારે આણંદથી વડોદરાના મંદિરોમાં દર્શન કરવા માટે નિયમિત આવતા હતા. રવિવારે વહેલી સવારે આશરે સવા ચાર વાગ્યે જ્યારે તેઓ માંડવીથી ન્યાયમંદિર તરફ જઈ રહ્યા હતા, ત્યારે કાળ બનીને આવેલી એક કારે તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે ગંભીર ઈજાઓ થવાને કારણે મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સીટી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.વી. ઝાલા અને તેમની ટીમે આ મામલે સઘન તપાસ હાથ ધરી હતી. પોલીસે અકસ્માત સર્જનાર કારચાલક હિતેન રાજેશભાઈ રાજપૂત (ઉં.વ. ૨૫, રહે. તરસાલી) ની ધરપકડ કરી છે, જે વ્યવસાયે ફોટોગ્રાફર છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હિતેન અને તેની સાથે કારમાં સવાર તેના મિત્રો દારૂના નશામાં ચૂર હતા. પોલીસે કારચાલક સહિત તેના નશાખોર મિત્રોની પણ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અકસ્માત બાદ મહિલાની ઓળખ કરવી પોલીસ માટે પડકારજનક હતી, પરંતુ મહિલા પાસે રહેલી એક ચિઠ્ઠી પર મોબાઈલ નંબર લખેલો મળી આવ્યો હતો. આ નંબરના આધારે પોલીસે પરિવારનો સંપર્ક કર્યો અને મહિલાની ઓળખ થઈ હતી. રવિવારની વહેલી સવારે સર્જાયો અકસ્માત અને તેમાં આણંદના મહિલાનું મોત થતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

## રાજકોટ ખાસ અદાલતનો ચુકાદો જાહેર થયો

# લાંચ કેસમાં નિવૃત પીઆઈને સજા બે વર્ષની કેદ ફટકારાઈ

(એજન્સી) રાજકોટ । તા. 06

ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનમાં રાજકોટની ખાસ અદાલતે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. વર્ષો જૂના લાંચના કેસમાં સંડોવાયેલા નિવૃત પોલીસ ઈન્સ્પેક્ટરને અદાલતે કસૂરવાર ઠરાવી જેલની સજા ફટકારી છે. આ ચુકાદાએ સાબિત કર્યું છે કે કાયદાના હાથ લાંબા છે અને ગુનો કર્યાના વર્ષો પછી પણ સજાથી બચી શકાતું નથી.

આ ઘટનાની વિગત મુજબ, વર્ષ ૨૦૦૯માં મોટામવા ગામના સરપંચ મયુર શિંગાળાની કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ ગુનામાં નામચીન આરોપી રમેશ રાણા મકવાણાની સંડોવણી હોવાની ચર્ચા હતી. તે સમયે રાજકોટ તાલુકા પોલીસ મથકના પીઆઈ તરીકે ફરજ બજાવતા સી.પી. ગોસાઈએ આરોપીનું નામ કેસમાં ન ખોલાવવા માટે રૂા. ૧૫ લાખની મસમોટી લાંચની માંગણી કરી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રકઝક બાદ રૂા. ૩.૫૦ લાખમાં સોદો નક્કી થયો હતો.

લાંચ કેસમાં નિવૃત પીઆઈને સજા સુધી પહોંચાડવા માટે એસીબીએ જાળ બિછાવી હતી. ટ્રેપના દિવસે સવારે આરોપીએ રૂા. ૨ લાખ લઈ લીધા હતા. બાકીના રૂા. ૧.૫૦ લાખ આપતી વખતે ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, તત્કાલીન પીઆઈ કે.બી. ઝાલાની ટીમે સી.પી. ગોસાઈને તેમની ચેમ્બરમાંથી લાંચની રકમ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આરોપીએ લાંચની રકમ સ્વીકારીને પોતાના ટેબલ પર રાખી હતી, જે એસીબીએ રિકવર કરી હતી.

રાજકોટની ખાસ અદાલતના જજ વી.એ. રાણાએ આ ૧૭ વર્ષ જૂના કેસમાં તમામ પુરાવાઓ અને સાક્ષીઓને ધ્યાને લીધા હતા. સરકારી વકીલ સંજયભાઈ વોરાની દલીલોને ગ્રાહ્ય રાખી અદાલતે ૭૨ વર્ષીય નિવૃત પીઆઈ સી.પી. ગોસાઈને તકસીરવાન ઠરાવ્યા હતા. અદાલતે તેમની ઉંમરને ધ્યાનમાં રાખી બે વર્ષની સખત કેદની સજા અને રૂા. ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે.

**વૃષભ : બ. વ. ઉ.**
આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે. અદ્યતન ટેક્નોલૉજી તથા હુન્નર શીખવામાં તમારી મદદ કરે તેવા ટૂંકા-ગાળાના પ્રોગ્રામમાં સહભાગી થાવ.

**મિથુન : ક. છ. ઘ.**
તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા.

**કર્ક : ડ. હ.**
તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે.

**સિંહ : મ. ટ.**
અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. તમારા જુસ્સાને અંકુશમાં રાખો તેને કારણે તમારા પ્રેમ પ્રકરણમાં તકલીફ સર્જાઈ શકે છે. વ્યાવસાયિક મીટિંગો દરમિયાન સ્પષ્ટવક્તા અને લાગણીશીલ બનતા નહીં-તમે તમારા હોલવા પર અંકુશ નહીં મૂકો તો તમે તમારી પ્રતિષ્ઠાને સરળતાથી નુકસાન કરી શકો છો.

**કન્યા : પ. ઠ. ણ.**
ખિન્ન તથા નિરાશ ન થાવ. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. આજે કોઈની છેડતી કરશો નહીં. તમને લાભ થવાની શક્યતા છે.

**તુલા : ર. ત.**
આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો. આ રાશિ ના એ લોકો જે રચનાત્મક કાર્ય સાથે સંકળાયેલા છે તે લોકો ને આજે મુશ્કેલીઓ નો સામનો કરવો પડી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**
કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો.

**મકર : ખ. જ.**
સાંજે થોડીક હળવાશ માણો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારા પ્રિયપાત્રનું. અનુભવી લોકો સાથે આજે જોડાણ કરજો અને તેઓ શું કહે છે તેમાંથી શીખો.

**કુંભ : ગ. સ. શ. ષ.**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. તમે જે હંમેશાં કરવા માગતા હતા એ કામ કરવાની તક તમને આજે મળી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**
તમે નવરાશની લહેજત માણવાના છો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.

### ખેડાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી સાથે વરસાદ

# ઉનાળામાં અચાનક વરસાદથી જનજીવન પ્રભાવિત



(એજન્સી) ખેડા | તા 06

ખેડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગત રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ઉનાળાની ઋતુમાં અચાનક આવેલા આ વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. વીજળી સાથેના વરસાદી માહોલથી સ્થાનિકોમાં આશ્ચર્ય ફેલાયું હતું.

### ખેડા જિલ્લામાં ધોરણ 10નું 77.90% પરિણામ

# 20,088 વિદ્યાર્થીઓ પાસ, 593ને A1 ગ્રેડ મળ્યો, ગત વર્ષ કરતાં પરિણામમાં 5.35%નો સુધારો

(એજન્સી) ખેડા | તા 06

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં ખેડા જિલ્લાએ 77.90% પરિણામ સાથે નોંધપાત્ર સફળતા મેળવી છે. જિલ્લાના શૈક્ષણિક સ્તરમાં આવેલા સુધારાને કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.




ચાલુ વર્ષે ખેડા જિલ્લામાં કુલ 26,517 વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી 25,787 વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ પરીક્ષા આપી હતી. બોર્ડના આંકડા અનુસાર, કુલ 20,088 વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. ગુણવત્તાલક્ષી પરિણામની વાત કરીએ તો, 593 વિદ્યાર્થીઓએ સર્વોચ્ચ A1 ગ્રેડ મેળવ્યો છે, જ્યારે 1,772 વિદ્યાર્થીઓ A2 ગ્રેડ સાથે સફળ રહ્યા છે. અન્ય ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓમાં 3,075 વિદ્યાર્થીઓને B1, 4,706 વિદ્યાર્થીઓને B2, 5,630 વિદ્યાર્થીઓને C1 અને 3,867 વિદ્યાર્થીઓને C2 ગ્રેડ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત 445 વિદ્યાર્થીઓ D ગ્રેડમાં, 3,203 વિદ્યાર્થીઓ E1 ગ્રેડમાં અને 2,00,496 વિદ્યાર્થીઓ E2 ગ્રેડમાં સમાવિષ્ટ થયા છે.

ખેડા જિલ્લાના પરિણામમાં ગત વર્ષની સાપેક્ષે નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે. વર્ષ 2025માં જિલ્લાનું પરિણામ 72.55% નોંધાયું હતું, જેની સરખામણીએ આ વર્ષે 77.90% પરિણામ આવતા 5.35%નો સીધો વધારો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે વર્ષ 2024માં જિલ્લાનું પરિણામ 78.29% રહ્યું હતું, જેની ખૂબ નજીક આ વર્ષનું પ્રદર્શન પહોંચ્યું છે. કોરોનાકાળ બાદ શૈક્ષણિક સ્તરમાં આ સતત બીજો સુધારો છે.

# વાલા-હાથજ રોડ પર ટ્રેક્ટર નીચે કચડાયેલા આધેડનું મોત

(એજન્સી) નડિયાદ | તા 06

નડિયાદના મહાદેવપુરા પાલડી સીમ વિસ્તારમાં વિનુભાઇ મોતીભાઇ સોઢા પરમાર ઉં.52 પરિવાર સાથે રહીને ખેતી કરતા હતા. મંગળવાર સવારે વિનુભાઇ અરવિંદ સોઢા સાથે ટ્રોલીમાં લાકડા ભરી નડિયાદ વેચવા માટે આવ્યા હતા.જે બાદ બંને ટ્રેક્ટર લઈ પરત ઘરે જઈ રહ્યા હતા.આ દરમિયાન મંગળવાર સવારે 8:30 વાગ્યાના અરસામાં વાલા-હાથજ રોડ પર આવેલ ફાર્મ નજીકથી પસાર થઇ રહ્યા હતા તે સમયે ટ્રેક્ટર ચાલકે એકાએક ટ્રેક્ટરના સ્ટિયરિંગ ઉપર નો કાબુ ગુમાવતા ટ્રેક્ટર રોડની સાઇડમાં આવેલા ગટર માં ઉતરી ગયુ હતુ ત્યારે ટ્રેક્ટરમાં બેઠેલા વિનુભાઇ ટ્રેક્ટર પરથી જમીન પર પડી જતાં ટ્રેક્ટર ટાયર નીચે આવી જતા ગંભીર ઈજા પહોંચી હતી. વિનુભાઇ સોઢાને નડિયાદ સિવિલ હોસ્પિટલ લઇ જવાતા તબીબે મૃત જાહેર કર્યા હતા.

# ગળતેશ્વરના ઘડિયામાં ધાબા પર ચડી ગરબા જોતા યુવકને માર માર્યો

(એજન્સી) ગળતેશ્વર | તા 06

ગળતેશ્વરના ઘડીયામાં મકાનના ધાબા પર ગરબા જોતા યુવકો સાથે ચાર શખ્સોએ ઝઘડો કર્યો હતો. જેમાં તું મારા કુટુંબીના મકાનના ધાબા પર કેમ ચડયો છે કહી યુવકને મારમાર્યો હતો. ગળતેશ્વરના ઘડિયામાં રહેતા કમલેશ પરમાર ઉં.25 પરિવાર સાથે રહીને ખેતી કરે છે.

તા.4 એપ્રિલ રાતના 9 વાગ્યાના અરસામાં ગામના વજેસિંહના પૌત્રના લગ્ન પ્રસંગમાં ગયા હતા ત્યાં જઈ યુવક ગરબા જોવા માટે યુવક અને તેમનો મિત્ર જીતેન્દ્ર,હર્ષદ અને કુલદિપ કિરણ ખાંટના રહેણાંક મકાનના ધાબા પર ચડીને ગરબાનો પ્રસંગ જોતા હતા. તે સમયે મહેન્દ્ર ખાંટ આવીને કહ્યું હતુ કે તુ મારા કુટુંબીના મકાનના ધાબા પર કેમ ચડયો છે કહી અપશબ્દો બોલવા લાગ્યા હતા ત્યારે મહેન્દ્રનુ ઉપરાણું લઇ કૃષ્ણ, ધનરાજ, રાજેશ અને ભરત આવ્યા હતા જે બાદ મહેન્દ્રએ કમલેશના વાળ પકડી માથામાં અને બરડામાં મુક્કા માર્યા હતા.ત્યારે ધનરાજ અને મનુએ યુવકની છાતીમાં મારમાર્યો હતો. વળી કૃષ્ણએ અપશબ્દો બોલી યુવકને મારમાર્યો હતો. જેથી યુવકને માથામાં વાગ્યું હતુ. આ બાદ ઘવાયેલા યુવાનને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. આ બનાવ અંગે કમલેશ સુરેશભાઇ પરમારે સેવાલિયા પોલીસ મથકે મહેન્દ્ર જયંતીભાઈ ખાંટ,કૃષ્ણ અરવિંદભાઇ ખાંટ, ધનરાજ મનુભાઇ ખાંટ અને રાજેશ વસંતભાઇ ખાંટ સામે ફરિયાદ નોંધાવી છે.

### ભારતીય મઝદૂર સંઘે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

# પાટણમાં વિવિધ માંગણીઓ સાથે રજૂઆત કરી

(એજન્સી) પાટણ | તા 06

ભારતીય મઝદૂર સંઘ, પાટણ જિલ્લા ટીમે આજે જિલ્લા કલેક્ટરને વિવિધ પડતર માંગણીઓ અને મજૂરોના હિતોને લગતા મુદ્દાઓ અંગે આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

સંઘ દ્વારા આ મહત્વપૂર્ણ રજૂઆત માટેનું આવેદનપત્ર કલેક્ટરને વિધિવત રીતે સોંપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મજૂરોના હિતોને લગતી અનેક બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ અંગે માહિતી આપતા, આશિષ દેલાકરે જણાવ્યું હતું કે પાટણ જિલ્લા ટીમ દ્વારા આ આવેદનપત્ર સુપ્રત કરાયું છે. સંઘ દ્વારા આવેદનપત્રમાં રજૂ કરાયેલી માંગણીઓ અંગે વહેલી તકે યોગ્ય




અને સકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

આજના આ કાર્યક્રમમાં ભારતીય મઝદૂર સંઘ પાટણ જિલ્લાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પુરૂષો અને મહિલા સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને મજૂરોના અવાજને મજબૂત રીતે રજૂઆત કરવામાં આવી હતી.

### પાટણની બી.ડી. સાર્વજનિક વિદ્યાલયનું SSC પરિણામ 88.88%

# બે વિદ્યાર્થીઓએ સામાજિક વિજ્ઞાન અને ગણિતમાં 100માંથી 100 ગુણ મેળવ્યા

(એજન્સી) પાટણ | તા 06

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી બી.ડી. સાર્વજનિક વિદ્યાલય, પાટણે વર્ષ 2026ના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ 10 (SSC) પરિણામમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. શાળાનું પરિણામ 88.88% નોંધાયું છે, જે રાજ્યના કુલ પરિણામ 83.86%, પાટણ જિલ્લાના 83.27% અને પાટણ કેન્દ્રના 85.11% કરતાં નોંધપાત્ર રીતે વધુ છે.

આ વર્ષે શાળાના બે વિદ્યાર્થીઓએ સામાજિક વિજ્ઞાન અને ગણિત વિષયમાં 100માંથી 100 ગુણ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

છેલ્લા 82 વર્ષથી શિક્ષણ ક્ષેત્રે સેવા આપતી આ વિદ્યાલય શ્રી પાટણ જૈન મંડળના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે. આચાર્ય ડૉ. બળદેવભાઈ દેસાઈના નેતૃત્વમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને



બાળવિકાસ જેવી વિવિધ પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક સંચાલિત થાય છે, જેના પરિણામે ધોરણ 10નું પરિણામ શ્રેષ્ઠ રહ્યું છે.

આ પ્રસંગે ડૉ. બી.આર. દેસાઈએ મંડળના પ્રમુખશ્રી, હોદ્દેદારશ્રીઓ, શિક્ષકમંડળ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓને આ શ્રેષ્ઠ પરિણામ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

શાળાના ટોચના વિદ્યાર્થીઓમાં પટેલ ક્રિશા નીતિનકુમાર (571 ગુણ, A-1 ગ્રેડ, 99.25 PR), રાઠોડ ઓમકાર આર. (549 ગુણ, A-1 ગ્રેડ, 96.66 PR), રાવળ હિમાંશી એ. (545 ગુણ, A-1 ગ્રેડ, 96.06 PR), શેખ હુમાબાનુ આઈ. (544 ગુણ, A-1 ગ્રેડ, 95.90 PR), રાવળ સંજય કે. (542 ગુણ, A-1 ગ્રેડ, 95.58 PR) નો સમાવેશ થાય છે. અન્ય ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓમાં પ્રજાપતિ વ્રજ એસ. (529 ગુણ, A-2 ગ્રેડ, 93.44 PR), પ્રજાપતિ હિરલ વી. (528 ગુણ, A-2 ગ્રેડ, 93.26 PR), પટેલ પાર્શ્વ એ. (525 ગુણ, A-2 ગ્રેડ, 92.73 PR), પટેલ પરી બી. (522 ગુણ, A-2 ગ્રેડ, 92.17 PR), ઠાકોર રિદ્ધિ વી. (522 ગુણ, A-2 ગ્રેડ, 92.17 PR), પ્રજાપતિ પ્રિયાંશી એસ. (519 ગુણ, A-2 ગ્રેડ, 91.62 PR), ઠાકોર કાર્તિક પી. (517 ગુણ, A-2 ગ્રેડ, 91.25 PR), ઠાકોર ફાલ્ગુની એસ. (512 ગુણ, A-2 ગ્રેડ, 90.28 PR), ત્રિવારી હર્ષ વી. (512 ગુણ, A-2 ગ્રેડ, 90.28 PR) અને ઠાકોર દીક્ષિત આર. (511 ગુણ, A-2 ગ્રેડ, 90.28 PR) નો સમાવેશ થાય છે. આ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન.

# કપરાડાના પંચવેરામાં શરૂ થશે માધ્યમિક શાળા

(એજન્સી) વલસાડ | તા 06

વલસાડ જિલ્લાના અતિ અંતરિયાળ વિસ્તારમાં આવેલ પંચવેરા ગામ માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મહારાષ્ટ્રની સરહદને અડીને આવેલા આ ગામમાં જૂન 2026થી નવી માધ્યમિક શાળા શરૂ કરવામાં આવશે. જમીન સંપાદન અને સ્થળ નિરીક્ષણની પ્રક્રિયા પૂર્ણતા તરફ છે અને પ્રાથમિક શાળાની બાજુમાં જ નવી શાળા શરૂ થવાની તૈયારી ચાલી રહી છે.

ગુજરાતનું અંતિમ ગામ ગણાતું પંચવેરા પહોંચવું પોતે જ એક પડકાર છે. પર્વતો અને ઊંડી ખીણ વચ્ચે વસેલા આ ગામમાં વિકાસની રેખા તો પહોંચી છે, પરંતુ હજુ અનેક મૂળભૂત સુવિધાઓ માટે લોકો સંઘર્ષ કરી રહ્યા છે. અત્યાર સુધી ગામમાં પ્રાથમિક શાળા સુધી જ ભણતર ઉપલબ્ધ હતું.

માધ્યમિક શિક્ષણ માટે વિદ્યાર્થીઓને માઈલો દૂર જવું પડતું હતું, જેના કારણે પરિવહનની અછત અને આર્થિક પરિસ્થિતિ વચ્ચે ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ વચ્ચે જ છૂટી જતા. ખાસ કરીને દીકરીઓ માટે અંતર અને સુરક્ષા મોટી સમસ્યા બની રહેતી. હવે નવી માધ્યમિક શાળા શરૂ થવાથી ગામના વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે. ગામમાં જ ધોરણ 9થી 10 સુધી ભણતર ઉપલબ્ધ બનતા ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થશે અને દીકરીઓ માટે શિક્ષણ વધુ સરળ બનશે. માતા-પિતાની આંખોમાં હવે નવી આશા દેખાઈ રહી છે, કારણ કે વર્ષોથી ચાલતો સંઘર્ષ હવે ધીમે ધીમે અંત તરફ વધી રહ્યો છે. પંચવેરા માત્ર એક ગામ નથી, પરંતુ એ એક ઉદાહરણ છે કે જ્યાં સંઘર્ષ વચ્ચે પણ શિક્ષણ માટેની તરસ જીવંત રહી છે.

## વીજ ચોરી

# જાખેડમાં આંગણવાડીના કામમાં મશીનો ચલાવવા કોમ્યુનિટી હોલમાંથી વીજ જોડાણ

(એજન્સી) ઠાસરા | તા 06

ઠાસરા તાલુકાના જાખેડ ગામમાં કોમ્યુનિટી હોલમાંથી વીજ ચોરી ઝડપાતા હડકંપ મચી ગયો છે. ગામમાં નવી બનતી આંગણવાડીના કામ માટે નજીકમાં આવેલ કોમ્યુનિટી હોલમાંથી ગેરકાયદેસર રીતે કનેક્શન લઈ વીજ વપરાશ કરવામાં આવતો હતો. બાતમીને આધારે ડાકોર વીજ વિભાગની ટીમે સ્થળ પર દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી છે.

ઠાસરા તાલુકાના જાખેડ ગામમાં હાલ નવી આંગણવાડીનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આંગણવાડીના આ નિર્માણકાર્ય દરમિયાન મશીનો ચલાવવા વીજ કનેક્શનની જરૂર પડતાં નજીકમાં આવેલ કોમ્યુનીટી હોલમાંથી ગેરકાયદેસર રીતે કનેક્શન લેવામાં આવ્યું હતું અને વીજ વપરાશ પણ કરવામાં આવતો હતો. આ અંગેની જાણ થતાં ડાકોર એમજીવીસીએલની ટીમે સ્થળ પર દરોડો પાડી, આ ગેરરીતિ ઝડપી પાડી હતી.

આ અંગે ડાકોર એમજીવીસીએલના નાયબ ઈજનેર જણાવે છે કે, જાખેડ ગામમાં વીજ ચોરી થતી હોય તેવી બાતમી અમને મળી હતી. જેથી અમારી ટીમ દ્વારા રૂબરૂ સ્થળ તપાસણી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન જાખેડ ગામના કોમ્યુનિટી હોલમાંથી વધારાનો પ્રાઈવેટ વાયર લંબાવી, ત્યાં નજીકમાં બની રહેલી આંગણવાડીમાં વીજ વપરાશ કરી, ગેરરીતિ આચરવામાં આવતી હોવાનું માલુમ પડ્યું હતું. આ ગેરરીતિ અંગેના બિલની ગણતરી કરતા અંદાજિત 1 લાખ જેટલું વીજ બિલ બનેલ હોવાથી, 1 લાખ જેટલો દંડ તેઓને ફટકારવામાં આવેલ છે.

# વલસાડ જિલ્લામાં ધોરણ-10નું 79.80 % પરિણામ

(એજન્સી) વલસાડ | તા 06

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026માં લેવાયેલી ધોરણ 10ની પરીક્ષાનું પરિણામ જાહેર થતા વલસાડ જિલ્લામાં ક્યાંક ઉત્સાહ તો ક્યાંક ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. આ વર્ષે જિલ્લાનું કુલ પરિણામ 79.80% નોંધાયું છે, જે ગત વર્ષની સરખામણીએ સુધારો દર્શાવે છે. પરિણામ જાહેર થતા જ તેજસ્વી વિદ્યાર્થીઓએ ફટાકડા ફોડી અને મીઠાઈ વહેંચી વિજયોત્સવ મનાવ્યો હતો.

જિલ્લાની કુલ 273 શાળાઓ પૈકી 48 શાળાઓએ 100% પરિણામ મેળવી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. આ શાળાઓમાં એક પણ વિદ્યાર્થી અનુત્તીર્ણ થયો નથી. બીજી તરફ, 58 શાળાઓનું પરિણામ 90% થી 99% ની વચ્ચે રહ્યું છે. જિલ્લાની મોટાભાગની એટલે કે 262 શાળાઓ 41% થી 100% ની રેન્જમાં સ્થાન મેળવવામાં સફળ રહી છે. જોકે, શિક્ષણ જગત માટે ચિંતાનો વિષય એ છે કે 11 શાળાઓનું પરિણામ 40% થી પણ ઓછું નોંધાયું છે, જે શૈક્ષણિક કાર્ય સામે પ્રશ્નાર્થો ઉભા કરે છે.

# શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનું ધો.૧૦નું ૧૦૦% પરિણામ



(એજન્સી) ભાવનગર | તા 06

આજરોજ ધો-૧૦નાં બોર્ડ દ્વારા જાહેર કરાયેલ પરિણામ મુજબ દર વર્ષની જેમ ભાવનગર જિલ્લાની ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓમાં આ વર્ષે પણ ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનો સમાવેશ થાય છે. શાળાનાં કુલ ૧૫ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી તે પૈકી ૯ વિદ્યાર્થીઓ ડીસ્ટીન્કશન માર્ક સાથે અને અન્ય વિદ્યાર્થીઓ પ્રથમ અને દ્વિતીય વર્ગમાં ઉતીર્ણ થયેલ છે. અત્રે એ નોંધવું ઘટે કે, સામાન્ય ગુણાંક નિયમાનુસાર શાળાના તમામ વિદ્યાર્થીઓ વિકલાંગતાનો લાભ લીધા વિના ઉત્તીર્ણ થયા છે. જેમાંથી પ્રથમ ક્રમે ૮૩.૬૦ ટકા સાથે વિશ્વા ભીખાભાઈ લાખણોતરા, દ્વિતીય ક્રમે ૮૩.૪૦ ટકા સાથે ધવલ મનોજભાઈ ગાજરિયા અને તૃતીય ક્રમે ૮૨.૦૦ ટકા સાથે સુજીત અશોકભાઈ શિયાળ આવેલ છે. ગુજરાતમાંથી આ વખતે ૫૧૭ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જે પૈકી ૪૩૫ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે જેમાં અંધ ઉદ્યોગ શાળાના તમામવિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણીએ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૧૯૯૯ થી શાળાનું પરિણામ ૧૦૦% આવે છે. શાળા પરિવાર તરફથી ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોને અભિનંદન.

### મેસર દૂધ મંડળી પ્રમુખ પર ચાર શખ્સોનો હુમલો

# ડેરી ગેરરીતિની અરજી મુદ્દે છરીથી ઈજા, જાનથી મારવાની ધમકી

(એજન્સી) પાટણ | તા 06

પાટણ તાલુકાના મેસર ગામે દૂધ મંડળીના પ્રમુખ પર ચાર શખ્સોએ હુમલો કર્યો છે. ડેરીમાં ચાલતી ગેરરીતિઓ અંગે અરજી કરવાના મનદુઃખમાં આ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં પ્રમુખને છરી વડે ઈજા પહોંચાડવામાં આવી હતી અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ ઘટના અંગે વાગડોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મેસર ગામના રહેવાસી અને દૂધ મંડળીના પ્રમુખ ફતેસંગજી દલસાજી ઠાકોરે ફરિયાદ નોંધાવી છે. 23 એપ્રિલ, 2026 ના રોજ બપોરે તેઓ ખેતરેથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ગામની મધુવન ડેરી પાસે ચાર શખ્સોએ તેમને રોક્યા હતા.

આરોપીઓમાં જયંતીભાઈ ઉજાભાઈ પટેલ, અરવિંદજી વણવીરજી ઠાકોર, જયંતીભાઈ પરાગભાઈ પટેલ અને કાંતીભાઈ અમરાભાઈ પટેલનો સમાવેશ થાય છે. બોલાચાલી દરમિયાન, જયંતીભાઈ ઉજાભાઈ પટેલે ફતેસંગજીના જમણા હાથની આંગળી પર છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી, જ્યારે અન્ય ત્રણ આરોપીઓએ તેમને ગડદાપાટુનો માર માર્યો હતો.

બુમાબુમ થતાં ફરિયાદીના કાકાના દીકરા પ્રભાતજી ઠાકોર અને અન્ય લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ જોઈને આરોપીઓ ત્યાંથી નાસી ગયા હતા, પરંતુ જતા પહેલા તેમણે ફતેસંગજીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ફરિયાદ મુજબ, આરોપીઓ ડેરીમાં દૂધમાં ભેળસેળ અને ચોરી કરતા હતા, તેમજ ખોટા નામે દૂધ ભરાવી ગેરરીતિ આચરતા હતા. આ અંગે ફતેસંગજીએ પાટણ હાંસાપુર દૂધ સાગર ડેરીમાં લેખિત અરજી કરી હતી, જેની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. વાગડોદ પોલીસે આ મામલે બી.એન.એસ. કલમ 115(2), 118(1), 351(3), 54 અને જી.પી.એક્ટની કલમ 135 હેઠળ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ રોહિતભાઈ ફુલાભાઈને વધુ તપાસ સોંપી છે.

# પલસાણા વનવિભાગ સામે ગ્રામજનોનો રોષ

(એજન્સી) વાપી | તા 06

હું રાત્રિના સમયે મારી મોટરસાઈકલ લઈને ગામ તરફથી પસાર થઈ રહ્યો હતો. ગામના ભીમાડા ફળિયામાં રહેતો 20 વર્ષીય યુવક કરણ જમ્યા પછી ટાંકી પાસે ટહેલવા નીકળ્યો હતો. તે ફોન પર વાત કરવામાં એટલો મશગૂલ હતો કે રસ્તાની બાજુમાં આવેલી ઝાડી સુધી પહોંચી ગયો. અચાનક મારી બાઈકની હેડલાઈટ ઝાડી પર પડી અને મેં જોયું તો અંદર બે આંખો ચમકી રહી હતી. મને ખાતરી થઈ ગઈ કે આ દીપડો છે. દીપડો કરણથી માંડ 5 ફૂટ દૂર હતો અને તરાપ મારવાની ફિરાકમાં જ હતો. મેં એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર બાઈકનો અવાજ કર્યો અને હેડલાઈટ સીધી તે તરફ ફેરવી બાઈક કરણ પાસે હંકારી મૂક્યું.

લાઈટ અને અવાજથી ગભરાઈને દીપડો ભાગી ગયો અને કરણનો જીવ બચ્યો હતો. જે વિસ્તારમાં દીપડા રાત્રે માનવ વસ્તી તરફ દેખાતા હોય તો, રાત્રે એકલા નિકળવું હિતાવહ નથી. દરેક ખાસ ધ્યાન રાખવા જેવી બાબત છે.

# વાપીમાં જીઆઇડીસી અધિકારીના બંગલામાં ચોરી કરનાર જીજા-સાળી નાસિકથી ઝડપાયા

(એજન્સી) વાપી | તા 06

વાપી જીઆઇડીસી કચેરીના અધિકારીના બંગલામાં પ્રવેશી અંદરથી સોનાના દાગીનાની ચોરી કરી ફરાર બે આરોપીની એલસીબીએ ધરપકડ કરી તેઓ પાસેથી ફોર્ચ્યુનર કાર સહિત કુલ રૂ. 34 લાખથી વધુનો મુદ્દામાલ કબજે લઇ કાર્યવાહી હાથ ધરી છે. વાપી જીઆઇડીસી કચેરીમાં કાર્યપાલક ઈજનેર વર્ગ-1 તરીકે નોકરી કરતા દેવેન્દ્ર બેચરભાઈ સગર જીઆઇડીસી ગાર્ડન પાસે ઓફિસર્સ બંગલામાં



રહેતા હોય 20 એપ્રિલે તેઓ વતન સુરેન્દ્રનગર હતા ત્યારે બંગલામાંથી સોનાના દાગીનાની ચોરી થતા પોલીસ ફરિયાદ કરાઇ હતી. આ કેસમાં જિલ્લા એલસીબી પીઆઇ એ. યુ. રોઝ, જીઆઇડીસી પીઆઇ એસ. પી. ગોહિલ અને ટીમ સીસીટીવી અને ટેકનિકલ એનાલિસીસના આધારે તપાસ કરી રહી હતી. ત્યારે શંકાસ્પદ ઈસમોના ફોટોગ્રાફ મળી આવતા પીએસઆઇ જે. બી. ધનેશાને મળેલી બાતમીના આધારે આરોપી રાજુ દુર્યોધન કાળમેઘ ઉ.વ. 50 અને તેની સાળી મહિલા આરોપી સોનિયા શ્રીરામ પાટીલ ઉ.વ. 35 બંને રહે. ગ્રીનવેલી ફાર્મહાઉસ ગામ ધારણ તા. સીનર થાના વાવી જી. નાસિક મહારાષ્ટ્રને ધરનગાવ સિન્નર મહારાષ્ટ્ર ખાતે આવેલ ફાર્મ હાઉસથી પકડી પાડ્યા છે.

# રેન્જ રોવર SVની કિંમતમાં ₹75 લાખનો ઘટાડો

## સ્પોર્ટ્સ મૉડેલ પણ ₹40 લાખ સસ્તું થયું, ભારત-યુકે ટ્રેડ ડીલની અસર; જાણો નવી કિંમત



27 જાન્યુઆરીના રોજ PM મોદી, યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વૉન ડેર લેયેનની હાજરીમાં ભારત-EU FTA પર હસ્તાક્ષર થયા. યુરોપિયન યુનિયન (EU)ના વિદેશ નીતિ પ્રમુખ કાજા કાલાસ અને ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે 'ભારત-EU સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી' કરાર પર સહી કરી હતી.

(એજન્સી) નવી દિલ્હી | તા 06

જગુઆર લેન્ડ રોવર (JLR) ઈન્ડિયાએ બ્રિટનથી ઈમ્પોર્ટ થતી તેની સૌથી પ્રીમિયમ SUV 'રેન્જ રોવર SV'ની કિંમત 75 લાખ રૂપિયા ઘટાડી દીધી છે, જેના પછી હવે તેની એક્સ-શોરૂમ કિંમત 3.5 કરોડ રૂપિયા થઈ ગઈ છે. પહેલા તેની કિંમત 4.25 કરોડ રૂપિયા હતી. આ ઘટાડો ભારત અને બ્રિટન વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ લાગુ થતા પહેલા કરવામાં આવ્યો છે. કંપનીએ રેન્જ રોવર સ્પોર્ટ SV એડિશન ટુની કિંમતમાં પણ 40 લાખ રૂપિયાનો ઘટાડો કર્યો છે, જે હવે 2.35 કરોડ રૂપિયામાં મળશે. નવી કિંમતો તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવી છે. ભારત અને બ્રિટન વચ્ચે 24 જુલાઈ 2025ના રોજ વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ બ્રિટનથી સંપૂર્ણપણે બનીને આવતી (CBU) મોટી કારો પર આયાત ડ્યુટીને 110%થી ઘટાડીને પહેલા વર્ષમાં 30% કરી દેવામાં આવશે. 5મા વર્ષ સુધીમાં આ ડ્યુટી ઘટીને માત્ર 10% રહી જશે. આ નિયમ 3,000ccથી ઉપરના પેટ્રોલ અને 2,500ccથી ઉપરના ડીઝલ એન્જિનવાળા મૉડેલો પર લાગુ પડશે.

### 'ડિફેન્ડર' અને 'ડિસ્કવરી'ના ભાવ બદલાશે નહીં

કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે, ભારતમાં એસેમ્બલ (Locally Assembled) થતા મૉડલ્સ જેવા કે 'રેન્જ રોવર સ્ટાન્ડર્ડ', 'સ્પોર્ટ', 'ઈવોક' અને 'વેલાર'ની કિંમતોમાં કોઈ ફેરફાર થશે નહીં. આ ઉપરાંત 'ડિફેન્ડર' અને 'ડિસ્કવરી'ની કિંમતો પણ યથાવત રહેશે, કારણ કે તેમનું ઉત્પાદન સ્લોવાકિયામાં થાય છે અને તે ભારત-યુકે ટ્રેડ ડીલના દાયરામાં આવતા નથી. જોકે, કંપની ડિફેન્ડરની લોકલ એસેમ્બલી પર વિચાર કરી રહી છે.

### પાવરફુલ એન્જિન: 635hpની તાકાત જનરેટ કરે છે કાર

રેન્જ રોવરના આ બંને SV વેરિઅન્ટ્સમાં 4.4-લિટરનું ટ્વીન-ટર્બો V8 પેટ્રોલ એન્જિન આપવામાં આવ્યું છે. 'રેન્જ રોવર SV'માં આ એન્જિન 540hp ની પાવર આપે છે, જ્યારે 'રેન્જ રોવર સ્પોર્ટ SV'માં તે 635hp ની પાવર અને 800Nm નો ટોર્ક જનરેટ કરે છે.

## નાના ઉદ્યોગોને ₹100 કરોડ સુધીની ગેરંટી વિનાની લોન

# ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ એક વર્ષ માટે લંબાવાઈ; એરલાઈન્સ કંપનીઓને ₹1500 કરોડ સુધીની લોન

(એજન્સી) નવી દિલ્હી | તા 06

કેન્દ્રીય કેબિનેટે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ (ECLGS) 5.0 ને મંજૂરી આપી દીધી છે. આના દ્વારા નાના ઉદ્યોગો (MSMEs) 100 કરોડ સુધી અને એરલાઈન કંપનીઓ 1500 કરોડ સુધીની લોન લઈ શકશે. આ લોન કોઈ પણ ગેરંટી વગર મળશે. આ માટે સરકાર નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ (NCGTC) આ સ્કીમ હેઠળ બેંકો અને નાણાકીય સંસ્થાઓને 100% સુધીનું ક્રેડિટ ગેરંટી કવર આપશે. કેન્દ્રીય મંત્રી વૈષ્ણવે મંગળવારે મીટિંગ પછી જણાવ્યું કે આ નિર્ણય અમેરિકા-ઈરાન



વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે આવેલા નાણાકીય સંકટનો સામનો કરવા માટે લેવામાં આવ્યો છે. આનાથી કંપનીઓને બિઝનેસ ચાલુ રાખવામાં, નોકરીઓ બચાવવામાં અને સપ્લાય ચેઈનને મજબૂત બનાવવામાં મદદ મળશે. સરકાર સ્કીમ હેઠળ કુલ 2.55 લાખ કરોડ રૂપિયા આપશે, જેમાં એરલાઈન્સ માટે 5,000 કરોડ રૂપિયાની લોન રિઝર્વ રહેશે. જોકે, લોનની મર્યાદા અલગ-અલગ નક્કી કરવામાં આવી છે.

## ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ- શેરબજારમાં સ્પષ્ટ બેરિશ ટ્રેન્ડ જોવાયો

# વૈશ્વિક નબળાઈ અને વેચવાલીથી બજારમાં સાવચેતીનો માહોલ

(એજન્સી) નવી દિલ્હી | તા 06

આજના ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજારમાં સ્પષ્ટ બેરિશ ટ્રેન્ડ જોવા મળ્યો, જેમાં વ્યાપક વેચવાલી અને નેગેટિવ સેન્ટિમેન્ટ હાવી રહ્યો. શરૂઆતથી જ બજારમાં ગેપ-ડાઉન ઓપનિંગ જોવા મળી અને દિવસ દરમિયાન દરેક રિકવરી પર વેચવાલી જોવા મળી. વૈશ્વિક નબળાઈ, એફઆઈઆઈ વેચવાલી અને ટેકનિકલ બ્રેકડાઉનના કારણે બજાર દબાણ હેઠળ રહ્યું એકંદરે ઓવરઓલ સેન્ટિમેન્ટ વેચવાલી તરફ ઝુકેલું રહ્યું.

રાજ્યોની ચૂંટણીના પરિણામોની અસર સાથે ઈરાન-અમેરિકા યુદ્ધનો અંત લાવવા ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ડિલ શરતો પર વિચારણા કરવાનો અને ઈરાને પણ ન્યુક્લિયર મામલે અમેરિકાની શરતને સ્વિકારી લીધાના અહેવાલોએ યુદ્ધનો અંત આવવાની અપેક્ષાએ ફંડોએ આજે ફંડો, મહારથીઓ શેરોમાં વેચવાલી જોવા મળી હતા. શેરોમાં આરંભિક તોફાની તેજી બાદ ઉછાળે પ્રોફિટ બુકિંગ થતાં અડધોઅડધ ઉછાળો ઓસરતો જોવાયો હતો. હેલ્થકેર-ફાર્મા, કેપિટલ ગુડઝ-પાવર, મેટલ-માઈનીંગ, ઓટો શેરોમાં તેજી થઈ હતી. જ્યારે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ શેરોમાં વેચવાલી રહી હતી. શેરોમાં આજે ફરી સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના શેરોમાં ફંડોની ખરીદી થતાં બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન આજે ઘટાડો જોવા મળ્યો હતો.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ હોર્મુઝ સ્ટ્રેટમાં ફસાયેલા જહાજોને મુક્ત કરવાનો પ્રયાસ શરૂ કરશે તે પછી હવે તે ચિંતાઓ થોડી ઓછી થઈ છે. ટ્રમ્પે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટને મુક્ત કરવાનો પ્રયાસ એક 'માનવતાવાદી સંકેત' હતો જેનો હેતુ ફક્ત એવા તટસ્થ દેશોને મદદ કરવાનો હતો જે ઈરાન પર યુએસ-ઈઝરાયલ યુદ્ધમાં સામેલ ન હતા.

સેન્સેક્સમાં આજે ભારે ઘટાડો જોવા મળ્યો, જેમાં ઈન્ડેક્સે મહત્વપૂર્ણ સપોર્ટ લેવલ તોડી નાખ્યા. બેંકિંગ અને હેવીવેઈટ સ્ટોક્સમાં વેચવાલી મુખ્ય કારણ રહી. દિવસ દરમિયાન નાના ઉછાળા છતાં અંતે ઈન્ડેક્સ નબળાઈ સાથે બંધ રહ્યો.

## કિરણ મઝુમદાર શૉએ બાયોકોનના ઉત્તરાધિકારીની કરી જાહેરાત

(એજન્સી) અમદાવાદ | તા 06

બાયોકોનના સ્થાપક કિરણ મઝુમદાર-શૉએ અંદાજિત 60 હજાર કરોડ રૂપિયાની માર્કેટ કેપ ધરાવતી આ કંપનીની કમાન યુવા પેઢીને સોંપવાની તૈયારી કરી લીધી છે. તેમણે સત્તાવાર રીતે તેમની ભત્રીજી ક્લેર મઝુમદાર (Claire Mazumdar)ને તેમના ઉત્તરાધિકારી તરીકે નામિત કર્યા છે. હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે બાયોકોન જેવી દેશની બાયોફાર્મા કંપનીની કમાન ફરી એકવાર મહિલાના હાથમાં જ રહેશે. મહત્ત્વનું છે કે કિરણ મઝુમદાર છેલ્લા 48 વર્ષોથી કંપનીની કમાન સંભાળી રહ્યા છે.

# શ્યામ ધની ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે શ્યામ કિચન સ્પાઈસિસને એક નવા અવતારમાં લોન્ચ કર્યું; પ્રીતિ ઝિન્ટાને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી

(એજન્સી) જયપુર | તા 06

શ્યામ ધની ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે (NSE - SHYAMDHANI) (કંપની) શ્યામ કિચન સ્પાઈસીસની તેની નવી શ્રેણીના લોન્ચની જાહેરાત કરી છે, જે સમગ્ર ભારતમાં તેની ઉપસ્થિતિને વિસ્તૃત કરવાની તેની સફરમાં એક મહત્વપૂર્ણ પગલું છે. કંપનીનો ઉદ્દેશ્ય એક માળખાગત અને તબક્કાવાર બજાર વિસ્તરણના માધ્યમથી તેની પ્રોડક્ટ્સને સમગ્ર દેશના ઘરો સુધી પહોંચાડવાનો છે, જેને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પ્રીતિ ઝિન્ટાના જોડાવાથી વધુ બળ મળશે. કંપનીની સ્થાપના 2010માં થઈ હતી અને 2024માં એક પબ્લિક લિમિટેડ એકમમાં પરિવર્તિત થઈ હતી, ત્યારબાદ ડિસેમ્બર 2025માં એનએસઈ પર તેની લિસ્ટિંગ થઈ હતી. વિકાસના વર્તમાન તબક્કામાં ગ્રાહકોને યાદ અપાવવા અને બજારમાં પ્રવેશને મજબૂત બનાવવા માટે બ્રાન્ડિંગ અને માર્કેટિંગમાં કેન્દ્રિત રોકાણનો સમાવેશ થાય છે.તેની વિસ્તરણ વ્યૂહરચનાના ભાગ રૂપે, કંપનીએ 12 રાજ્યોમાં બજાર સર્વેક્ષણ હાથ ધર્યું છે અને આગામી છ મહિનામાં આ પ્રદેશોમાં માર્કેટિંગ પ્રવૃત્તિઓ શરૂ કરવાની યોજના ધરાવે છે. તેની વિસ્તરણ યોજનાઓને ટેકો આપવા માટે તેણે ઉત્તરપૂર્વીય ક્ષેત્ર સહિત મુખ્ય બજારોમાં સુપર સ્ટોકિસ્ટ અને સેલ્સ ટીમો સહિત ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક પણ સ્થાપિત કર્યું છે.કંપનીએ નવેમ્બર 2024માં લોન્ચ કરાયેલા આઈપીએમ-ક્વાલિટી પ્રોડક્ટ્સ રજૂ કરી છે, જેને જંતુનાશકોના સંપર્કમાં ઘટાડો અને ઉત્પાદન ગુણવત્તામાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાને કારણે બજારમાં જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. આ ઉપરાંત, સતત સોર્સિંગ, ખેડૂતો માટે વાજબી ભાવ નિર્ધારણ અને પ્રોડક્ટ સ્ટાન્ડર્ડમાં વધારાને ખાતરીબદ્ધ કરવા માટે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ પહેલ અમલમાં મૂકવામાં આવી છે, જેથી અંતિમ ગ્રાહકોને તેનો લાભ મળી રહ્યો છે.તેની કાર્યકારી ક્ષમતાઓને વધુ મજબૂત બનાવતા, કંપનીએ રાજસ્થાનમાં એડવાન્સ્ડ મશીનરીથી સજ્જ એક આધુનિક મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપી છે.ક્વાલિટી, સર્વિસ અને આરોગ્ય-સભાન ઓફરિંગ પર સતત ભાર મૂકીને, કંપની આગામી કેટલાક વર્ષોમાં 1,000 કરોડના ટર્નઓવરનું લક્ષ્ય ધરાવે છે, જે તેના વિસ્તરતા પ્રોડક્ટ પોર્ટફોલિયો અને વધતી જતી વિતરણ પહોંચને કારણે છે. આ ડેવલપમેન્ટ વિશે, શ્યામ ધની ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી રામાવતાર અગ્રવાલે જણાવ્યું, "આ લોન્ચ શ્યામ કિચન સ્પાઈસીસને સમગ્ર ભારતમાં એક વિશ્વસનીય પારિવારિક બ્રાન્ડ તરીકે મજબૂત બનાવવાની અમારી સફરમાં એક મહત્વપૂર્ણ પડાવ છે. અમારૂં લક્ષ્ય શ્યામ કિચન સ્પાઈસિસને દરેક ઘર સુધી પહોંચાડવાનું છે.

# પૂરતા બફર સ્ટોકને કારણે કઠોળના બજાર ભાવ MSP કરતા પણ નીચે

(એજન્સી) અમદાવાદ | તા 06

ભાવ સહાય યોજના દ્વારા બજારમાં સરકારના હસ્તક્ષેપ છતાં, મોટાભાગના કઠોળના બજાર ભાવ હાલમાં લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) કરતા નીચે છે, જેનું મુખ્ય કારણ મજબૂત પાક અને પૂરતા બફર સ્ટોક છે, એમ વેપાર સૂત્રોએ જણાવ્યું હતું. તુવેર, ચણા, અડદ, મસુર અને મગ - કઠોળના બજાર ભાવ હાલમાં એમએસપી કરતા ૪ ટકા થી ૧૪ ટકા નીચે છે.

ચણા, જે કઠોળ ઉત્પાદનમાં લગભગ ૫૦% હિસ્સો ધરાવે છે, તેનો બજાર ભાવ હાલમાં સિઝન માટે રૂ. ૫૮૭૫/ક્વિન્ટલના એમએસપી સામે રૂ. ૫૨૦૦/ક્વિન્ટલ છે. તુવેરના ભાવ બેન્ચમાર્ક ભાવથી લગભગ ૬% નીચે છે. મસુર અને અડદના ભાવ હાલમાં અનુક્રમે રૂ. ૬૨૦૦/ક્વિન્ટલ અને રૂ. ૭૫૦૦/ક્વિન્ટલ છે, જે એમએસપી કરતાં ૧૧% અને ૪% નીચે છે.

કેટલાક કઠોળ હાલમાં ટોચની આવક અને ધીમી માંગને કારણે એમએસપી કરતાં નીચે ટ્રેડ થઈ રહ્યા છે. જ્યારે એમએસપી એક મુખ્ય માપદંડ છે, ત્યારે બજારના ભાવ ગુણવત્તા અને વાસ્તવિક સમયની ખરીદીને પ્રતિબિંબિત કરે છે.

ભાવમાં નરમાઈ ચક્રીય દેખાય છે અને આવક ઘટતાં ઘટાડો થવો જોઈએ.

# ચોથા ક્વાર્ટરમાં PNBનો નફો 14% વધીને ₹5,225 કરોડ

## ₹3 ડિવિડન્ડની જાહેરાત, વ્યાજમાંથી થતી કમાણી 4% ઘટી; NPAમાં સુધારો

(એજન્સી) નવી દિલ્હી | તા 06

પંજાબ નેશનલ બેંક (PNB) એ 5 મેના રોજ નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. બેંકનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 14% વધીને 5,225 કરોડ થયો છે, જે ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં 4,567 કરોડ હતો. જ્યારે પાછલા ક્વાર્ટરમાં તે 5,100 કરોડ હતો.

સમગ્ર નાણાકીય વર્ષ એટલે કે 2025-26 માં PNBનો નફો 1.64% વધીને 16904 કરોડ થયો. એક વર્ષ પહેલા એટલે કે નાણાકીય વર્ષ 2024-2025 માં બેંકનો નફો 16630 કરોડ રહ્યો હતો.



બેંકે પરિણામોની સાથે નાણાકીય વર્ષ 2026 માટે શેર દીઠ 3 ના ડિવિડન્ડની ભલામણ કરી છે. આ 2 ની ફેસ વેલ્યુવાળા શેર પર 150% નું ચુકવણું છે. આ અંગેનો અંતિમ નિર્ણય આગામી વાર્ષિક સામાન્ય સભા (AGM) માં શેરધારકોની મંજૂરી બાદ લેવામાં આવશે.

બેંકની ચોખ્ખી વ્યાજ આવક (NII) માં આ વખતે ઘટાડો થયો છે. વાર્ષિક ધોરણે તે 4% ઘટીને 10,380 કરોડ પર આવી ગઈ છે, જે ગયા વર્ષે 10,757 કરોડ હતી.

બેંકે આ ક્વાર્ટરમાં 424 કરોડની જોગવાઈ કરી છે. આ પાછલા ક્વાર્ટર (1,150 કરોડ) કરતાં ઓછું છે, પરંતુ ગયા વર્ષના સમાન સમયગાળા (360 કરોડ) કરતાં વધુ છે.

PNBનો ગ્લોબલ બિઝનેસ વાર્ષિક ધોરણે 11% વધીને 29.72 લાખ કરોડ થયો છે. જ્યારે, ઘરેલું બિઝનેસમાં લગભગ 10% ની વૃદ્ધિ રહી અને તે 28.45 લાખ કરોડ પર પહોંચી ગયો. બેંકના ગ્લોબલ ડિપોઝિટમાં 9.25%નો વધારો નોંધાયો છે અને તે 17.11 લાખ કરોડ રહ્યો. એડવાન્સની વાત કરીએ તો તેમાં 13% નો વધારો થયો અને તે 12.61 લાખ કરોડ રહ્યો.

પરિણામો પછી PNB નો શેર 0.63% ઘટીને 108 રૂપિયા પર બંધ થયો. 6 મહિનામાં શેર 10% ઘટ્યો છે. જ્યારે એક વર્ષમાં તેમાં 14% થી વધુનો ઉછાળો આવ્યો છે.

# LNG આયાત બાસ્કેટમાંથી કતાર તેમજ UAE બહાર નીકળી ગયા

(એજન્સી) અમદાવાદ | તા 06

એપ્રિલ ૨૦૨૬ માં ભારતના એલએનજી સોર્સિંગમાં તીવ્ર ફેરફાર થયો કારણ કે કતાર અને યુએઈ મુખ્ય લાંબા ગાળાના સપ્લાયર્સ આયાત બાસ્કેટમાંથી બહાર નીકળી ગયા છે, જ્યારે ઓમાન, નાઈજીરીયા અને અંગોલાએ શિપમેન્ટમાં તીવ્ર વધારો કર્યો, જે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા વિક્ષેપોને કારણે થયેલા મોટા પુનઃસંકલનને પ્રતિબિંબિત કરે છે.

કેપ્લરના ડેટા અનુસાર, કતારનો પુરવઠો જાન્યુઆરીમાં ૧.૦૫૫ મિલિયન ટનથી ઘટીને ફેબ્રુઆરીમાં ૭૬૫,૦૦૦ ટન અને માર્ચમાં માત્ર ૬૦,૦૦૦ ટન થઈ ગયો, જે એપ્રિલમાં શૂન્ય થઈ ગયો હતો, જે ત્રણ મહિનામાં ૧૦૦% ઘટાડો દર્શાવે છે. એ જ રીતે, યુએઈ શિપમેન્ટ જાન્યુઆરીમાં ૪૦૩,૦૦૦ ટનથી ઘટીને માર્ચમાં ૧૩૧,૦૦૦ ટન અને એપ્રિલમાં શૂન્ય થઈ ગયું હતું.

પરંપરાગત સપ્લાયર્સ ઘટતા, ઓમાન એપ્રિલમાં ૫૮૫,૦૦૦ ટન સાથે સૌથી મોટો એલએનજી સપ્લાયર તરીકે ઉભરી આવ્યો હતો, જે જાન્યુઆરીમાં ૨૨૨,૦૦૦ ટન હતો, જે ૧૬૦% થી વધુનો ઉછાળો છે.

## ટકાઉપણાનો સંગમ જ્યારે કિફાયતીપણા સાથે થાય છે

# itel A100C ન્યૂનું 8K હેઠળ લશ્કરી કક્ષાના ટકાઉપણું સાથે પદાર્પણ

(એજન્સી) નવી દિલ્હી | તા 06

ભારતની અગ્રણી ટેક બ્રાન્ડ્સમાંની એક, itelએ તાજેતરમાં બ્લોકબસ્ટર અને ડિઝાઈનર A100C ન્યૂ સ્માર્ટફોન લોન્ચ કર્યો છે. દરેકનું ધ્યાન દોરતી ડિઝાઈન સાથે તે ટકાઉપણું અને કિફાયતીપણાની ચેમ્પિયન છે. A100C ન્યૂ સ્માર્ટફોન લશ્કરી કક્ષાના સર્ટિફિકેશન (MIL-STD-810H)થી સમૃદ્ધ છે, જે વપરાશકર્તાઓને અજેય ટકાઉપણું અને માનસિક શાંતિ પ્રદાન કરે છે. A100C ન્યૂ સ્માર્ટફોન 2+4*GB RAM અને 64GB ROMમાં ઉપલબ્ધ છે. 15 કરોડથી વધુ ગ્રાહકોનો આધાર, 1.3 લાખથી વધુ રિટેઈલ આઉટલેટ્સ અને 1000+ સર્વિસ સેન્ટર્સમાં છૂટક હાજરી સાથે, itel ભારતની સૌથી વિશ્વસનીય બ્રાન્ડ્સમાંની એક છે. CMR ડ્યુરેબિલિટી ઈન્ડેક્સ રિપોર્ટ 2026 મુજબ, itel 10K હેઠળ સૌથી ટકાઉ અને વિશ્વસનીય મોબાઈલ બ્રાન્ડ છે.




માત્ર રૂ. 7999માં આકર્ષક કિંમતે, તે સમગ્ર ભારતમાં રિટેઈલ સ્ટોર્સમાં સિલ્ક ગ્રીન, ટાઈટેનિયમ ગોલ્ડ અને પ્યોર બ્લેક જેવા આકર્ષક રંગોમાં ઉપલબ્ધ છે. લૉન્ચ પર ટિપ્પણી કરતાં, itel ઈન્ડિયાના CEO શ્રી અરિજિત તલાપાત્રાએ જણાવ્યું હતું કે, "પોસાય તેવી ક્ષમતા એ એક સેતુ છે જે લોકો સુધી નવીનતા પહોંચાડે છે. A100C ન્યૂ ટકાઉપણું અને પોસાય તેવી ક્ષમતાના અસાધારણ મિશ્રણ તરીકે અલગ તરી આવે છે, મૂલ્ય સાથે સમાધાન કર્યા વિના વિશ્વસનીય કામગીરી પ્રદાન કરે છે. વૈશ્વિક સ્તરે મેમરી કિંમતોમાં વધારો થવા છતાં, અમે ખાતરી કરી છે કે અમારાં ઉત્પાદનો ભારતના લાખો લોકો માટે પોસાય તેવા રહે." itel A100C ન્યૂના હાર્દમાં એક અદભુત 6.6-ઈંચ 90Hz HD+ ડિસ્પ્લે છે, જે ઈમર્સિવ DTS-સંચાલિત સાઉન્ડ ટેકનોલોજી દ્વારા પૂરક છે - જે વાઈબ્રન્ટ રંગો, સ્પષ્ટ સ્પષ્ટતા અને અતિ-સરળ દ્રશ્યો સાથે મોહિત કરવા માટે રચાયો છે.

# IPhO 2026: એલન ગુજરાતનો સ્વરિત જોશી ભારતનું પ્રતિનિધિત્વ કરશે

(એજન્સી) અમદાવાદ | તા 06

આંતરરાષ્ટ્રીય સ્તરે એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ ફરી એકવાર પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. એલન અમદાવાદના સેન્ટર હેડ પંકજ બાલ્દીએ જણાવ્યું હતું કે, 56મા ઈન્ટરનેશનલ ફિઝિક્સ ઓલિમ્પિયાડ (IPhO) 2026 માટે જાહેર કરાયેલી પાંચ સભ્યોની ભારતીય ટીમમાં એલન અમદાવાદનો વિદ્યાર્થી સ્વરિત જોશી પણ સામેલ છે. 56મું IPhO ફાઈનલ 4 જુલાઈ થી 12 જુલાઈ 2026 દરમિયાન બુકરામાંગા, કોલંબિયા ખાતે યોજાશે, જેમાં વિશ્વભરના પ્રતિભાશાળી યુવા વૈજ્ઞાનિકો ભાગ લેશે. બાલ્દીએ જણાવ્યું કે પાંચ સભ્યોની ભારતીય ટીમમાં ચાર સભ્યો એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટના છે, જેમાંથી એક અમદાવાદનો સ્વરિત છે. એલનમાંથી પસંદ થયેલા વિદ્યાર્થીઓમાં કનિષ્ક જૈન, રિદ્ધેશ બેન્ડાલે, રિશિત ગર્ગ અને સ્વરિત જોશીનો સમાવેશ થાય છે. આ તમામ એલનના રેગ્યુલર ક્લાસરૂમ વિદ્યાર્થીઓ છે. સ્વરિત ધોરણ 11 માં છે અને અન્ય વિદ્યાર્થીઓ ધોરણ 12 માં છે. સ્વરિત ધોરણ 6 થી એલન અમદાવાદમાં રેગ્યુલર ક્લાસરૂમ વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી રહ્યો છે.IPhO પસંદગી પ્રક્રિયા ચાર તબક્કામાં પૂર્ણ થાય છે. પ્રથમ તબક્કા નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન ઈન ફિઝિક્સ (NSEP) માં એલનના 138 વિદ્યાર્થીઓ બીજા તબક્કા માટે પસંદ થયા હતા. ત્યારબાદ બીજા તબક્કા ઈન્ડિયન નેશનલ ફિઝિક્સ ઓલિમ્પિયાડ (INPhO) માં એલનના 20 વિદ્યાર્થીઓએ ત્રીજા તબક્કા ઓરિએન્ટેશન-કમ-સિલેક્શન કેમ્પ (OCSC) માં સ્થાન મેળવ્યું હતું, જ્યાં પાંચ સભ્યોની ભારતીય ટીમની પસંદગી કરવામાં આવી હતી, જેમાંથી ચાર વિદ્યાર્થીઓ એલન ઈન્સ્ટિટ્યૂટના છે.

## સોનું ₹3 હજાર વધીને ₹1.51 લાખ પર પહોંચ્યું

# આ વર્ષે ₹18 હજાર મોંઘુ થયું, ચાંદી આજે ₹6 હજાર વધીને ₹2.46 લાખ પ્રતિ કિલોએ પહોંચી

(એજન્સી) નવી દિલ્હી | તા 06

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 6 મેના રોજ વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 3 હજાર રૂપિયા વધીને 1.51 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તે 1.48 લાખ રૂપિયા પર હતું.

જ્યારે એક કિલો ચાંદી 6 હજાર રૂપિયા વધીને 2.46 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

આ પહેલા તે 2.40 લાખ રૂપિયા પર હતી. 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો.



2026માં સોનું અત્યાર સુધીમાં 18 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.51 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

આ વર્ષે ચાંદી 16 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025 ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.46 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

# ટીવીએસ મોટર કંપનીએ તેના ટીવીએસ iQube પોર્ટફોલિયોને નવા S 4.7 kWh વેરિઅન્ટ સાથે વધુ મજબૂત બનાવ્યો

(એજન્સી) બેંગાલુરુ | તા 06

ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર સેગમેન્ટમાં વૈશ્વિક સ્તરે અગ્રણી ટીવીએસ મોટર કંપની (ટીવીએસએમ) એ આજે ટીવીએસ iQube S 4.7 kWh લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે ભારતના સૌથી પસંદગીના ફેમિલી ઈલેક્ટ્રિક વાહન (ઈવી) માં નવો ઉમેરો છે. 9 લાખથી વધુ ભારતીય પરિવારોનો વિશ્વાસ મેળવનાર ટીવીએસ iQube એ ભારતમાં




ઈલેક્ટ્રિક મોબિલિટી અપનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ટીવીએસ iQube S 4.7 kWhની કિંમત રૂ. 1,37,142 (દિલ્હી એક્સ-શોરૂમ મુજબની અસરકારક કિંમત, કેન્દ્ર અને રાજ્યની સબસિડી સહિત) છે અને તે આઈડીસી પ્રમાણિત 175 કિમીની રેન્જ આપે છે. નવા કલર વિકલ્પો સાથે, આ મોડલ પરિવારોને વધુ સરળતા અને વિશ્વાસ સાથે લાંબી મુસાફરી કરવાની સગવડ આપે છે.દૈનિક ઉપયોગને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરાયેલ આ નવા મોડલમાં મોટી બેટરી આપવામાં આવી છે, જે રાઈડર્સને રોજિંદી મુસાફરી ઉપરાંત લાંબી અને અચાનક યોજાયેલી મુસાફરીઓ પણ વધુ આત્મવિશ્વાસ સાથે કરવા સક્ષમ બનાવે છે. વધારેલી રેન્જ સાથે બે નવા કલર વિકલ્પો મેગ્નિફિસન્સ પર્પલ બેઝ અને હાર્લેક્વિન બ્લુ બેઝ સાથે ટાઈટેનિયમ ગ્રે મેટ પણ ઉપલબ્ધ છે, જે ગ્રાહકો માટે વધુ વિકલ્પો પ્રદાન કરે છે. ગ્રાહકોની જરૂરિયાતોને ઊંડાણપૂર્વક સમજીને પોતાની પ્રોડક્ટ્સને સતત સુધારવાની ટીવીએસ મોટરની પ્રતિબદ્ધતા મુજબ, ટીવીએસ iQube S ને હવે 4.7 kWh સુધી અપગ્રેડ કરવામાં આવ્યું છે, જે વધુ બેટરી ક્ષમતા સાથે પણ જાણીતા અને વિશ્વસનીય રાઈડિંગ અનુભવને જાળવી રાખે છે.

# વાહનોનું રિટેલ વેચાણ 13 ટકા વધી 26.11 લાખ

(એજન્સી) મુંબઈ | તા 06

ઓટો રિટેલ વેચાણની દ્રષ્ટિએ નાણાં વર્ષ ૨૦૨૬-૨૭નો પ્રારંભ પ્રોત્સાહક રહ્યો છે. નાણાં વર્ષના પ્રથમ જ મહિના એપ્રિલમાં ઓટો રિટેલ વેચાણ આંક ૧૩ ટકા જેટલો વધી ૨૬,૧૧,૩૧૭ વાહનો રહ્યો છે જે ગયા વર્ષના એપ્રિલમાં ૨૩,૧૨,૨૨૧ રહ્યો છે.

ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા) દ્વારા જારી કરાયેલા અહેવાલ પ્રમાણે ઓટો વેચાણમાં ઊતારૂ વાહનોનો રિટેલ વેચાણ આંક વાર્ષિક ધોરણે ૧૨.૨૧ વધી ૪,૦૭,૩૫૫ રહ્યો છે જે ગયા વર્ષના એપ્રિલમાં ૩,૬૩,૦૨૮ રહ્યો હતો.

ટુ વ્હીલર્સના વેચાણમાં ૧૩ ટકા વધારો રહીને ૧૯,૧૬,૨૫૮ એકમ રહ્યો છે.

રિટેલ વેચાણની દ્રષ્ટિએ એપ્રિલ મહિનો ટુ વ્હીલર્સ માટે અત્યારસુધીનો શ્રેષ્ઠ મહિનો રહ્યો છે.

ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં ઘટાડા , રિઝર્વ બેન્ક દ્વારા નીચા વ્યાજ દર, રવી મોસમ બાદ ગ્રામ્ય સ્તરે મજબૂત કેશ ફલો તથા લગ્નસરાની મોસમને પગલે એપ્રિલમાં વાહનોના રિટેલ વેચાણમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે એમ ફાડા દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું.



# કિયારાએ યશ સાથેના બોલ્ડ રોમેન્ટિક સીન્સ હટાવવાની માંગ કરી?

## 'ટોક્સિક' ફિલ્મને લઈ ચર્ચાઓએ જોર પકડ્યું, એક્ટ્રેસે સ્પષ્ટતા કરી

(એજન્સી) મુંબઈ | તા.06

KGF સ્ટાર યશની આગામી ફિલ્મ 'ટોક્સિક'માં બોલિવૂડ એક્ટ્રેસ કિયારા અડવાણી મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. તાજેતરમાં ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે, કિયારાએ યશ સાથેના કેટલાક રોમેન્ટિક અને બોલ્ડ સીન્સને ટૂંકા કરવા અથવા દૂર કરવાની માંગ કરી છે. આ ચર્ચાઓએ જોર પકડતા એક્ટ્રેસે સ્પષ્ટતા કરી છે. તેણે આ ચર્ચાઓને ખોટી ગણાવીને છે.

એવો પણ દાવો કરવામાં આવી રહ્યો હતો કે, કિયારાએ યશ સાથે એક 'બોલ્ડ રોમેન્ટિક સિક્વન્સ' શૂટ કર્યો હતો. ફાઈનલ આઉટપુટ જોયા પછી, કિયારા અસ્વસ્થ થઈ ગઈ અને તેણે મેકર્સને તેને ટ્રિમ કરવાની વિનંતી કરી. હવે કિયારાએ સોશિયલ મીડિયા પર આવી જ પોસ્ટને રી-શેર કરતા લખ્યું, 'બિલકુલ બકવાસ'.

ફિલ્મમાં યશનો ડબલ રોલ ગીતુ મોહનદાસના ડિરેક્શનમાં બની રહેલી આ ફિલ્મમાં યશ 'રાયા' અને 'ટિકટ' નામના બે અલગ-અલગ પાત્રો (ડબલ રોલ)માં જોવા મળશે. ફિલ્મમાં કિયારા અડવાણીના પાત્રનું નામ 'નાદિયા' છે. આ ગેંગસ્ટર ડ્રામામાં નયનતારા, હુમા કુરેશી, તારા સુતારિયા અને રુક્મિણી વસંત જેવા સ્ટાર્સ પણ મહત્વની ભૂમિકાઓમાં છે.

ફિલ્મની રિલીઝ ડેટ વારંવાર ટળી રહી છે રિલીઝની વાત કરીએ તો 'ટોક્સિક'ના દર્શકોને લાંબી રાહ જોવી પડી રહી છે. ફિલ્મ પહેલા 10 એપ્રિલ 2025 ના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ તેને વધારીને 2026 કરી દેવામાં આવી. ત્યારબાદ 19 માર્ચ 2026 ની તારીખ સામે આવી, જેને પશ્ચિમ એશિયાની પરિસ્થિતિઓ અને ફિલ્મ 'ધુરંધર 2' સાથેના ક્લેશથી બચવા માટે ફરીથી ટાળી દેવામાં આવી. લેટેસ્ટ અપડેટ મુજબ, ફિલ્મ હવે 4 જૂન 2026 ના રોજ પણ રિલીઝ થઈ રહી નથી. મેકર્સ ટૂંક સમયમાં નવી ફાઈનલ ડેટની જાહેરાત કરી શકે છે.



# મમતા દીદીની હાર પર ગોપી વહુ ખુશ...!

## બંગાળ ચૂંટણી પર દેવોલીના ભટ્ટાચાર્જીએ કહ્યું, 'હું તેમને સૌથી વધુ નફરત કરું છું, હવે ખરાબ સપનું પૂરું થયું'

(એજન્સી) મુંબઈ | તા.06

'સાથ નિભાના સાથિયા'માં ગોપી વહુના નામથી ફેમસ દેવોલીના ભટ્ટાચાર્જીએ પશ્ચિમ બંગાળના ચૂંટણી પરિણામો આવ્યા પછી પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી પર કટાક્ષ કર્યો છે. દેવોલીનાએ સોશિયલ મીડિયા પર ખુશી વ્યક્ત કરી કે, બંગાળમાં હવે પરિવર્તન આવી ગયું છે.

બંગાળની વતની એક્ટ્રેસે મમતા બેનર્જીની હાર પર ખુશી વ્યક્ત કરતા તેમને પ્રદેશ માટે એક 'ખરાબ સપનું' ગણાવ્યા છે. દેવોલીનાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખીને સ્પષ્ટ કહ્યું કે, 'જો હું કોઈ રાજનેતાથી સૌથી વધુ નફરત કરતી હોવ, તો તે મમતા બેનર્જી જ છે.'

દેવોલીનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર લખ્યું કે, 'બંગાળે છેલ્લા ઘણા વર્ષોમાં સૌથી ખરાબ સમય જોયો છે. જો મેં ક્યારેય કોઈ રાજનેતાને નફરત કરી હોય, તો તે આ જ છે. આરજી (રાહુલ ગાંધી) અને તેમની ગેંગ કરતાં પણ વધારે.'

એક્ટ્રેસનું માનવું છે કે, 'બંગાળમાં બદલાવની સખત જરૂર હતી અને હવે જઈને જનતાને રાહત મળી છે.' તેણે મમતા અને તેની ટીમને સીધા 'ટાટા' કહી દીધું.

પોતાની પોસ્ટમાં દેવોલીનાએ રાહુલ ગાંધીનો પણ ઉલ્લેખ કર્યો. તેણે કટાક્ષ કરતા કહ્યું કે, 'ખરેખરમાં મને લાગે છે કે, આરજી એક સારા માણસ છે અને તેમનો સેન્સ ઓફ હ્યુમર પણ કમાલનો છે, જે કેન્દ્ર સરકાર માટે હંમેશા ફાયદાકારક સાબિત થાય છે.' જોકે, મમતા બેનર્જીના મામલે તેણે કડક વલણ અપનાવતા કહ્યું કે, 'હવે તેઓ બંગાળની રાજનીતિમાં ક્યારેય દેખાશે નહીં.'

દેવોલીનાએ પોતાની ટ્વીટના અંતમાં બંગાળી ભાષાનો ઉપયોગ કરતા લખ્યું કે, 'હવે બંગાળમાં કોઈ 'રુમ્બા તુમ્બા ઝુમ્બા' નહીં ચાલે.' તેણે લખ્યું, 'પલટાનો દોરકર ચિલો સો પાલતે ગેઈચે (બદલાવની જરૂર હતી અને તે થઈ ગયો). હવે બંગાળમાં ફક્ત ઢિંકા ચિકા, ઢિંકા ચિકા થશે.'

હાલમાં દેવોલીના નાના પડદાથી દૂર છે અને પોતાના પરિવાર સાથે સમય વિતાવી રહી છે. તેણે ડિસેમ્બર 2022માં શાહનવાઝ શેખ સાથે લગ્ન કર્યાં હતાં અને ડિસેમ્બર 2024માં તેણે એક દીકરાને જન્મ આપ્યો, જેનું નામ જોય રાખ્યું છે. દેવોલીના 'સાથ નિભાના સાથિયા' ઉપરાંત 'બિગ બોસ' જેવા મોટા શોનો ભાગ રહી ચૂકી છે.






# 'રાજા શિવાજી'નો બોક્સ ઓફિસ પર દબદબો...

## ₹50 કરોડથી વધુ કમાણી કરી ટોપ-5 મરાઠી ફિલ્મોમાં સામેલ; મહારાષ્ટ્રમાં ટેક્સ-ફ્રી કરવા માંગ

(એજન્સી) મુંબઈ | તા.06

રિતેશ દેશમુખના ડિરેક્શનમાં બનેલી ફિલ્મ 'રાજા શિવાજી'એ બોક્સ ઓફિસ પર 50 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. છત્રપતિ શિવાજી મહારાજના જીવન પર આધારિત આ ફિલ્મને મરાઠી અને હિન્દી, બંને ભાષાઓમાં રિલીઝ કરવામાં આવી હતી.

જોકે, રિલીઝના પાંચમા દિવસે (મંગળવારે) ફિલ્મના કલેક્શનમાં થોડો ઘટાડો જોવા મળ્યો. સેકનિલ્ક (ટ્રેડ એનાલિસિસ વેબસાઈટ)ના રિપોર્ટ અનુસાર, મંગળવારે ફિલ્મે મરાઠી વર્ઝનમાં લગભગ 3.35 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું. આ સોમવારની સરખામણીમાં લગભગ 20.4% ઓછું છે. ફિલ્મના અત્યાર સુધીના કુલ નેટ કલેક્શનની વાત કરીએ તો, તે 44 કરોડ રૂપિયા થઈ ગયું છે. આમાં મરાઠી વર્ઝનનું યોગદાન સૌથી વધુ 30.5 કરોડ રૂપિયા છે.

વર્ડ-ઓફ-માઉથનો મળી રહ્યો છે ફાયદો ફિલ્મનું ઈન્ડિયા ગ્રોસ કલેક્શન હવે 52.68 કરોડ રૂપિયાને પાર પહોંચી ગયું છે. હિન્દી વર્ઝનની શરૂઆત મરાઠીની સરખામણીમાં થોડી ધીમી રહી હતી, પરંતુ રિવ્યુ અને વર્ડ-ઓફ-માઉથને કારણે હિન્દી બેલ્ટમાં પણ ફિલ્મની કમાણી વધી રહી છે. આ કલેક્શન સાથે જ 'રાજા શિવાજી' અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ટોપ-5 મરાઠી ફિલ્મોની યાદીમાં સામેલ થઈ ગઈ છે.

મહારાષ્ટ્રમાં ટેક્સ-ફ્રી કરવાની માંગ ફિલ્મની સફળતા વચ્ચે શિવસેના (UBT) નેતા અંબાદાસ દાનવેએ તેને મહારાષ્ટ્રમાં ટેક્સ-ફ્રી કરવાની માંગ ઉઠાવી છે. દાનવેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને કહ્યું છે કે, 'આ ફિલ્મ શિવાજી મહારાજના મહાન કાર્યોને યુવાનો અને જનતા સુધી પહોંચાડે છે.' તેમણે માંગ કરી કે, 'ફિલ્મને ટેક્સ-ફ્રી કરવામાં આવે, જેથી ટિકિટ સસ્તી થાય અને વધુને વધુ લોકો તેને સિનેમાઘરોમાં જઈને જોઈ શકે.' ફિલ્મમાં મોટી સ્ટારકાસ્ટ 1 મેના રોજ રિલીઝ થયેલી આ ફિલ્મમાં રિતેશ દેશમુખે માત્ર મુખ્ય ભૂમિકા જ નથી ભજવી, પરંતુ તેનું ડિરેક્શન પણ પોતે જ કર્યું છે.

ફિલ્મમાં સંજય દત્ત, અભિષેક બચ્ચન, વિદ્યા બાલન, ભાગ્યશ્રી અને જેનેલિયા દેશમુખ જેવા મોટા સિતારાઓ મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળ્યા છે. આ ઉપરાંત મહેશ માંજરેકર, સચિન ખેડેકર, ફરદીન ખાન, જીતેન્દ્ર જોશી અને અમોલ ગુપ્તેએ પણ ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે.

# 'ધુરંધર' ડિરેક્ટરની મોટી જીત

## સ્ક્રિપ્ટ ચોરીનો આરોપ લગાવનાર ફિલ્મ મેકરે માગી માફી, હાઈકોર્ટે કેસ રદ કર્યો!

(એજન્સી) મુંબઈ | તા.06

બોક્સઓફિસ પર ધૂમ મચાવનાર ફિલ્મ 'ધુરંધર'ના મેકર્સ માટે રાહતના સમાચાર આવ્યા છે. ફિલ્મની સ્ક્રિપ્ટ કોપી કરવાના ગંભીર આક્ષેપો કરનાર ફિલ્મમેકર સંતોષ કુમારે આખરે નમતું જોખ્યું છે અને મીડિયામાં આપેલા નિવેદનો બદલ માફી માંગી લીધી છે. આ સાથે જ બોમ્બે હાઈકોર્ટે આદિત્ય ધર દ્વારા કરવામાં આવેલ માનહાનિનો કેસ રદ કર્યો છે.

ફિલ્મ 'ધુરંધર' રિલીઝ થયા બાદ ફિલ્મમેકર સંતોષ કુમારે દાવો કર્યો હતો કે- ડિરેક્ટર આદિત્ય ધરે તેની સ્ક્રિપ્ટ 'ડી-સાહબ'ની ચોરી કરીને આ ફિલ્મ બનાવી છે. આ આરોપોને કારણે આદિત્ય ધરની છબી ખરડાઈ રહી હોવાથી તેણે બોમ્બે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા અને સંતોષ કુમાર વિરુદ્ધ માનહાનિનો દાવો કર્યો હતો.

રિપોર્ટ્સ અનુસાર, આ મામલે સુનાવણી દરમિયાન સંતોષ કુમારના વકીલે સ્વીકાર્યું હતું કે તેમના અસીલે 30 માર્ચ 2026 ના રોજ પ્રેસ મીટમાં આપેલા નિવેદનો બદલ માફી માંગી છે. આદિત્ય ધરના વકીલે જણાવ્યું કે જો સામે પક્ષ માફી માંગી રહ્યો હોય, તો તે આ કેસને હવે આગળ વધારવા માંગતા નથી. બંને પક્ષોની સંમતિ બાદ હાઈકોર્ટે આ કેસને સત્તાવાર રીતે બંધ કરી દીધો છે. કોર્ટે નોંધ્યું કે હવે આ મામલે કોઈ વધુ કાર્યવાહી કરવાની જરૂર રહેતી નથી.

જોકે, કોર્ટે સંતોષ કુમારને એક છૂટછાટ પણ આપી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જો સંતોષ કુમાર હજુ પણ સ્ક્રિપ્ટ પર પોતાનો હક ધરાવતા હોય અથવા કોપીરાઈટનો મુદ્દો ઉઠાવવા માંગતા હોય, તો તે અલગથી નવો કેસ કરી શકે છે. આ માનહાનિના કેસના સમાધાનથી તેમના સ્ક્રિપ્ટ પરના મૂળ દાવા પર કોઈ અસર પડશે નહીં.

# પલાશ મુચ્છલ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ

## પૂર્વ મંગેતર સ્મૃતિ મંધાનાના મિત્રએ FIR નોંધાવી, મ્યુઝિક કમ્પોઝર પર ₹25 લાખની છેતરપિંડીનો આરોપ

(એજન્સી) મુંબઈ | તા.06

મ્યુઝિક કમ્પોઝર અને ફિલ્મ મેકર પલાશ મુચ્છલની મુશ્કેલીમાં વધારો થયો છે. તેની વિરુદ્ધ મહારાષ્ટ્રના સાંગલીમાં એટ્રોસિટી એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદ પલાશની પૂર્વ મંગેતર અને ભારતીય ક્રિકેટર સ્મૃતિ મંધાનાના બાળપણના મિત્ર વિજ્ઞાન પ્રકાશ માનેએ નોંધાવી છે. પલાશ પર જાતિસૂચક શબ્દોનો ઉપયોગ કરવા અને છેતરપિંડીનો આરોપ છે.



પોલીસ રિપોર્ટ અનુસાર, આ ઘટના 22 નવેમ્બરે સાંગલી-આષ્ટા રોડ પર આવેલા એક ટોલ પ્લાઝા પાસે બની હતી. ફરિયાદી વિજ્ઞાન માનેનો આરોપ છે કે, એક દલીલ દરમિયાન પલાશ મુચ્છલએ તેની વિરુદ્ધ અપમાનજનક અને જાતિસૂચક ટિપ્પણી કરી. પોલીસે આ મામલે SC/ST એક્ટની કલમ 3(1)ની સાથે-સાથે ભારતીય ન્યાય સંહિતાની કલમ 351(2) અને 352 હેઠળ કેસ દાખલ કર્યો છે.

25 લાખ રૂપિયાનો લેણદેણ છે વિવાદનું મૂળ કેસની તપાસ કરી રહેલી પોલીસે જણાવ્યું કે, 'આ આખો વિવાદ પૈસાના લેણદેણ સાથે જોડાયેલો છે. આરોપ છે કે પલાશ મુચ્છલે એક ફિલ્મ પ્રોડક્શન પ્રોજેક્ટના નામે વિજ્ઞાન માને પાસેથી 25 લાખ રૂપિયા લીધા હતા. પલાશે વચન આપ્યું હતું કે ફિલ્મ છ મહિનામાં પૂરી થઈ જશે. જ્યારે લાંબા સમય સુધી પ્રોજેક્ટ પર કામ ન થયું, ત્યારે વિજ્ઞાને પોતાના પૈસા પાછા માંગવાનું શરૂ કર્યું. આ જ વાતને લઈને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.'

'પલાશે છેતરપિંડી કરી, ગંદી ભાષાનો ઉપયોગ કર્યો' વિજ્ઞાન માનેએ મીડિયા સાથેની વાતચીતમાં પોતાનો પક્ષ રજૂ કર્યો છે. તેણે કહ્યું, 'પલાશે મને ખાતરી આપી હતી કે ફિલ્મ જલ્દી પૂરી થશે, પરંતુ તે છેતરપિંડી કરનાર નીકળ્યો. જ્યારે મેં મારા પૈસા માંગ્યા, ત્યારે તે વાતને ટાળવા લાગ્યો. જ્યારે મેં તેને ટોક્યો, ત્યારે તેણે ખૂબ જ ગંદી ભાષાનો ઉપયોગ કર્યો. હું તે શબ્દોને કેમેરા પર પુનરાવર્તિત પણ કરી શકતો નથી. તેનું વર્તન ખૂબ જ પરેશાન કરનારું છે.'

સ્મૃતિ મંધાના સાથે લગ્ન તૂટ્યા આ પહેલા પલાશ પર સ્મૃતિને દગો આપવાનો આરોપ પણ લાગી ચૂક્યો છે. પલાશ મુચ્છલ અને સ્મૃતિ મંધાના લાંબા સમય સુધી રિલેશનશિપમાં હતા. બંનેની સગાઈ થઈ ચૂકી હતી અને ચર્ચા હતી. 22 અને 23 નવેમ્બર 2025ના રોજ બંનેના લગ્નની વિધિઓ પણ શરૂ થઈ ગઈ હતી. પીઠી, મહેંદી અને સંગીત સમારોહ યોજાઈ ચૂક્યો હતો. પછી અચાનક બંનેએ સંબંધ તોડી નાખ્યો.



## મુંબઈ પહોંચતા જ એક્ટ્રેસે રાહતનો શ્વાસ લીધો, પ્રાર્થના માટે ચાહકોનો આભાર માન્યો...

# મિસાઈલ હુમલાથી વિદેશમાં ફસાયેલી અમીષા પટેલ ભારત પરત ફરી

(એજન્સી) મુંબઈ | તા.06

બોલિવૂડ એક્ટ્રેસ અમીષા પટેલ આખરે સુરક્ષિત મુંબઈ પરત ફરી છે. તે ન્યૂયોર્કથી મુંબઈની યાત્રા કરી રહી હતી, પરંતુ ખાડી ક્ષેત્રમાં થયેલા મિસાઈલ હુમલાઓને કારણે યુએઈ (UAE)નું એરસ્પેસ અચાનક બંધ કરી દેવામાં આવ્યું. આ કારણે તેની ફ્લાઈટને અધડે રસ્તેથી જ ઓમાનના મસ્કટ શહેર તરફ ડાયવર્ટ કરવી પડી. ત્યાં લગભગ 24 કલાકથી વધુ સમય સુધી ફસાયા રહ્યા પછી તે સોમવારે પોતાના ઘરે પહોંચી.

દુબઈમાં લેન્ડિંગના બરાબર પહેલા હુમલાની સૂચના મળી અમીષા એમિરેટ્સની ફ્લાઈટથી ન્યૂયોર્કથી દુબઈ થઈને મુંબઈ આવી રહી હતી. જ્યારે તેનું પ્લેન દુબઈમાં લેન્ડ થવાનું જ હતું, ત્યારે યુએઈ ઓથોરિટીઝે હવાઈ ક્ષેત્રને સંપૂર્ણપણે બંધ કરવાનો આદેશ જારી કર્યો. આનું કારણ ક્ષેત્રમાં થયેલા તાજા મિસાઈલ અને ડ્રોન હુમલાઓ જણાવવામાં આવી રહ્યા છે. સુરક્ષા કારણોસર પાયલટને ફ્લાઈટનો માર્ગ મસ્કટ તરફ વાળવો પડ્યો, જેના કારણે યાત્રીઓ વચ્ચે લાંબા સમય સુધી અનિશ્ચિતતા રહી.

'યુદ્ધ ક્યારે પૂરું થશે?' અમીષાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર પોતાનો આ તણાવપૂર્ણ અનુભવ શેર કર્યો. તેણે લખ્યું, 'દુબઈમાં લેન્ડ કરવાના જ હતા કે મિસાઈલ હુમલાઓને કારણે એરસ્પેસ બંધ થઈ ગયું. અમને મસ્કટ મોકલી દેવામાં આવ્યા છે અને હવે અમે આગામી અપડેટની રાહ જોઈ રહ્યા છીએ. આ યુદ્ધ ક્યારે પૂરું થશે! હું પ્રાર્થના કરી રહી છું.' તેની સાથે ડીજે ચેતસ અને પ્રોડ્યુસર કુણાલ ગૂમર પણ યાત્રા કરી રહ્યા હતા. એરપોર્ટ લાઉન્જમાં લાંબો સમય વિતાવ્યા બાદ તેણે એક ફોટો શેર કરીને જણાવ્યું કે, તેને સફર શરૂ કર્યાને 24 કલાકથી વધુ સમય થઈ ગયો છે.

ખાડી દેશોમાં વધતા તણાવથી પરિસ્થિતિ બગડી મિસાઈલ હુમલાના સમાચારો બાદ સમગ્ર ખાડી ક્ષેત્રમાં તણાવની સ્થિતિ પ્રવર્તી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, ઈરાન અને યુએઈ વચ્ચે સંઘર્ષ વધવાને કારણે તેલના ઠેકાણાઓ અને મહત્વપૂર્ણ શિપિંગ રૂટ્સને નિશાન બનાવવામાં આવ્યા છે. આને કારણે એરસ્પેસ બંધ કરવું પડ્યું, જેની અસર આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પડી. મુંબઈ પહોંચ્યા બાદસ અમીષાએ રાહતનો શ્વાસ લીધો અને ચાહકોનો આભાર માનતા લખ્યું, 'આખરે મુંબઈ!!! આપ સૌની પ્રાર્થનાઓ માટે આભાર.'

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

બ્રેડ હેડિનનો આત્મવિશ્વાસ ઘણો વધ્યો

## પંજાબ કિંગ્સ અને હૈદરાબાદ વચ્ચે જંગ માટે પંજાબ સજ્જ



(એજન્સી) હૈદરાબાદ । તા. 06

આઈપીએલ ૨૦૨૬ની સીઝન હવે તેના નિર્ણાયક તબક્કા તરફ આગળ વધી રહી છે, ત્યારે બુધવારે પંજાબ કિંગ્સ (PBKS) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) વચ્ચે રોમાંચક મુકાબલો ખેલાશે. આ મેચ પહેલા પંજાબ કિંગ્સના આસિસ્ટન્ટ કોચ બ્રેડ હેડિને મોટું નિવેદન આપતા જણાવ્યું છે કે તેમની ટીમ મેદાન પર 'પરફેક્ટ ગેમ' રજૂ કરવા માટે ઉત્સુક છે. પંજાબની ટીમ અત્યારે પોઈન્ટ ટેબલમાં ૧૩ પોઈન્ટ સાથે ટોચ પર હોવા છતાં, છેલ્લી બે હાર બાદ ફરી લય મેળવવા મેદાનમાં ઉતરશે.

### ઓપનિંગ જોડી અને નીડર અભિગમ

પંજાબ કિંગ્સ અને હૈદરાબાદ વચ્ચે જંગમાં સૌથી વધુ નજર પંજાબના ઓપનરો પર રહેશે. પ્રભસિમરન સિંહ અને પ્રિયાંશ આર્યાએ અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કરીને ટીમને મજબૂત શરૂઆત અપાવી છે. કોચ હેડિને મીડિયા અહેવાલ મુજબ જણાવ્યું કે, અમારા ઓપનરોએ જે રીતે 'નો-ફિયર' એપ્રોચ અપનાવ્યો છે તે ટીમના વિજયનું મુખ્ય કારણ છે. પંજાબ આ વખતે કોઈ પણ ડર વગર આક્રમક ક્રિકેટ રમી રહ્યું છે, જે તેને અન્ય ટીમોથી અલગ પાડે છે.

### મધ્યમ ક્રમની મજબૂતી, સૂર્યાંશ શેડગેનો ઉદય

પંજાબ કિંગ્સ માટે મધ્યમ ક્રમમાં સૂર્યાંશ શેડગેનું પ્રદર્શન મોટું જમા પાસું સાબિત થયું છે. ગુજરાત ટાઈટન્સ સામે રમાયેલી મેચમાં સૂર્યાંશે માત્ર ૨૯ બોલમાં ૫૭ રન ફટકારીને બધાના દિલ જીતી લીધા હતા. હેડિને તેની પ્રશંસા કરતા કહ્યું કે દબાણની સ્થિતિમાં તેણે જે રીતે રન બનાવ્યા તે અદભૂત છે. માર્કસ સ્ટોઈનિસ અને સૂર્યાંશની જોડી હવે મધ્યમ ક્રમને વધુ સ્થિરતા આપી રહી છે, જે આગામી મેચોમાં વિરોધી ટીમો માટે જોખમી સાબિત થઈ શકે છે. હૈદરાબાદ સામેની મેચમાં પંજાબની મુખ્ય રણનીતિ ટ્રેવિસ હેડ અને અભિષેક શર્મા જેવા વિસ્ફોટક બેટ્સમેનોને વહેલા આઉટ કરવાની રહેશે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા અર્શદીપ સિંહ પર ટીમનો મોટો મદાર છે. હેડિને અર્શદીપને વર્લ્ડ ક્લાસ પ્રોફેશનલ ગણાવ્યો છે અને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તે મહત્વની મેચોમાં ચોક્કસપણે કમાલ કરશે. પંજાબ કિંગ્સ અને હૈદરાબાદ વચ્ચે જંગ માત્ર બે પોઈન્ટ માટે નથી, પરંતુ પ્લેઓફની રેસમાં પોતાનું સ્થાન વધુ મજબૂત કરવા માટે પણ અત્યંત મહત્વનો છે.

બીસીસીઆઈનો મોટો નિર્ણય ટિકિટ વિવાદ અને શરતોને કારણે સ્થળ બદલાયું

# ફાઈનલ હવે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે

(એજન્સી) અમદાવાદ । તા. 06

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬ની ફાઈનલ મેચના આયોજનને લઈને ક્રિકેટ જગતમાં સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા પરંપરાગત નિયમોમાં ફેરફાર કરીને આ વર્ષની ગ્રાન્ડ ફાઈનલ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજવાની જાહેરાત કરવામાં આવી છે. સામાન્ય રીતે આઈપીએલનો એવો નિયમ રહ્યો છે કે જે ટીમ ડિફેન્ડિંગ ચેમ્પિયન હોય, તેના હોમ ગ્રાઉન્ડ પર જ આગામી સીઝનની ફાઈનલ રમાય છે. આ નિયમ મુજબ આ વર્ષની ફાઈનલ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાવાની હતી, પરંતુ છેલ્લી ઘડીએ લેવાયેલા ચોંકાવનારા નિર્ણયથી હવે અમદાવાદ મેગા ફિનાલેનું સાક્ષી બનશે.



બેંગલુરુ આ રેસમાં સૌથી આગળ હોવા છતાં તેને યજમાની ગુમાવવી પડી છે, જેની પાછળ ટિકિટ વિવાદ મુખ્ય કારણ હોવાનું માનવામાં આવે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, તાજેતરમાં ટિકિટોના વેચાણ અને તેના મેનેજમેન્ટને લઈને ગંભીર પ્રશ્નો ઉભા થયા હતા. સ્થાનિક એસોસિએશન અને સત્તાવાળાઓ દ્વારા એવી કેટલીક શરતો મૂકવામાં આવી હતી જે બીસીસીઆઈના નિર્ધારિત પ્રોટોકોલ અને કાર્યપ્રણાલીની બહાર હતી. આ ઓપરેશનલ અવરોધોને કારણે બોર્ડે વિલંબ કર્યા વગર ફાઈનલનું સ્થળ બદલીને અમદાવાદ પર પસંદગી ઉતારી છે. આઈપીએલ ૨૦૨૬ની આ ખિતાબી જંગ ૩૧ મેના રોજ યોજાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમની ક્ષમતા અને આધુનિક સુવિધાઓને ધ્યાનમાં રાખીને બીસીસીઆઈએ આ મોટો નિર્ણય લીધો છે. લાખો પ્રેક્ષકોની હાજરીમાં રમાનારી આ મેચ માટે અમદાવાદ અત્યારથી જ સજ્જ થઈ રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ વખતે માત્ર ફાઈનલ જ નહીં પરંતુ પ્લેઓફ મેચોના સ્થળોમાં પણ વૈવિધ્ય લાવવામાં આવ્યું છે. આ સિઝનમાં ખાસ કિસ્સામાં પ્લેઓફની મેચો અમદાવાદ ઉપરાંત ધર્મશાલા અને ન્યૂ ચંદીગઢમાં રમાડવાનું આયોજન કરવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે બોર્ડ ક્રિકેટનો વ્યાપ નવા શહેરો સુધી લઈ જવા માંગે છે.

### લૉજિસ્ટિકલ અને ઓપરેશનલ કારણો

બીસીસીઆઈના અધિકારીક નિવેદન મુજબ, ટિકિટ વિવાદ ઉપરાંત લૉજિસ્ટિકલ સુવિધાઓ પણ અમદાવાદની તરફેણમાં રહી છે. વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમમાં મેનેજમેન્ટ અને સુરક્ષા વ્યવસ્થા જાળવવી વધુ સરળ હોવાથી આ નિર્ણય લેવાયો છે. બેંગલુરુમાં ટિકિટ વિતરણને લઈને થયેલા વિવાદે બોર્ડની છબી ખરડાય તેવી સ્થિતિ સર્જી હતી, જેનાથી બચવા માટે આ વ્યૂહાત્મક ફેરફાર કરવામાં આવ્યો છે. પ્લેઓફ મેચો માટે ધર્મશાલા અને ન્યૂ ચંદીગઢ જેવા સ્થળોની પસંદગી પાછળ પણ ઓપરેશનલ સગવડતા અને ક્રિકેટ પ્રેમીઓનો ઉત્સાહ જવાબદાર છે.

અમદાવાદમાં ફાઈનલ રમાવાની જાહેરાત થતા જ ગુજરાતના ક્રિકેટ ચાહકોમાં આનંદની લહેર દોડી ગઈ છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અગાઉ પણ અનેક મોટી ટુર્નામેન્ટની ફાઈનલ રમાઈ ચૂકી છે, અને તેનો અનુભવ આઈપીએલ માટે ફાયદાકારક સાબિત થશે.

# ક્વીન સિરિકિત કપ ૨૦૨૬ માટે ત્રણ સભ્યોની ભારતીય ગોલ્ફ ટીમની જાહેરાત

ઈન્ડોનેશિયામાં ભારતનો દબદબો ત્રણ યુવા ખેલાડીઓ રચશે ઈતિહાસ
ભારતીય ગોલ્ફ ટીમ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ માટે બોગોર જવા રવાના થશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ભારતીય ગોલ્ફ યુનિયન (IGU) દ્વારા આગામી મહિને ઈન્ડોનેશિયાના બોગોર ખાતે યોજાનારી પ્રતિષ્ઠિત 'ક્વીન સિરિકિત કપ ૨૦૨૬' માટે ત્રણ સભ્યોની મજબૂત ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. સેન્ટુલ હાઈલેન્ડ્સ ગોલ્ફ ક્લબ ખાતે ૧૨ થી ૧૫ મે દરમિયાન યોજાનારી આ ટુર્નામેન્ટ એશિયા-પેસિફિક ક્ષેત્રની સૌથી મહત્વપૂર્ણ એમેચ્યોર લેડીઝ ગોલ્ફ સ્પર્ધા માનવામાં આવે છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા માન્યતા પ્રાપ્ત IGU એ આશા વ્યક્ત કરી છે કે ભારતીય ખેલાડીઓ આ આંતરરાષ્ટ્રીય મંચ પર દેશનું નામ રોશન કરશે.

### ગુંતાસ કૌર સંધુના ખભા પર ટીમની જવાબદારી

ભારતીય ટીમની આગેવાની વર્ષ ૨૦૨૫ની 'લેડીઝ ઓર્ડર ઓફ મેરિટ' ચેમ્પિયન ગુંતાસ કૌર સંધુ કરશે. ચંદીગઢની આ પ્રતિભાશાળી ગોલ્ફરે ૨૦૨૬ની સીઝનમાં પણ પોતાનું શાનદાર ફોર્મ જાળવી રાખ્યું છે. ગુંતાસના નામે ૨૦૨૫-૨૬ની સીઝનમાં અત્યાર સુધી ૬ જીત અને ૧૭ વખત ટોપ-૧૦માં સ્થાન મેળવવાનો પ્રભાવશાળી રેકોર્ડ છે. તાજેતરમાં જ તેણે પશ્ચિમ બંગાળમાં આયોજિત જુનિયર ગર્લ્સ ચેમ્પિયનશિપમાં ડબલ ખિતાબ જીતીને પોતાની સજ્જતા પુરવાર કરી છે. ગુંતાસની સાથે હરિયાણાની સીરત કાંગ અને દિલ્હીની કેયા બદુગુ ટીમમાં સામેલ છે, જ્યારે વંદના અગ્રવાલ ટીમ મેનેજર તરીકે જવાબદારી સંભાળશે.

### 15 દેશો વચ્ચે જામશે ખરાખરીનો જંગ

એશિયા-પેસિફિક ગોલ્ફ કોન્ફેડરેશન (APGC) અને 'ધ R&A' દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટમાં વર્તમાન ચેમ્પિયન દક્ષિણ કોરિયા સહિત કુલ ૧૫ દેશો ભાગ લઈ રહ્યા છે. જેમાં ઓસ્ટ્રેલિયા, ચીન, જાપાન, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા અને ન્યુઝીલેન્ડ જેવા મજબૂત પ્રતિસ્પર્ધીઓ સામે ભારતનો મુકાબલો થશે. આ ટુર્નામેન્ટ ૫૪ હોલ્સના ફોર્મેટમાં રમાશે, જેમાં ત્રણ ખેલાડીઓની ટીમમાંથી દૈનિક શ્રેષ્ઠ બે સ્કોરની ગણતરી કરવામાં આવશે. વિજેતા ટીમને 'ધ R&A ગર્લ્સ એમેચ્યોર' માટે સીધું આમંત્રણ (એક્ઝેમ્પશન) આપવામાં આવશે.

### અવની પ્રશાંતની સફળતા પ્રેરણાસ્ત્રોત

ટીમની સુકાની ગુંતાસ કૌર સંધુએ પોતાની ઉત્તેજના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ભારતનું પ્રતિનિધિત્વ કરવું એ ગર્વની વાત છે. વર્ષ ૨૦૨૩માં અવની પ્રશાંતે આ ટુર્નામેન્ટમાં વ્યક્તિગત ખિતાબ જીતીને ભારતનો ૪૩ વર્ષનો દુષ્કાળ ખતમ કર્યો હતો. ગુંતાસ મુજબ, અવનીની એ જીત તેના માટે સૌથી મોટી પ્રેરણા છે. માત્ર ૧૫ વર્ષની વયે ગુંતાસ આ આંતરરાષ્ટ્રીય એક્સપોઝર દ્વારા પોતાની રમતને વધુ નિખારવા માંગે છે. બીજી તરફ, ૧૯ વર્ષીય સીરત કાંગે જણાવ્યું હતું કે આવા સ્તરે રમવાથી ખેલાડી પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવે છે અને અલગ-અલગ કન્ડિશનમાં રમવાનો અનુભવ મળે છે.

### સમૃદ્ધ ઈતિહાસ અને ઉજ્જવળ ભવિષ્ય

ક્વીન સિરિકિત કપ, જે સત્તાવાર રીતે 'એમેચ્યોર લેડીઝ એશિયા-પેસિફિક ઈન્વિટેશનલ ગોલ્ફ ટીમ ચેમ્પિયનશિપ' તરીકે ઓળખાય છે, તેની શરૂઆત ૧૯૭૯માં થઈ હતી. ભારત આ ટુર્નામેન્ટની પ્રથમ આવૃત્તિથી જ તેનો હિસ્સો રહ્યું છે. આ પ્લેટફોર્મ વિશ્વના અનેક દિગ્ગજ વ્યાવસાયિક ગોલ્ફરો માટે લોન્ચપેડ સાબિત થયું છે. કેયા બદુગુએ જણાવ્યું હતું કે, ભારતીય બ્લેઝર પહેરીને દેશ માટે રમવું એ એક વિશેષ અનુભવ છે.

## જાપાન સામે હાર છતાં ભારતીય મહિલા ફૂટબોલ ટીમની લડત ચાલુ

લેબનોન સામે નિર્ણાયક મુકાબલો ખેલાશે



(એજન્સી) સુઝોઉ [ચીન] । તા. 06

એએફસી અંડર-૧૭ મહિલા એશિયન કપ ૨૦૨૬માં ભારતીય યુવા ટીમનો જાપાન સામે ૦-૩થી પરાજય થયો છે, પરંતુ આ હાર છતાં ભારતીય છાવણીમાં ઉત્સાહ જરાય ઓછો થયો નથી. ગ્રુપ-બીના આ મહત્વપૂર્ણ મુકાબલામાં વિશ્વની ટોચની ટીમ સામે ભારતીય મહિલા ફૂટબોલ ટીમની લડત સરાહનીય રહી હતી. હવે ભારતીય ટીમની નજર લેબનોન સામેના અંતિમ અને નિર્ણાયક મેચ પર છે, જે ઈતિહાસમાં પ્રથમ વખત નોકઆઉટ સ્ટેજમાં પહોંચવાનો માર્ગ પ્રશસ્ત કરી શકે છે.

ચાર વખતની એશિયન ચેમ્પિયન અને ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન જાપાન સામે રમવું એ ભારતીય ખેલાડીઓ માટે મોટો પડકાર હતો. હેડ કોચ પામેલા કોન્ટીનો આત્મવિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રક્ષણાત્મક રીતે આ એક ઉત્તમ મેચ હતી. પ્રથમ હાફમાં ભારતીય ડિફેન્સે જાપાનને એક પણ ગોલ કરવાની તક આપી ન હતી. ટીમ અત્યંત સુવ્યવસ્થિત અને શિસ્તબદ્ધ જણાતી હતી, જેણે જાપાનના આક્રમણને અટકાવી રાખ્યું હતું. જોકે, બીજા હાફમાં શારીરિક થાક અને વિરોધી ટીમના દબાણને કારણે ત્રણ ગોલ થયા હતા.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કોચ કોન્ટીએ કેપ્ટન રોટેશન પોલિસી હેઠળ ૧૫ વર્ષીય અભિષ્ટા બસ્નેટને ટીમની કમાન સોંપી હતી. ટીમની સૌથી નાની વયની ખેલાડી અભિષ્ટાએ સ્વીકાર્યું હતું કે ટ્રાન્ઝિશન દરમિયાન કેટલીક ભૂલો થઈ હતી જેના કારણે ગોલ થયા. પરંતુ તેણે ભારપૂર્વક કહ્યું કે, લેબનોન સામે નિર્ણાયક મુકાબલો અમારા માટે સુવર્ણ તક છે અને અમે ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચવા માટે લોહી-પાણી એક કરી દઈશું.


ભારત હાલમાં ગ્રુપમાં ત્રીજા સ્થાને છે. ક્વોલિફાય થવા માટે લેબનોન સામેની જીત અનિવાર્ય છે.

ઐતિહાસિક ગોલ // બુકાયો સાકાનો ગોલ આર્સેનલે એટ્લેટિકો મેડ્રિડને સેમીફાઈનલમાં હરાવ્યું

# 20 વર્ષની લાંબી રાહનો અંત આર્સેનલ ચેમ્પિયન્સ લીગ ફાઈનલ

(એજન્સી) લંડન । તા. 06

લંડનના ઐતિહાસિક એમિરેટ્સ સ્ટેડિયમમાં ગઈકાલે રાત્રે ઈતિહાસ રચાયો છે. મિન્કેલ આર્ટેટાના માર્ગદર્શન હેઠળ આર્સેનલ ફૂટબોલ ક્લબે એટ્લેટિકો મેડ્રિડને રોમાંચક સેમીફાઈનલના બીજા લેગમાં ૧-૦થી હરાવીને ૨૦ વર્ષ બાદ પ્રથમ વખત પ્રતિષ્ઠિત યુએફએ ચેમ્પિયન્સ લીગની ફાઈનલમાં પોતાની જગ્યા પાક્કી કરી લીધી છે. ૨-૧ના એગ્રીગેટ સ્કોર સાથે આર્સેનલે ખિતાબી જંગમાં પ્રવેશ મેળવ્યો છે. છેલ્લે ૨૦૦૬માં આર્સેનલે ફાઈનલ રમી હતી, જ્યાં તેમને બાર્સેલોના સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ હવે બે દાયકાના લાંબા ઈન્તજાર બાદ 'ગનર્સ' ફરી એકવાર યુરોપિયન ક્રાઉન જીતવાની નજીક પહોંચ્યા છે. મેચનો એકમાત્ર અને નિર્ણાયક ગોલ પ્રથમ હાફના અંતિમ મિનિટોમાં જોવા મળ્યો હતો. ૪૪મી મિનિટે લિએન્ડ્રો ટ્રોસાર્ડના શક્તિશાળી પ્રહારને એટ્લેટિકોના ગોલકીપર જાન ઓબ્લાકે બચાવ્યો હતો, પરંતુ રીબાઉન્ડ થયેલા બોલ પર બુકાયો સાકાએ સમયસૂચકતા વાપરીને ૪૫મી મિનિટે બોલને જાળમાં ધકેલી દીધો હતો. આ ગોલ સાથે સાકાએ આર્સેનલ માટે ચેમ્પિયન્સ લીગમાં પોતાનો ૧૩મો ગોલ નોંધાવ્યો છે, જે તેને ક્લબના સર્વકાલીન ટોપ સ્કોરર્સની યાદીમાં સંયુક્ત રીતે ચોથા સ્થાને લઈ ગયો છે. આ ગોલના પડઘા સ્ટેડિયમમાં હાજર હજારો ચાહકોના ગગનભેદી અવાજમાં સંભળાયા હતા.




ડિએગો સિમિઓનીની આગેવાની હેઠળની એટ્લેટિકો મેડ્રિડની ટીમ ૨૦૧૬ પછી પોતાની પ્રથમ ફાઈનલમાં પહોંચવાના સપના સાથે મેદાનમાં ઉતરી હતી. બીજા હાફમાં તેમણે ગોલ કરવા માટે અનેક પ્રયાસો કર્યા અને સતત આર્સેનલના ડિફેન્સ પર દબાણ બનાવી રાખ્યું હતું. જોકે, આર્સેનલની ડિફેન્સ લાઈન અત્યંત મજબૂત અને સંગઠિત જોવા મળી હતી. એટ્લેટિકોના ફોરવર્ડ્સ વારંવાર આક્રમણ કરવા છતાં આર્સેનલના ગોલકીપર અને રક્ષકોએ દીવાલ બનીને તમામ પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા. હાર બાદ એટ્લેટિકો હવે સ્પેનિશ લીગ (La Liga) માં ટોપ-૪માં સ્થાન મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં ભાવુક થયેલા મેનેજર મિન્કેલ આર્ટેટાએ જણાવ્યું હતું કે, "આ એક અવિશ્વસનીય રાત છે. અમે સાથે મળીને ફરી ઈતિહાસ રચ્યો છે અને હું ક્લબ સાથે જોડાયેલા દરેક વ્યક્તિ માટે ગર્વ અનુભવું છું." સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આર્ટેટાએ સ્ટેડિયમની બહાર ચાહકો દ્વારા મળેલા ઉષ્માભર્યા સ્વાગતને વિશેષ ગણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું કે, ૨૦ વર્ષ બાદ અને ક્લબના ઈતિહાસમાં બીજી વખત ફાઈનલમાં પહોંચવું એ ખેલાડીઓની મહેનતનું પરિણામ છે.

આઈપીએલ 2026માં નવો વિવાદ સર્જાયો છે

# નીતિશ રાણાની વિવાદિત વિકેટ બાદ સોશિયલ મીડિયામાં ભડકો



(એજન્સી) નવી દિલ્હી । તા. 06

આઈપીએલ ૨૦૨૬ની સીઝન જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ મેદાન પર રમતની સાથે વિવાદો પણ તેજ બની રહ્યા છે. ગત મંગળવારે દિલ્હી કેપિટલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં એક એવી ઘટના બની જેણે ક્રિકેટ પ્રેમીઓને બે ભાગમાં વહેંચી દીધા છે. દિલ્હીના બેટ્સમેન નીતિશ રાણાને જે રીતે પેવેલિયન ભેગા થવું પડ્યું, તેને લઈને હવે અમ્પાયરના નિર્ણય પર સવાલો ઉઠી રહ્યા છે.

### સમગ્ર ઘટનાક્રમ અને વિવાદનું મૂળ

મેચની ૧૦મી ઓવરમાં જ્યારે સ્પિનર નૂર અહેમદ બોલિંગ કરી રહ્યો હતો, ત્યારે નીતીશ રાણાએ બેકવર્ડ સ્ક્વેર લેગ તરફ હવામાં શોટ રમ્યો હતો. ફિલ્ડર કાર્તિક શર્માએ આ કેચ ખૂબ જ સફાઈથી પકડ્યો હતો. જોકે, વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે રિપ્લેમાં જોવા મળ્યું કે નીતીશ રાણા શોટ રમે તે પહેલા જ સ્ટમ્પ પરની ગિલ્લીઓ (બેલ્સ) નીચે પડી ગઈ હતી. સોશિયલ મીડિયા પર ચાહકો દલીલ કરી રહ્યા છે કે જો વિકેટ પહેલેથી જ વિખરાયેલી હતી, તો બેટ્સમેનને આઉટ કેવી રીતે આપી શકાય?

**અમ્પાયરનો તર્ક અને તકનીકી પાસું :** વીડિયોના ઊંડાણપૂર્વકના વિશ્લેષણ બાદ એવું તારણ નીકળ્યું છે કે સ્ટમ્પ પરની ગિલ્લીઓ વિકેટકીપર કે બેટ્સમેનના સંપર્કથી નહીં, પરંતુ મેદાન પર ફૂંકાતા તેજ પવન અથવા કોઈ અન્ય કુદરતી વાઈબ્રેશનને કારણે પડી હતી.

### ભારતીય કંપનીઓનું એફડીઆઈ સંશોધન અને વિકાસ ક્ષેત્રે મોટું યોગદાન

# USમાં ભારતનું મૂડીરોકાણ 16.4 અબજ ડોલરને પાર

(એજન્સી) નેશનલ હાર્બર (મેરીલેન્ડ) । તા. 06

અમેરિકાના પ્રગતિશીલ અર્થતંત્રમાં ભારતનું પ્રદાન દિવસેને દિવસે વધુ મજબૂત બની રહ્યું છે. તાજેતરમાં મેરીલેન્ડ રાજ્યમાં યોજાયેલી 'સિલેક્ટ યુએસએ ઈન્વેસ્ટમેન્ટ સમિટ' દરમિયાન જાહેર થયેલા આંકડા મુજબ, અમેરિકામાં ભારતનું સીધું વિદેશી મૂડીરોકાણ (એફડીઆઈ) વધીને અંદાજે ૧૬.૪ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે. આ વિશાળ રોકાણ માત્ર આંકડાકીય સિદ્ધિ નથી, પરંતુ તે અમેરિકામાં અંદાજે ૭૦,૮૦૦ જેટલી નોકરીઓને સુરક્ષિત રાખવામાં અને નવી રોજગારી પેદા કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. યુએસ નાયબ મંત્રી બ્રાન્ડોન રેમિંગ્ટને સીઆઈઆઈ ઈન્ડિયાના કાર્યક્રમમાં ભારતીય કંપનીઓની આ સફળતાને બિરદાવી હતી. ભારતીય કંપનીઓ હવે માત્ર ઉત્પાદન સુધી સીમિત નથી, પરંતુ તેઓ અત્યાધુનિક સંશોધનોમાં પણ ભારે રોકાણ કરી રહી છે. ઉપલબ્ધ ડેટા અનુસાર, ભારતીય ઉદ્યોગગૃહોએ યુએસમાં સંશોધન અને વિકાસ (R&D) પાછળ ૩૧૩ મિલિયન ડોલરનો જંગી ખર્ચ કર્યો છે. આ રોકાણ ટેકનોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રમાં ભારતની વધતી જતી ક્ષમતાનું પ્રતીક છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, વર્ષ ૨૦૨૩માં જારી થયેલા 'ઈન્ડિયન રૂટ્સ અમેરિકન સોઈલ' રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે ભારતીય કંપનીઓએ કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી (CSR) પેટે પણ ૧૯૫ મિલિયન ડોલરનું નોંધપાત્ર પ્રદાન કરીને અમેરિકી સમાજમાં પોતાની સામાજિક જવાબદારી અદા કરી છે.



અમેરિકાના વિવિધ રાજ્યોમાં ભારતીય મૂડીરોકાણની વહેંચણી જોવામાં આવે તો ટેક્સાસ, જ્યોર્જિયા અને ન્યુ જર્સી અગ્રેસર રહ્યા છે. સીઆઈઆઈના અહેવાલ મુજબ, ટેક્સાસમાં ૯.૮ અબજ ડોલર, જ્યોર્જિયામાં ૭.૫ અબજ ડોલર અને ન્યુ જર્સીમાં ૪.૨ અબજ ડોલરનું એફડીઆઈ ભારતીય કંપનીઓ દ્વારા કરવામાં આવ્યું છે. આ રાજ્યોમાં ફાર્માસ્યુટિકલ્સ, એનર્જી અને એડવાન્સ્ડ મેન્યુફેકચરિંગ જેવા ક્ષેત્રોમાં ભારતીય કંપનીઓએ પોતાની મજબૂત પકડ જમાવી છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, આ કંપનીઓ દ્વારા અમેરિકામાંથી ૧.૫ અબજ ડોલરની નિકાસ પણ કરવામાં આવી છે, જે અમેરિકાના વ્યાપાર સંતુલનમાં મદદરૂપ સાબિત થઈ રહી છે.

ભારતીય ફાર્મા ક્ષેત્રની અગ્રણી કંપની સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા તાજેતરમાં ન્યુ જર્સી સ્થિત 'ઓર્ગેનોન એન્ડ કંપની'ને ૧૨ અબજ ડોલરમાં હસ્તગત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ સોદો ભારતીય કંપનીઓની વધતી જતી આર્થિક શક્તિ અને વૈશ્વિક સ્તરે હસ્તક્ષેપ કરવાની ક્ષમતા દર્શાવે છે. આ સમિટ દરમિયાન અન્ય ડઝનેક ભારતીય કંપનીઓ પણ નવા રોકાણોની જાહેરાત કરે તેવી પ્રબળ શક્યતા છે. આ કાર્યક્રમમાં ડેલાવરના ગવર્નર મેટ્ટ મેયર અને મેરીલેન્ડના લેફ્ટનન્ટ ગવર્નર અરૂણા મિલર સહિતના દિગ્ગજ બિઝનેસ લીડર્સે હાજરી આપી હતી.

ભારતીય રાજદૂતાવાસમાં ડેપ્યુટી ચીફ તરીકે કાર્યરત નામગ્યા ખામ્પાએ જણાવ્યું હતું કે ભારતીય કંપનીઓ સમગ્ર યુએસમાં હજારો નોકરીઓને ટેકો આપી રહી છે. ખાસ કરીને હાઈ-ટેક સેક્ટરમાં ભારતીય પ્રતિભા અને મૂડીનો સમન્વય અમેરિકા માટે ફાયદાકારક સાબિત થઈ રહ્યો છે. ૨૦૨૩ના આંકડાઓ સાથે સરખામણી કરતા જણાય છે કે ભારતીય રોકાણનો વ્યાપ સતત વધી રહ્યો છે, જે બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક અને આર્થિક સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જઈ રહ્યો છે.

### 60થી વધુ દાઝ્યા હોસ્પિટલોમાં ઈમરજન્સી જાહેર કરાઈ

# ચીનની ફટાકડા ફેક્ટરીમાં આગ ૨૧નાં કરુણ મોત



(એજન્સી) લીયુયાંગ (મ.ચીન) । તા. 06

મધ્ય ચીનના હુનાન પ્રાંતમાં આવેલી એક મોટી ફટાકડા ફેક્ટરીમાં મંગળવારે એક પ્રચંડ વિસ્ફોટ સાથે ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો છે. લીયુયાંગ શહેરમાં સર્જાયેલી આ ગમખ્વાર ઘટનામાં ૨૧ નિર્દોષ શ્રમિકોના સ્થળ પર જ કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૬૦થી વધુ લોકો ગંભીર રીતે દાઝી જવાથી લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયા છે. આ અકસ્માત એટલો પ્રચંડ હતો કે તેના ધડાકાના અવાજથી આજુબાજુના ગામોના મકાનોના કાચ પણ ફૂટી ગયા હતા. વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી ફેક્ટરીની આસપાસના રહેણાંક વિસ્તારો ખાલી કરાવીને લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

દુર્ઘટના સ્થળે મળેલી માહિતી મુજબ, આ વિસ્ફોટ 'હ્યુ-યા-શેંગ ફાયર વર્ક્સ મેન્યુફેક્ચરિંગ એન્ડ ડિસ્પ્લે કંપની'માં થયો હતો, જે ચીનની ફટાકડા બનાવતી અગ્રણી કંપનીઓમાંની એક ગણાય છે. ફેક્ટરીના બે મોટા વેરહાઉસમાં ફટાકડા બનાવવા માટે વપરાતો કાચો દારૂગોળો (ગન પાઉડર) મોટા પ્રમાણમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે. સદનસીબે, હજુ સુધી આગ આ મુખ્ય ગોડાઉનો સુધી પહોંચી નથી, પરંતુ હવામાં રહેલી ગરમી અને સંભવિત તણખાને કારણે ગમે ત્યારે મોટો વિસ્ફોટ થવાની ભીતિ સેવાઈ રહી છે. આ પરિસ્થિતિને જોતા ૫૦૦થી વધુ બચાવકર્મીઓ અને અગ્નિશામક દળના જવાનો જીવના જોખમે આગ પર કાબૂ મેળવવા મથામણ કરી રહ્યા છે.

#### યુદ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી

ચીનની સત્તાવાર સમાચાર સંસ્થા દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વિસ્ફોટ બાદ આકાશમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટા કિલોમીટરો દૂર સુધી દેખાઈ રહ્યા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને ઈમરજન્સી સેવાઓ સક્રિય થઈ ગઈ છે. ગંભીર રીતે દાઝેલા લોકોને નજીકની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં અનેકની હાલત અત્યંત નાજુક હોવાનું કહેવાય છે. તબીબોના જણાવ્યા મુજબ, મૃત્યુઆંક વધવાની પૂરી શક્યતા છે કારણ કે ઘણા શ્રમિકો કાટમાળ નીચે દબાયેલા હોવાની આશંકા છે.

ચીન સરકાર દ્વારા આ ગંભીર દુર્ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે. પ્રાથમિક દ્રષ્ટિએ ફેક્ટરીમાં સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું જણાય છે. ગરમીના પ્રમાણમાં વધારો અને ફટાકડાના સંગ્રહમાં બેદરકારી આ આગનું કારણ હોઈ શકે છે. સૂત્રો દ્વારા મળેલી વિગતો મુજબ, આગ કયા સંજોગોમાં લાગી અને વિસ્ફોટ માટે કોણ જવાબદાર છે તે અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે.

#### ગામડાઓ સુધી અનુભવાયા ભૂકંપ જેવા આંચકા

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, જ્યારે ફેક્ટરીમાં પ્રથમ વિસ્ફોટ થયો ત્યારે એવું લાગ્યું કે જાણે કોઈ મોટો ભૂકંપ આવ્યો હોય. આસપાસના ગામોમાં રહેતા લોકો ગભરાઈને ઘરની બહાર દોડી આવ્યા હતા. ધડાકાની તીવ્રતા એટલી વધારે હતી કે અનેક મકાનોના બારી-બારણાના કાચ તૂટીને વિખરાઈ ગયા હતા. તંત્ર દ્વારા માઈક દ્વારા જાહેરાત કરીને લોકોને ફેક્ટરીથી ઓછામાં ઓછા બે કિલોમીટર દૂર રહેવાની તાકીદ કરવામાં આવી છે, જેથી જો દારૂગોળાના વેરહાઉસમાં વિસ્ફોટ થાય તો જાનહાનિ ટાળી શકાય.


## ન્યૂઝ બ્રીફ

#### હોર્મુઝની ખાડીમાં યુદ્ધનો ભડકો થતા ક્રૂડ તેલના ભાવમાં આગ



નવી દિલ્હી | મધ્ય પૂર્વના દેશોમાં ફરી એકવાર યુદ્ધના નગારા વાગી રહ્યા છે. સ્ટ્રેઈટ્સ હોર્મુઝમાં સોમવારે સાંજે અમેરિકા અને ઈરાનના નૌકાદળો વચ્ચે થયેલા સીધા ગોળીબારને કારણે સમગ્ર વિશ્વમાં ચિંતાની લહેર પ્રસરી ગઈ છે. આ હિંસક ટક્કરને પગલે લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધવિરામના પ્રયાસો હવે જોખમમાં મુકાયા છે અને કોઈપણ ક્ષણે મોટું સૈન્ય સંકટ સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. અમેરિકી સેનાના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા અમેરિકી માલવાહક જહાજો પર ઈરાની દળો દ્વારા હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેના જવાબમાં આકરી કાર્યવાહી કરવી પડી હતી. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાએ સ્વરક્ષણમાં ઈરાનની સાત યુદ્ધ નૌકાઓને સમુદ્રમાં ડૂબાડી દીધી છે. હોર્મુઝની ખાડીમાં યુદ્ધનો ભડકો થવાના કારણે દરિયાઈ માર્ગે થતા વેપાર પર બ્રેક લાગી ગઈ છે. બીજી તરફ, ઈરાને આક્રમક વલણ અપનાવતા સંયુક્ત આરબ અમીરાત (UAE) ની ફૂજેરા સ્થિત તેલ શુદ્ધિકરણ ફેક્ટરી પર બેલાસ્ટિક મિસાઈલ્સ અને ડ્રોન વડે હુમલો કર્યો છે.

#### ઈરાન અને ચીન વચ્ચે બેઠક બાદ પશ્ચિમ એશિયામાં ગરમાવો



બેજિંગ | મધ્ય પૂર્વમાં વણસતી જતી પરિસ્થિતિ અને યુદ્ધના ભણકારા વચ્ચે ઈરાને રાજદ્વારી મોરચે પોતાની પકડ મજબૂત કરવાનું શરૂ કર્યું છે. ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ આજે ચીનની રાજધાની બેજિંગમાં તેમના સમકક્ષ વાંગ યી સાથે એક અત્યંત મહત્વપૂર્ણ મુલાકાત કરી હતી. આ બેઠકમાં ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે કોઈપણ દબાણમાં આવ્યા વગર માત્ર ન્યાયી અને વ્યાપક સમજૂતીનો જ સ્વીકાર કરશે. વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીનું નિવેદન પશ્ચિમી દેશો માટે સ્પષ્ટ સંદેશ સમાન છે. મીડિયા અહેવાલ મુજબ, અરાઘચીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે. ઈરાન પોતાના હિતોની રક્ષા માટે કટિબદ્ધ છે અને તે કોઈપણ પક્ષપાતી કરાર પર હસ્તાક્ષર કરશે નહીં. ઈરાને આ મુશ્કેલ સમયમાં ચીનને પોતાનો અત્યંત નજીકનો મિત્ર ગણાવ્યો છે અને અમેરિકી પગલાઓની નિંદા કરવા બદલ ચીનનો આભાર માન્યો છે.

### ઈરાન પાસે ઈમરજન્સી એલર્ટ હવામાં ચક્કર માર્યા બાદ વિમાન રહસ્યમય રીતે ગુમ

# અમેરિકન લશ્કરી વિમાન ગાયબ ઈરાન સરહદે બોઈંગ કેસી 135 લાપતા થતા ખળભળાટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. ઈરાન નજીક ફારસની ખાડીમાં ઉડાન ભરી રહેલું અમેરિકન એરફોર્સનું અત્યંત શક્તિશાળી લશ્કરી વિમાન રહસ્યમય રીતે ગાયબ થઈ ગયું છે. ગુમ થયેલું વિમાન બોઈંગ કેસી-૧૩૫ સ્ટેરૈટોંકર (KC-135 Stratotanker) હોવાનું બહાર આવ્યું છે. રડાર પરથી ગાયબ થતા પહેલા આ વિમાને કટોકટીના સમયે જારી કરવામાં આવતો ખાસ '૭,૭૦૦' સંદેશ (Squawk 7700) જારી કર્યો હતો, જે આકાશમાં કોઈ ગંભીર ટેકનિકલ ખામી અથવા જોખમનો સંકેત આપે છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં હાઈ-એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે.






#### ઉડાન ટ્રેકિંગમાં દેખાયા શંકાસ્પદ દ્રશ્યો

ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા અનુસાર, આ અમેરિકન વિમાન રડાર પરથી અદ્રશ્ય થયું તે પહેલા હવામાં અસામાન્ય રીતે ચક્કર મારી રહ્યું હતું. નિષ્ણાતોના મતે, આ પ્રકારની હિલચાલ ત્યારે જોવા મળે છે જ્યારે પ્લેન ઉતરાણ માટે જગ્યા શોધી રહ્યું હોય અથવા હવામાં કોઈ મોટી સમસ્યા સર્જાઈ હોય. વિમાનનો સંપર્ક ક્યાં અને કેવી રીતે તૂટ્યો તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ઈરાન તરફથી આ બાબતે હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી, જે રહસ્યમાં વધારો કરી રહ્યું છે.

#### ઉડતું ફ્યુઅલ સ્ટેશન છે કેસી-૧૩૫

ગુમ થયેલું કેસી-૧૩૫ વિમાન સામાન્ય પ્લેન નથી, પરંતુ તે અમેરિકન લશ્કર માટે એક 'ઉડતા ઈંધણ સ્ટેશન' તરીકે કામ કરે છે. તે હવામાં જ અન્ય ફાઈટર જેટ્સ અને બોમ્બર વિમાનોમાં ઈંધણ ભરવાની અદભૂત ક્ષમતા ધરાવે છે. આ પ્લેન ચાર શક્તિશાળી ટર્બોફેન એન્જિન દ્વારા સંચાલિત થાય છે અને તે ૩૭,૦૦૦ કિલોગ્રામથી પણ વધુ વજન વહન કરી શકે છે. તેનો ઉપયોગ એર એમ્બ્યુલન્સ તરીકે પણ કરવામાં આવે છે, જે યુદ્ધના સમયે ઘાયલ સૈનિકોને તાત્કાલિક સારવાર પૂરી પાડવામાં મદદરૂપ થાય છે. આ આધુનિક વિમાન ગાયબ થવાની ઘટનાએ અમેરિકન લશ્કરની ચિંતામાં વધારો કર્યો છે, કારણ કે આ પહેલા માર્ચ ૨૦૨૬માં જ પશ્ચિમી ઈરાકમાં ઈરાન સમર્થિત હુમલામાં અમેરિકાએ આવું જ એક કેસી-૧૩૫ પ્લેન ગુમાવ્યું હતું. તે સમયે 'ઈસ્લામિક રેઝિસ્ટન્સ' નામના જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. જોકે, હાલની ઘટનામાં હજુ સુધી કોઈ હુમલો થયો હોવાના પુરાવા મળ્યા નથી. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકન સેનાએ હજુ સુધી આ વિમાનની સચોટ સ્થિતિ કે તેના ગાયબ થવા પાછળના કારણો અંગે મૌન સેવ્યું છે.

અત્યારે સૌથી મોટો સવાલ એ છે કે શું આ વિમાન ઈરાની મિસાઈલનો શિકાર બન્યું છે કે પછી કોઈ ટેકનિકલ ખામી સર્જાઈ છે? ઈરાન અને અમેરિકા વચ્ચેના સંબંધો જે રીતે વણસેલા છે, તે જોતા આ ઘટના યુદ્ધની નવી જ્વાળાઓ ભડકાવી શકે છે. તથ્યો મુજબ, જો આ વિમાન ઈરાની હવાઈ ક્ષેત્રની નજીક હતું, તો તેની સુરક્ષા સામે મોટું જોખમ હતું જ. અમેરિકન નૌકાદળ અને સહયોગી દેશોની સેના હાલ ફારસની ખાડીમાં આ વિમાનના કાટમાળ અથવા સંભવિત લોકેશનને શોધવા માટે આકાશ-પાતાળ એક કરી રહી છે.

#### યુદ્ધની આશંકા અને વ્યૂહાત્મક અસરો

આ ઘટના મધ્ય પૂર્વના દેશોમાં ભારે ગભરાટ ફેલાવી રહી છે. જો આ વિમાન પર કોઈ હુમલો થયો હોવાનું સાબિત થશે, તો અમેરિકા તરફથી પલટવાર નક્કી છે. કેસી-૧૩૫ જેવા વ્યૂહાત્મક વિમાનનું ગુમ થવું એ અમેરિકા માટે માત્ર આર્થિક નુકસાન નથી, પરંતુ તેના ઓપરેશનલ પ્લાન પર પણ મોટી અસર પાડે છે. અત્યારે સમગ્ર વિશ્વની નજર અમેરિકન લશ્કરના સત્તાવાર નિવેદન પર ટકેલી છે.

# અમેરિકા પર દેવાનો ડુંગર ડોનાલ્ડ ટ્રમ્પ માટે મોટું જોખમ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 06

વિશ્વની સૌથી મોટી મહાસત્તા ગણાતું અમેરિકા અત્યારે બેવડા સંકટમાં ફસાયેલું જોવા મળી રહ્યું છે. એક તરફ ઈરાન સાથેના વધતા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચિંતા વધી છે, તો બીજી તરફ દેશની આંતરિક આર્થિક સ્થિતિ અત્યંત સ્ફોટક બની ગઈ છે. બીજા વિશ્વયુદ્ધ પછીના ઈતિહાસમાં પ્રથમ વખત અમેરિકાનું કુલ રાષ્ટ્રીય દેવું તેની અર્થવ્યવસ્થાના કદ એટલે કે જીડીપી કરતાં પણ વધી ગયું હોવાનું સામે આવ્યું છે.

તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, એપ્રિલ ૨૦૨૬ના અંત સુધીમાં અમેરિકા પરનું કુલ દેવું ૩૧.૨૭ ટ્રિલિયન ડૉલરના આંકડાને પાર કરી ગયું છે. આ આંકડો દેશની ૩૧.૨૨ ટ્રિલિયન ડૉલરની જીડીપી કરતાં પણ વધુ છે. 'કમિટી ફોર એ રિસ્પોન્સિબલ ફેડરલ બજેટ' દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, અમેરિકા પર દેવાનો ડુંગર છેલ્લા એક દાયકામાં લગભગ બમણો થઈ ગયો છે. વર્ષ ૨૦૧૭માં જે દેવું ૨૦.૨ ટ્રિલિયન ડૉલર હતું, તે વર્ષ ૨૦૨૬માં ૩૯.૨ ટ્રિલિયન ડૉલરના વિક્રમી સ્તરે પહોંચી ગયું છે, જે વૈશ્વિક બજાર માટે ખતરાની ઘંટડી સમાન છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ આર્થિક પછડાટ પાછળ ટેક્સમાં ભારે કાપ અને દેવાની વ્યાજ ચુકવણીમાં થયેલો તોતિંગ વધારો મુખ્ય જવાબદાર છે. અમેરિકામાં વૃદ્ધોની વસ્તી વધી રહી હોવાથી સામાજિક સુરક્ષા અને સ્વાસ્થ્ય સેવાઓ પાછળ સરકારી ખર્ચમાં મોટો ઉછાળો આવ્યો છે. હાલની સ્થિતિ એટલી વિકટ છે કે અમેરિકા તેના સંરક્ષણ બજેટ કરતા વધુ રકમ તો માત્ર દેવાના વ્યાજ પેટે ચૂકવી રહ્યું છે, જેનો આંકડો વાર્ષિક ૧ ટ્રિલિયન ડૉલરને આંબી ગયો છે.

# તીસ્તા જળ વિવાદ હવે ભારતની રાહ નહીં જોઈએ ચીન સાથે હાથ મિલાવશે બાંગ્લાદેશ

#### ચીન સાથે હાથ મિલાવશે બાંગ્લાદેશ તીસ્તા નદી માટે આક્રમક પ્લાન

(એજન્સી) ઢાકા । તા. 06

પડોશી દેશ બાંગ્લાદેશે ભારત સામે અત્યાર સુધીનું સૌથી આક્રમક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે તે હવે તીસ્તા નદીના જળ વહેંચણી મામલે ભારતની રાહ જોવા તૈયાર નથી. પશ્ચિમ બંગાળમાં થયેલા સત્તા પરિવર્તન અને ભારતીય જનતા પાર્ટીની ઐતિહાસિક જીત બાદ બાંગ્લાદેશના વિદેશ મંત્રી ખલીલુર રહેમાને મંગળવારે એક મોટું નિવેદન આપીને દક્ષિણ એશિયાના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. તેમણે સીધો સંકેત આપ્યો છે કે બાંગ્લાદેશ હવે પોતાની નદી પરિયોજનાઓ પૂર્ણ કરવા માટે ચીનનો સહારો લેશે. આ નિવેદન ભારત માટે વ્યૂહાત્મક રીતે ચિંતાનો વિષય બની શકે છે, કારણ કે ચીનનો દક્ષિણ એશિયામાં વધતો પ્રભાવ



હંમેશા વિવાદનું કેન્દ્ર રહ્યો છે.

બાંગ્લાદેશના વિદેશ મંત્રી ખલીલુર રહેમાન ટૂંક સમયમાં જ બેઈજિંગની સત્તાવાર મુલાકાતે જવાના છે. આ પ્રવાસ પૂર્વે તેમણે મીડિયા સમક્ષ હૂંકાર કર્યો હતો કે તીસ્તા નદી પરિયોજના તેમના દેશના કૃષિ અને અર્થતંત્ર માટે જીવનરેખા સમાન છે. ભારત તરફથી આ મુદ્દે કોઈ નક્કર ઉકેલ ન આવતા હવે બાંગ્લાદેશ ચીન પાસેથી મોટા રોકાણ અને રાહત દરે લોન મેળવવા માટે મંત્રણા કરશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, બાંગ્લાદેશ આ પ્રોજેક્ટમાં ચીની એન્જિનિયરો અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને નદીના સંરક્ષણ અને સિંચાઈ વ્યવસ્થાને સુધારવા માંગે છે. ચીની વિદેશ મંત્રી વાંગ યી સાથેની આ મુલાકાતમાં તીસ્તા કરાર કેન્દ્રસ્થાને રહેશે તેવું નિશ્ચિત માનવામાં આવે છે. પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના વિજય બાદ પાડોશી દેશના વલણમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. જ્યારે વિદેશ મંત્રી રહેમાનને પૂછવામાં આવ્યું કે શું બંગાળની નવી સરકાર તીસ્તા કરાર પર સહમત થશે, ત્યારે તેમણે રોકડું પરખાવ્યું હતું કે, 'બંગાળમાં નવી સરકાર શું વિચારશે તે જાણવામાં અમને રસ નથી. અમે અમારા દેશના હિતો માટે હવે વધુ સમય બગાડી શકીએ તેમ નથી.' મીડિયા અહેવાલ મુજબ, બાંગ્લાદેશ સરકારને લાગે છે કે ભારતના આંતરિક રાજકારણને કારણે તીસ્તાનો મુદ્દો દાયકાઓથી અટવાયેલો રહ્યો છે અને હવે તેઓ અન્ય વિકલ્પો પર કામ કરવા માટે સ્વતંત્ર છે.

**આગાહી** | **સુપર અલ-નીનોની ભવિષ્યવાણી મેઘરાજા રિસાશે અને ગરમી વધશે**

# પૃથ્વીના ઈતિહાસનું અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ બનશે 2026

(એજન્સી) કેનબેરા । તા. 06

વિશ્વના પ્રસિદ્ધ હવામાન વૈજ્ઞાનિક ડૉ. જેમ્સ હાનસેને માનવજાત માટે અત્યંત ચિંતાજનક અને ભયાનક ચેતવણી આપી છે. તેમના નવીનતમ અભ્યાસ મુજબ, વર્ષ ૨૦૨૬ સમગ્ર પૃથ્વીના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ સાબિત થવા જઈ રહ્યું છે. વધતું જતું ગ્લોબલ વોર્મિંગ અને પ્રશાંત મહાસાગરમાં સર્જાઈ રહેલા શક્તિશાળી 'સુપર અલ-નીનો'ના ખતરનાક મિશ્રણને કારણે વર્ષ ૨૦૨૪માં નોંધાયેલા ગરમીના તમામ રેકોર્ડ તૂટી જવાની પ્રબળ આશંકા છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ વર્ષે પૃથ્વીનું તાપમાન એટલી હદે વધી શકે છે કે તે પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્ય માટે અસહ્ય બની જશે.

આપણે સૌ જાણીએ છીએ કે વર્ષ ૨૦૨૪ અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન ધરાવતું વર્ષ રહ્યું છે, જેમાં ઔદ્યોગિક ક્રાંતિ પહેલાના સ્તર કરતા પૃથ્વીના તાપમાનમાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો હતો. જોકે, ૨૦૨૫માં પણ આ પ્રકોપ જારી રહ્યો છે,



પરંતુ ડૉ. હાનસેનના મતે ૨૦૨૬ની સ્થિતિ વધુ વિકરાળ હશે. કોલંબિયા યુનિવર્સિટીના આ વૈજ્ઞાનિકે ભારપૂર્વક જણાવ્યું છે કે આ માત્ર અંદાજ નથી, પરંતુ જટિલ ગાણિતિક મોડલ્સ અને વૈજ્ઞાનિક તથ્યો પર આધારિત એક ગંભીર સૂચના છે. માર્ચ ૨૦૨૬ સુધીમાં મહાસાગરોના ઉપરના પડનું તાપમાન સામાન્ય કરતા ૧.૬ ડિગ્રી વધુ નોંધાયું છે, જે ભવિષ્યના ભયાનક દ્રશ્યો તરફ ઈશારો કરે છે. પર્યાવરણીય સંકટનું મુખ્ય કારણ 'સુપર અલ-નીનો' માનવામાં આવી રહ્યું છે. અલ-નીનો એ એક એવી કુદરતી ઘટના છે જેમાં પ્રશાંત મહાસાગરનું પાણી અસામાન્ય રીતે ગરમ થાય છે. જ્યારે આ ગરમીની તીવ્રતા મર્યાદા વટાવી જાય, ત્યારે તેને સુપર અલ-નીનો કહેવામાં આવે છે. આનાથી પૃથ્વી પર પવનોની દિશા બદલાય છે અને વૈશ્વિક હવામાનમાં મોટો ઉથલપાથલ સર્જાય છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ૨૦૨૫ના ઉત્તરાર્ધમાં આ પ્રક્રિયા શરૂ થશે અને તેની મહત્તમ વિનાશક અસરો ૨૦૨૬માં જોવા મળશે. આના કારણે વિશ્વના અનેક હિસ્સાઓમાં અનિશ્ચિત હવામાન અને અતિશય ગરમીનો અનુભવ થશે.

ખેતીપ્રધાન દેશ હોવાને કારણે ભારત માટે આ આગાહી અત્યંત પડકારજનક સાબિત થઈ શકે છે. ખાસ કરીને ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતના રાજ્યો જેવા કે દિલ્હી, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં તાપમાન ૪૫ થી ૫૦ ડિગ્રી સેલ્સિયસની સપાટી વટાવી શકે છે. સુપર અલ-નીનોને કારણે ભારતીય ચોમાસું નબળું પડવાની અથવા વિલંબિત થવાની શક્યતા છે, જેનાથી કૃષિ ઉત્પાદન પર સીધી અસર પડશે.

# ઓસ્ટ્રેલિયાની ઈંધણ સુરક્ષા યોજના માટે અબજો ડોલરનું પેકેજ

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

વૈશ્વિક સ્તરે ઉર્જાના બજારમાં મચેલી અફરાતફરી અને હોર્મુઝની ખાડીમાં વધતા તણાવ વચ્ચે ઓસ્ટ્રેલિયાએ પોતાની ઉર્જા સાર્વભૌમત્વની રક્ષા માટે એક મોટું અને સાહસિક કદમ ઉઠાવ્યું છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે દેશને વૈશ્વિક પુરવઠાના આંચકાઓથી બચાવવા માટે ૧૦ અબજ ઓસ્ટ્રેલિયન ડોલર (આશરે ૭.૨૨ અબજ અમેરિકી ડોલર) ના તોતિંગ ખર્ચે રાષ્ટ્રીય ઈંધણ અનામત બનાવવાની જાહેરાત કરી છે.

ઓસ્ટ્રેલિયાની ઈંધણ સુરક્ષા યોજના હેઠળ સરકાર માલિકીનું એક વિશાળ રિઝર્વ ઊભું કરવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, આ યોજના અંતર્ગત આશરે ૧ અબજ લિટર ઈંધણનો સંગ્રહ કરવામાં આવશે, જે દેશને ઓછામાં ઓછા ૫૦ દિવસ સુધી કોઈપણ આંતરરાષ્ટ્રીય વિક્ષેપ વગર કાર્યરત રાખવા સક્ષમ બનાવશે. વડાપ્રધાન અલ્બેનિસે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ પહેલનો હેતુ માત્ર વર્તમાન કટોકટીનો સામનો કરવાનો નથી, પરંતુ ભવિષ્યમાં પણ ઓસ્ટ્રેલિયાના ઉર્જા હિતોનું રક્ષણ કરવાનો છે.

હાલમાં ઓસ્ટ્રેલિયા તેની ઈંધણની જરૂરિયાતના લગભગ ૮૦ ટકા આયાત પર નિર્ભર છે. હોર્મુઝની ખાડીમાં ચાલી રહેલી નાકાબંધીને કારણે દેશમાં પહેલેથી જ સ્થાનિક સ્તરે ઈંધણની અછત વર્તાઈ રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ હોર્મુઝમાં 'પ્રોજેક્ટ ફ્રીડમ' ને થોડા સમય માટે સ્થગિત કરવાની જાહેરાત કરી છે, જેથી ઈરાન સાથે શાંતિ સમજૂતીની વાટાઘાટો થઈ શકે. જોકે, ત્યાં હજુ પણ દરિયાઈ નાકાબંધી ચાલુ છે, જે ઓસ્ટ્રેલિયા જેવા આયાતકાર દેશો માટે ચિંતાનો વિષય છે.

## મોડી રાત્રે અમૃતસરમાં આર્મી કેમ્પ પર ગ્રેનેડ હુમલો થયો; ખાલિસ્તાનીઓએ જવાબદારી લીધી

# જલંધરમાં BSF હેડક્વાર્ટર બહાર IED બ્લાસ્ટ

(એજન્સી) જલંધર | તા 06

જલંધરમાં BSF હેડક્વાર્ટર સામે મંગળવારે રાત્રે ધમાકો થયો. તેમાં ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (IED)ના ઉપયોગની વાત કહેવામાં આવી રહી છે. સદનસીબે, આ ધમાકામાં કોઈને ઈજા થઈ ન હતી.

આ ધમાકાની જવાબદારી ખાલિસ્તાની સંગઠન ખાલિસ્તાન લિબરેશન આર્મી (KLA) એ એક પોસ્ટ શેર કરીને લીધી છે. જોકે, પોલીસ તેની પુષ્ટિ કરી રહી નથી. પોસ્ટમાં લખ્યું છે કે ડીઆઈજી સંદીપ ગોયલ અને તેમનો પરિવાર નિશાન પર છે. એટલું લોહી વહાવીશું કે બધું લાલ દેખાશે.

જલંધરમાં PAP ચોક પાસે રાત્રે 7:57 વાગ્યે સ્કૂટી પાસે ધમાકો થયો. સૂત્રો અનુસાર એક આતંકવાદી PAP ચોક તરફથી રોંગ સાઇડથી પગપાળા આવતો દેખાયો. તે સીધો તે સ્થળે પહોંચ્યો, જ્યાં ફૂટપાથ પર એક્ટિવા ઊભી હતી. યુવકે પ્લાસ્ટિકમાં લપેટાયેલું પેકેટ ત્યાં છોડ્યું અને બસ સ્ટેન્ડ તરફ દોટ મૂકી. તેના થોડા સેકન્ડમાં જ ધમાકો થયો.

એજન્સીઓને આશંકા છે કે આગળ તેનો સાથી રાહ જોઈ રહ્યો હતો અને તે કોઈ વાહનમાં બેસીને ભાગી ગયો. ફોરેન્સિક ટીમને ઘટનાસ્થળેથી બોમ્બના ફાટેલા ટુકડા મળ્યા છે. આજે CM ભગવંત માન જલંધર આવવાના છે. તે પહેલા આ ઘટના બની ગઈ. તે જ સમયે, અમૃતસરમાં પણ આર્મી કેમ્પ ખાસાના ગેટ નંબર 5 અને 6 ની બહાર પણ રાત્રે લગભગ 11 વાગ્યે ગ્રેનેડ હુમલો થયો. આમાં ફક્ત ટીન શેડને નુકસાન થયું છે.











### ધમાકા પછી સામે આવેલી પોસ્ટમાં આ વાતો લખેલી હતી...

**પોસ્ટમાં લખ્યું છે કે- 5 મે 2026ના રોજ રાત્રે 8 વાગ્યે પંજાબમાં જલંધરના ફ્રન્ટિયર હેડક્વાર્ટર BSF પર એક IED હુમલો કરવામાં આવ્યો. KLA (ખાલિસ્તાન લિબરેશન આર્મી) આજે હુમલાની જવાબદારી લે છે, જે દરમિયાન 2 BSF સૈનિકો માર્યા ગયા અને 3 ઘાયલ થયા. આ હુમલો ઓપરેશન નવા સવેરાનો એક ભાગ છે, જે ત્યાં સુધી ચાલુ રહેશે, જ્યાં સુધી અમારા ભાઈ શહીદ રણજીત સિંહના લોહીનો બદલો પૂરો ન થાય અને ખાલિસ્તાન આઝાદ ન થાય. પોસ્ટમાં આગળ લખ્યું છે- ફરી એકવાર KLA ડીઆઈજી સંદીપ ગોયલને ચેતવણી આપે છે કે તમે, તમારું કુટુંબ અને તમારા સંબંધીઓ અમારું નિશાન છો. શહીદ રણજીત સિંહના લોહીનો બદલો તમારા નજીકના અને પ્રિયજનોના લોહીથી લેવામાં આવશે. ગોયલ પરિવારે ઘણા અત્યાચારો કર્યા છે. અમે એટલું લોહી વહાવીશું કે બધું લાલ દેખાશે. વિશેષ ધમાકાનો વીડિયો ટૂંક સમયમાં જારી કરવામાં આવી રહ્યો છે.**

### CPએ કહ્યું- સ્કૂટીમાં આગ લાગ્યા બાદ વિસ્ફોટ થયો

**જલંધર પોલીસ કમિશનર ધનપ્રીત કૌરે કહ્યું- સ્કૂટીમાં આગ લાગ્યા બાદ જ વિસ્ફોટ થયો છે. હાલ આ જ માહિતી મળી છે. સ્કૂટી પર બે છોકરા આવ્યા હતા, બંને છોકરાઓને પોલીસે અને સિક્યોરિટી ફોર્સે કસ્ટડીમાં લીધા છે. ફોરેન્સિક ટીમો તપાસમાં લાગી છે. જ્યારે CPને પૂછવામાં આવ્યું કે શું બપોરે ઉક્ત ક્રાઇમ સીન એરિયા પર બ્લાસ્ટનું એલર્ટ આવ્યું હતું? તેમનો જવાબ હતો- તો...? પછી તેમને પૂછવામાં આવ્યું કે તમે સર્ચ કરાવ્યું, ત્યારે પણ બ્લાસ્ટ થઈ ગયો? આના પર પણ CP બોલ્યા- તો...? આ પછી તેઓ ચાલ્યા ગયા.**

### હું રાહ જોઈ રહ્યો હતો, થોડી વારમાં ધમાકો થયો

**ડિલિવરી બોય ગુરપ્રીત સિંહ ઉર્ફે કિસે પોલીસ પૂછપરછમાં જણાવ્યું- હું પાર્સલ આપવા નહીં, પરંતુ લેવા આવ્યો હતો. મેં એક્ટિવા ફૂટપાથ પર ઊભી રાખી અને ગેટ પર પાર્સલ આપવા માટે ફોજીને ફોન કર્યો. હું રાહ જોઈ રહ્યો હતો, ત્યારે એક યુવક પાસેથી પસાર થયો. થોડીવાર પછી ધમાકો થયો. તેણે જણાવ્યું- હું ગભરાઈને ગેટ તરફ ભાગ્યો. બીએસએફના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા. ધમાકામાં એક્ટિવાની નંબર પ્લેટ ઉછળીને પડી ગઈ અને સ્કૂટીમાં આગ લાગી ગઈ. ત્યારબાદ પોલીસે મને કસ્ટડીમાં લીધો. એક મહિલા અધિકારીએ પોતાને એસપી ગણાવ્યા અને મને અંદર લઈ જવામાં આવ્યો. મારો આ મામલા સાથે કોઈ લેવાદેવા નથી.**



### અમૃતસરમાં ટીન શેડ ધરાશાયી

**અમૃતસર આર્મી કેમ્પ પર થયેલા વિસ્ફોટ અંગે SSP સોહેલ મીર કાસિમે જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બાઇક પર સવાર બે નકાબપોશ લોકોએ વિસ્ફોટકને હવામાં ઉછાળીને આર્મી કેમ્પ તરફ ફેંક્યો હતો. દિવાલ સાથે અથડાતા જ જોરદાર વિસ્ફોટ થયો હતો. ધડાકાથી ચાર દીવાલ પર સેના વિસ્તારને કવર કરવા માટે લગાવવામાં આવેલી ટીન શેડ તૂટી પડી. ગેટ નંબર 6 અને 7 વચ્ચેની દીવાલને પણ થોડું નુકસાન થયું છે. ધડાકાનો અવાજ સાંભળતા જ સૈન્ય અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને તપાસ શરૂ કરી. રાત્રે જ તપાસ એજન્સીઓ BSFમાંથી નિવૃત્ત થયેલા કાશ્મીર સિંહના ગઢા સ્થિત સડક મોહલ્લા પહોંચી હતી. અહીં ગુરપ્રીત વિશે માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જાણવા મળ્યું કે તે તેના મામાના ભાઈને ઘરે છોડીને સીધો BSF ચોક આવ્યો હતો. તપાસ બાદ ટીમ પરત ફરી હતી.**

---

*1 સ્ક્વોડ્રનમાં 8 લોન્ચર અને દરેક લોન્ચરમાં 4 મિસાઈલ, એક લાખ કરોડ રૂપિયાનો સોદો*

## એસ-400ના 5 નવા સ્ક્વોડ્રન ખરીદવાની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી | તા 06

ભારત સરકાર S-400 મિસાઈલોના 5 નવા સ્ક્વોડ્રન ખરીદવાની તૈયારી કરી રહી છે. તેના એક સ્ક્વોડ્રનમાં 8 લોન્ચર હોય છે અને દરેક લોન્ચરમાં 4 મિસાઈલ કન્ટેનર હોય છે. આ હિસાબે લગભગ 32 મોટી મિસાઈલો મળશે. ગયા વર્ષે 7 થી 10 મે વચ્ચે ચાલેલા ઓપરેશન સિંદૂરમાં આપણા એર ડિફેન્સ સિસ્ટમની S-400 મિસાઈલોએ પાકિસ્તાનમાં 300 કિલોમીટર અંદર ઘૂસીને કહેર વર્તાવ્યો હતો, હવે આપણા રક્ષા કાફલામાં તેમની સંખ્યા વધવા જઈ રહી છે.

ખરીદીની દિશામાં રશિયા સાથેની ચર્ચામાં સકારાત્મક પ્રગતિ થઈ છે. વાયુ સેના માટે 5 S-400નો પહેલો સોદો 2018માં થયો હતો. 3 સિસ્ટમ્સ મળી ચૂકી છે. રશિયાએ ખાતરી આપી છે કે બાકીની બે સિસ્ટમ અને ઓપરેશન સિંદૂરમાં વપરાયેલી બેટરીની મિસાઈલો પણ આગામી 6 મહિનામાં આપી દેશે.

રશિયા મુજબ આ પછી નવા સ્ક્વોડ્રન આવશે. આ રીતે બંને સોદા લગભગ એક લાખ કરોડ રૂપિયાના હશે. DRDO S-400 જેવી જ ઈન્ટરસેપ્ટર મિસાઈલો બનાવી રહ્યું છે. આ પ્રોજેક્ટ કુશા છે. આમાં M-1, 2 અને 3 મિસાઈલો બની રહી છે, જેમની રેન્જ 105 થી 350 કિમી હશે.

### પ્રથમ ડીલ 40 હજાર કરોડમાં થઈ હતી

**પ્રથમ ડીલ 40 હજાર કરોડમાં થઈ હતી. બીજી ડીલ પર રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત યાત્રા દરમિયાન સહમતિ બની હતી. તેમની સપ્લાયનો રોડમેપ તૈયાર થઈ ગયો છે. યુદ્ધના કારણે રશિયાથી ડિલિવરીમાં વિલંબ થઈ રહ્યો હતો. હવે ભારતને ખાતરી આપવામાં આવી છે કે આગામી 6 મહિનામાં બાકીના બે સ્ક્વોડ્રન સપ્લાય કરી દેવામાં આવશે.**

---

## મમતાએ કહ્યું- રાજીનામું નહીં આપું, જનાદેશથી નહીં અમે ષડયંત્રથી હાર્યા

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા 06

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારે કોલકાતામાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું- હું CM પદ પરથી રાજીનામું નહીં આપું. અમે જનાદેશથી નહીં, ષડયંત્રથી હાર્યા છીએ. તેથી રાજીનામું આપવા રાજભવન નહીં જાઉં. મમતાએ આગળ કહ્યું- ચૂંટણી પંચ અસલી વિલન છે. તેણે ભાજપ સાથે મળીને 100 બેઠકો લૂંટી. હવે મારી પાસે કોઈ ખુરશી નથી, હું આઝાદ પક્ષી છું. ક્યાંયથી પણ ચૂંટણી લડી શકું છું, રસ્તાઓ પર રહીશ. આ તરફ, કોલકાતાના ન્યૂટાઉન વિસ્તારમાં એક ભાજપ કાર્યકરની માર મારીને હત્યા કરી દેવામાં આવી. આરોપ છે કે, મોટા અવાજે મ્યુઝિક વગાડવા પર TMCના એક કાર્યકર અને તેના સાથીઓએ માર મારીને ભાજપ કાર્યકરનો જીવ લઈ લીધો. ઘટના બાદ વિસ્તારમાં તણાવનો માહોલ છે. પશ્ચિમ બંગાળ સહિત 5 રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો સોમવારે આવી ચૂક્યા છે. બંગાળમાં ભાજપે 293 માંથી 207 બેઠકો જીતી લીધી છે. પાર્ટી 9 મેના રોજ રાજ્યમાં પહેલીવાર સરકાર બનાવવા જઈ રહી છે. TMC માત્ર 80 બેઠકો જીતી શકી.

---

*યુપીના ગાઝિયાબાદમાં કરા પડ્યા, MP-બિહારમાં વરસાદ; રાજસ્થાનમાં તાપમાન 40°C થી નીચે*

## છત્તીસગઢમાં ભારે વરસાદથી હાઈવે, ઘર પાણીમાં ગરકાવ

(એજન્સી) છત્તીસગઢ | તા 06

ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતમાં વરસાદનો દોર ચાલુ છે. છત્તીસગઢમાં મંગળવારે ભારે વરસાદ થયો. આનાથી કાંકેરના ચારામામાં નેશનલ હાઈવે-30 પર ઘૂંટણ સુધી પાણી ભરાઈ ગયું. મનેંદ્રગઢના જનકપુરમાં વરસાદનું પાણી લોકોના ઘરમાં ઘૂસી ગયું. પેંડ્રામાં વાવાઝોડાથી ઘણા વૃક્ષો તૂટીને પડી ગયા.

યુપીના ગાઝિયાબાદમાં ભારે વરસાદ સાથે કરા પડ્યા. વરસાદને કારણે આખા યુપીમાં મહત્તમ તાપમાન 40C થી નીચે આવી ગયું છે.

આનાથી લોકોને ગરમીથી રાહત મળી છે. રાજસ્થાનમાં બાડમેર અને ફલોદી સિવાયના બાકીના બધા શહેરોમાં તાપમાન 40C થી નીચે રહ્યું.

અહીં, બિહાર અને મધ્ય પ્રદેશમાં પણ વરસાદનો દોર ચાલુ છે. બિહારમાં છેલ્લા 24 કલાકમાં 89.7 MM વરસાદ નોંધાયો, જે સામાન્ય કરતાં 182% વધુ છે. રાજ્યમાં 7 મે સુધી વાવાઝોડા-વરસાદ ચાલુ રહેશે.


એમપીના 28 જિલ્લાઓમાં બુધવારે ભારે વાવાઝોડા સાથે વરસાદનું એલર્ટ છે. ભારતીય હવામાનની દ્રષ્ટિએ આવનારા દિવસો ઘણા ઉથલપાથલભર્યા સાબિત થઈ શકે છે. એક તરફ જ્યાં અરબી સમુદ્રમાં ચોમાસા પહેલાના ચક્રવાતી તોફાનના સંકેતો મળી રહ્યા છે, ત્યાં બીજી તરફ રાહત આપતી વરસાદ અને તેજ પવનો શાંત થયા પછી ઉત્તર ભારતમાં ગરમીનો નવો દોર શરૂ થવા જઈ રહ્યો છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં વાવાઝોડા અને વરસાદનો દોર ચાલુ છે, પરંતુ આ સ્થિતિ 10 મે પછી સંપૂર્ણપણે બદલાવાની છે.

હવામાન વૈજ્ઞાનિકો અને ઐતિહાસિક આંકડાઓના વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે 10 મે આસપાસ દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રના વિષુવવૃત્તીય ક્ષેત્રમાં એક ચક્રવાતી સિસ્ટમ બની શકે છે. તેનાથી વરસાદ-તોફાન સંભવ છે.

---

## ઓપરેશન સિંદૂર : સંકલ્પ, જેણે ભારતની વ્યૂહાત્મક ભૂમિકાને ફરીથી વ્યાખ્યાયિત કરી

ઓપરેશન સિંદૂરની વર્ષગાંઠ ફક્ત ઉજવણી કરવાની તારીખ નથી; તે ભારતના વ્યૂહાત્મક વિચારસરણીમાં થયેલા ગહન અને નિર્ણાયક પરિવર્તન પર ચિંતન કરવાની ક્ષણ છે. 7 મે, 2026ની ઘટનાઓ ફક્ત એક સફળ લશ્કરી કાર્યવાહી જ નહોતી - તેમણે રાજકીય ઈચ્છાશક્તિ, લશ્કરી તૈયારી, તકનીકી ક્ષમતા અને રાષ્ટ્રીય સંકલ્પના સમન્વય પર ભાર મૂક્યો. ઘણી રીતે, ઓપરેશન સિંદૂરને જટિલ, બહુ-ડોમેન વાતાવરણમાં ભારતના ભાવિ સંઘર્ષ કામગીરી માટે એક નિર્ણાયક મોડેલ તરીકે યાદ કરવામાં આવશે.આ સફળતાના મૂળમાં અતૂટ રાજકીય સ્પષ્ટતા હતી. દાયકાઓ સુધી, સીમા-પારની ઉશ્કેરણીજનક ઘટનાઓ પર ભારતની પ્રતિક્રિયા ઘણીવાર સ્વ-નિર્ધારિત સંયમમાં જ મર્યાદિત રહેતી હતી. ઓપરેશન સિંદૂરે સંયમનો ત્યાગ કરવાનો નહીં, પરંતુ તેના પરિષ્કારને રેખાંકિત કર્યો– તે સંવેદનશીલતાથી બળનો ઉપયોગ કરવાની, ચોક્કસ વ્યૂહાત્મક સંદેશાઓ પહોંચાડવાની અને જરૂર પડે ત્યારે પરિસ્થિતિને નિર્ણાયક રીતે વધારવાની ક્ષમતા જાળવી રાખવાની ભારતની ક્ષમતા દર્શાવે છે. રાજકીય નેતૃત્વએ ન માત્ર નિર્ણાયક કાર્યવાહી કરવાનો ઈરાદો બતાવ્યો, પરંતુ સૈન્ય કમાન્ડરોને સંચાલનમાં અનુકૂળતાથી સશક્ત કરવાનો આત્મવિશ્વાસ પણ દર્શાવ્યો. હેતુની આ સ્પષ્ટતા ગતિ, ચોકસાઈ અને સુસંગતતામાં પરિણમી - ત્રણ લાક્ષણિકતાઓ જે સફળ આધુનિક લશ્કરી કામગીરીને વ્યાખ્યાયિત કરે છે. રાજકીય ઈચ્છાશક્તિ, જ્યારે સંસ્થાકીય ક્ષમતા સાથે જોડાય છે, ત્યારે તે બળ ગુણક બની જાય છે. 'ઓપરેશન સિંદૂર' આ તાલમેલનું એક ઉત્તમ ઉદાહરણ હતું. ભારતની બહુ-ક્ષેત્ર ક્ષમતાઓનું સીમલેસ એકીકરણ પણ એટલું જ મહત્વપૂર્ણ હતું. આધુનિક યુદ્ધ હવે માત્ર ભૂમિ, સમુદ્ર અને હવા સુધી મર્યાદિત નથી; તે સાયબર, અવકાશ અને ઈલેક્ટ્રોમેગ્નેટિક પરિમાણો સુધી પણ ફેલાઈ ગયું છે. ઓપરેશન સિંદૂરે આ ક્ષેત્રોમાં પ્રભાવ પેદા કરવામાં ભારતની વધતી જતી દક્ષતાને પ્રદર્શિત કરી. સચોટ હુમલાઓમાં સાયબર સંચાલને પૂરક ભૂમિકા ભજવી, જેણે વિરોધીઓની સંદેશાવ્યવહાર અને લોજિસ્ટિક્સ વ્યવસ્થાને ખોરવી નાખી. વિશેષ રૂપે હુમલા પછીના નુકસાનનું આકલન કરવામાં, અવકાશ આધારિત ઉપકરણોએ વાસ્તવિક સમયમાં દેખરેખ અને લક્ષ્ય-નિર્ધારણ સુનિશ્ચિત કર્યું, જ્યારે ઈલેક્ટ્રોનિક યુદ્ધ ક્ષમતાઓએ શત્રુની વળતી કાર્યવાહીને નબળી પાડી દીધી. આ અભિયાને સંયુક્ત કાર્યક્ષમતામાં પરિપક્વતાને પ્રતિબિંબિત કરી–સમન્વયથી આગળ વધીને સાચા એકીકરણ સુધી. નાગરિક-લશ્કરી એકીકરણની ભૂમિકા ખાસ ધ્યાન આપવાને પાત્ર છે. ઓપરેશન સિંદૂર એકલ લશ્કરી કામગીરી ન હતી; તે એક રાષ્ટ્રવ્યાપી પ્રયાસ હતો. ગુપ્તચર એજન્સીઓ, તકનીકી સંસ્થાઓ અને નાગરિક નેતૃત્વ સશસ્ત્ર દળો સાથે સંકલનમાં કામ કરતા હતા. સ્વદેશી ટેકનોલોજીઓ - સર્વેલન્સ સિસ્ટમ્સથી લઈને ચોકસાઈવાળા શસ્ત્રો સુધી - એ એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જે આત્મનિર્ભરતામાં સતત રોકાણના ફાયદાઓને પ્રકાશિત કરે છે. આ અભિયાનએ ભારતની નિર્ણય લેવાની વ્યવસ્થાની કાર્યક્ષમતાને પણ દર્શાવી, જ્યાં વિવિધ એજન્સીઓ વચ્ચેનું સમન્વય બ્યુરોક્રેટિક નિષ્ક્રિયતાથી અવરોધિત થવાને બદલે, એક સામૂહિક હેતુની ભાવનાથી પ્રેરિત રહ્યું હતું. અભિયાન પહેલા અને અભિયાન દરમિયાન ભારતની પહેલોમાં વ્યૂહાત્મક દૂરોગામી દૃષ્ટિ ઝળકતી હતી. રાજદ્વારી સંવાદે સુનિશ્ચિત કર્યું કે ભારતની કાર્યવાહીઓને વૈશ્વિક સ્તરે સાચા સંદર્ભમાં સમજવામાં આવે–સચોટ, આવશ્યક અને સમાનુપાતી. બીજી તરફ, પાકિસ્તાનની પ્રતિક્રિયા એક અનુમાનિત માર્ગનું પાલન કરી રહી હતી. સૈન્ય દૃષ્ટિએ, તે સુસંગત જવાબ આપવામાં સંઘર્ષ કરતું રહ્યું, જેને ક્ષમતાની અછત અને આશ્ચર્યના તત્વ બંનેએ મર્યાદિત કર્યું. રાજદ્વારી રીતે, તેણે સ્થિતિને આંતરરાષ્ટ્રીય રૂપ આપવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેને મર્યાદિત સફળતા મળી. જોકે, તેની પ્રતિક્રિયાનું સૌથી સ્પષ્ટ પાસું માહિતી ક્ષેત્રમાં હતું. વાસ્તવિક પરિસ્થિતિઓને છુપાવવાના પ્રયાસમાં ખોટી માહિતીનો ચાલાકીથી મારો ચલાવવામાં આવ્યો. તેમ છતાં, વિશ્વસનીયતા અને સુસંગત વ્યવસ્થા સામાન્ય રીતે ગેરહાજર હતી. વાસ્તવિક સમયની માહિતી અને વૈશ્વિક દેખરેખના યુગમાં, આવી વાર્તાઓ ઝડપથી ખુલ્લી પડી જાય છે. આ ખોટા પ્રચારનો સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ સાથે સામનો કરવો અને વિરોધ કરવો જરૂરી છે. ઓપરેશન સિંદૂર એ ભારતીય આક્રમણનું કૃત્ય નહોતું, પરંતુ સ્પષ્ટ ઉશ્કેરણીનો સંતુલિત પ્રતિભાવ હતો. ઉદ્દેશ્યો ચોક્કસ હતા, લક્ષ્યો કાયદેસર હતા અને અમલ શિસ્તબદ્ધ હતો. ભારતની ક્રિયાઓ પ્રમાણસરતા અને આવશ્યકતાના સિદ્ધાંતોનું પાલન કરતી હતી; જે સંયમના લક્ષણ છે. ભારતે સમગ્ર પ્રક્રિયા દરમિયાન માહિતીની અખંડિતતા જાળવી રાખી. પારદર્શિતા જાળવી રાખીને અને વિશ્વસનીય સંદેશાવ્યવહાર ચેનલોનો ઉપયોગ કરીને, ભારતે વાર્તાને વિકૃત કરવાના પ્રયાસોને અસરકારક રીતે નિષ્ફળ બનાવ્યા. ઓપરેશન સિંદૂરથી ભવિષ્ય માટે મૂલ્યવાન માર્ગદર્શન આપતા અનેક પાઠ શીખવા મળ્યા છે. પ્રથમ, રાજકીય ઈચ્છાશક્તિની મુખ્ય ભૂમિકાને ઓછી આંકી શકાય નહીં. વ્યૂહાત્મક અસ્પષ્ટતા ઘણીવાર વિરોધીઓને પ્રોત્સાહન આપે છે; સ્પષ્ટતા તેમને નિરાશ કરે છે. બીજું, બહુ-ડોમેન એકીકરણનો વિકાસ ચાલુ રાખવો જોઈએ. સાયબર, અવકાશ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં સતત રોકાણ કરવું મહત્વપૂર્ણ રહેશે. ત્રીજું, રાષ્ટ્રીય શક્તિના સંકલિત ઉપયોગને સુનિશ્ચિત કરવા માટે નાગરિક-લશ્કરી સંકલનને વધુ સંસ્થાકીય બનાવવું જોઈએ. માહિતી યુદ્ધના ક્ષેત્રમાં બીજો એક મહત્વપૂર્ણ પાઠ રહેલો છે. ધારણાની લડાઈ સતત અને સીમાવિહીન છે. ભારતે ખોટી માહિતી શોધવા, તેનો સામનો કરવા અને તેને દૂર કરવા માટે તેની ક્ષમતાઓને મજબૂત બનાવવી જોઈએ. આમાં ફક્ત તકનીકી સાધનો જ નહીં પરંતુ ઝડપી અને વિશ્વસનીય સંદેશાવ્યવહાર માટે સંસ્થાકીય પદ્ધતિઓનો પણ સમાવેશ થાય છે. વ્યૂહાત્મક સફળતા ટકાવી રાખવા માટે વાર્તા જીતવી જરૂરી છે. ઓપરેશન સિંદૂર સંરક્ષણ ક્ષમતાઓમાં આત્મનિર્ભરતાના મહત્વને પણ સુદ્રઢ કરે છે. સ્વદેશી પ્રણાલીઓએ પોતાની યોગ્યતા સાબિત કરી, જેનાથી બાહ્ય સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટી અને સંચાલન સાથે જોડાયેલી સ્વાયત્તતા વધી. સંશોધન, વિકાસ અને નવાચારમાં નિરંતર રોકાણ દ્વારા આ ગતિને જાળવી રાખવી જોઈએ. આ પ્રયાસમાં જાહેર અને ખાનગી ક્ષેત્રો વચ્ચેનો તાલમેલ મહત્વપૂર્ણ રહેશે. અંતતઃ, આ અભિયાન અસ્થિર સુરક્ષા વાતાવરણમાં હંમેશા તૈયાર રહેવાની આવશ્યકતાને રેખાંકિત કરે છે. નિવારણએ સ્થિર વિભાવના નથી; તેને પ્રદર્શિત ક્ષમતા અને સંકલ્પ દ્વારા મજબૂત બનાવવી જોઈએ. ઓપરેશન સિંદૂરે એક પરિમાણ સ્થાપિત કર્યું છે, પરંતુ આ સ્થિતિ જાળવી રાખવા માટે તાલીમ, આધુનિકીકરણ અને સૈદ્ધાંતિક વિકાસ દ્વારા સતત પ્રયાસની જરૂર છે. જ્યારે ભારત ઓપરેશન સિંદૂરની વર્ષગાંઠ પર વિચાર કરે છે, ત્યારે વ્યાપક સંદેશાઓ સ્પષ્ટ છે. આ વ્યૂહાત્મક નિવેદન સાથેનું એક અભિયાન હતું. તેણે એ બતાવ્યું કે ભારત પાસે પોતાના હિતોની રક્ષા કરવાની નિર્ણાયક ક્ષમતા અને ઈચ્છા બંને છે. તેણે એ દર્શાવ્યું કે સંયમ અપનાવવો એક વિકલ્પ છે–અનિવાર્યતા નહીં. આવનારા વર્ષોમાં, ઓપરેશન સિંદૂરનો અભ્યાસ બહુ-ક્ષેત્રીય પ્રભાવી અભિયાનોના ઉદાહરણ તરીકે કરવામાં આવશે, જેમાં મજબૂત રાજકીય નેતૃત્વ અને રાષ્ટ્રીય એકજૂથતાના તત્વો રહેલા છે. તેણે અપેક્ષાઓને ફરીથી વ્યાખ્યાયિત કરી છે–ભારતની અંદર અને દેશની બહાર બંનેમાં. તેનાથી પણ વધુ મહત્વનું, તેણે એક સરળ પણ શક્તિશાળી સિદ્ધાંતને સુદ્રઢ કર્યો છે; જ્યારે રાષ્ટ્રીય સંકલ્પનું ક્ષમતા સાથે સંયોજન થાય છે, ત્યારે પરિણામો નિર્ણાયક હોય છે. ઓપરેશન સિંદૂરનો વારસો માત્ર તેની તાત્કાલિક સફળતા સુધી મર્યાદિત નથી. તે એ આત્મવિશ્વાસમાં રહેલો છે જે તેણે પેદા કર્યો છે, એ પાઠોમાં રહેલો છે, જે તેણે આત્મસાત કર્યા છે અને એ માર્ગમાં રહેલો છે, જે તેણે ભારતના વ્યૂહાત્મક ભવિષ્ય માટે નિર્ધારિત કર્યો છે. વણઉકેલાયેલા સંઘર્ષો ભારતની પરીક્ષા લેતા રહેશે–વિવિધ ક્ષેત્રોમાં અને વિકસિત થતા પ્રરૂપોમાં. તેમ છતાં, જ્યાં સુધી દેશના રાજકીય, લશ્કરી અને સંસ્થાકીય વિભાગો સાથે મળીને કામ કરશે, તેમની ક્ષમતાઓને સ્પષ્ટતા અને હેતુ સાથે સંકલિત કરશે, ત્યાં સુધી પ્રભાવનું સંતુલન ભારતના પક્ષમાં રહેશે.



-લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈન (નિવૃત્ત)રાજ્યપાલ, બિહાર અને પૂર્વ કમાન્ડર ચિનાર કોર્પ્સ, શ્રીનગર

---

## ચાના કન્ટેનર પરિવહનને પ્રોત્સાહન આપવા માટે NFR એ હિસ્સેદારો સાથે બેઠક યોજી

માલીગાંવ : કન્ટેનર દ્વારા ચાના પરિવહનને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ 6 મે, 2026 ના રોજ માલીગાંવ સ્થિત તેના ઝોનલ મુખ્યાલય ખાતે એક બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં લોજિસ્ટિક્સ ઓપરેટરો, ચા સંગઠનો, નિકાસકારો અને ઉત્પાદકો સહિત ચા ઉદ્યોગના મુખ્ય હિસ્સેદારોને એકઠા કરવામાં આવ્યા હતા.આસામ વાર્ષિક આશરે 160 મિલિયન કિલોગ્રામ નિકાસ-લક્ષી ચાનું ઉત્પાદન કરે છે. કાર્યક્ષમ લોજિસ્ટિક્સની વધતી માંગને ધ્યાનમાં રાખીને, આ પહેલનો હેતુ રેલ-આધારિત કન્ટેનર સેવાઓ દ્વારા ચાના માલના પરિવહનને વેગ આપવાનો છે. આ સેવાઓ ખર્ચ-અસરકારકતા, વિશ્વસનીયતા, ઝડપી પરિવહન સમય, હેન્ડલિંગ દરમિયાન ઘટાડો નુકસાન અને પર્યાવરણને અનુકૂળ પરિવહન જેવા અસંખ્ય ફાયદાઓ પ્રદાન કરે છે. NFR ઉત્તરપૂર્વીય પ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં ચા ઉદ્યોગની જરૂરિયાતોને સંબોધવા, માલ પરિવહન માળખાને મજબૂત બનાવવા અને ગ્રાહક-કેન્દ્રિત લોજિસ્ટિક્સ ઉકેલો વિકસાવવા માટે સતત કામ કરી રહ્યું છે.બેઠક દરમિયાન, વરિષ્ઠ રેલવે અધિકારીઓ, ચા ઉદ્યોગના પ્રતિનિધિઓ, લોજિસ્ટિક્સ ઓપરેટરો અને અન્ય હિસ્સેદારોએ ચા પરિવહન માટે રેલ કનેક્ટિવિટી, ઓપરેશનલ કોઓર્ડિનેશન અને કન્ટેનર હેન્ડલિંગ સુવિધાઓ વધારવા માટેના વિવિધ પગલાંઓની ચર્ચા કરી. ચર્ચાનો મુખ્ય કેન્દ્ર કાર્યક્ષમ, સીમલેસ અને ગ્રાહક-મૈત્રીપૂર્ણ સેવાઓની જોગવાઈ દ્વારા રેલવેમાં ચા પરિવહનના મોટા જથ્થાને આકર્ષિત કરવાની વ્યૂહરચના પર હતો.નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન NFR એ માલ પરિવહન કામગીરીમાં પ્રશંસનીય કામગીરી દર્શાવી છે. તેણે કુલ 11.4 મિલિયન ટન (MT) માલ લોડિંગ નોંધાવ્યું છે, જે પાછલા નાણાકીય વર્ષની તુલનામાં 6% નો વધારો દર્શાવે છે. સામગ્રીના સંચાલનમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે, જેમાં અનલોડિંગ નાણાકીય વર્ષ 2024-25 માં 12,346 રેકથી વધીને 2025-26 માં 13,034 રેક થયું છે - જે 688 રેકનો વધારો છે. આ ક્ષેત્રમાં માલ લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવા માટે, NFR આધુનિક માલવાહક ટર્મિનલ અને મલ્ટિમોડલ કાર્ગો હેન્ડલિંગ સુવિધાઓ પણ વિકસાવી રહ્યું છે અને તેનું સંચાલન કરી રહ્યું છે.



---

## નીતીશના પુત્ર નિશાંતની મંત્રીમંડળમાં એન્ટ્રી, PM મોદીની હાજરીમાં કાલે 28 નેતા લેશે શપથ

બિહાર : બિહારના પટનાના ગાંધી મેદાનમાં ગુરુવારે સમ્રાટ ચૌધરીના નેતૃત્વવાળી NDA સરકારનો ભવ્ય શપથ ગ્રહણ સમારોહ યોજાવા જઈ રહ્યો છે, જેમાં અંદાજે 27થી 28 મંત્રીઓ શપથ લે તેવી શક્યતા છે. આ કાર્યક્રમની સૌથી વધુ ચર્ચા નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારના મંત્રી તરીકેના શપથને લઈને થઈ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શપથ ગ્રહણ બપોરે શરૂ થશે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા સહિતના ટોચના નેતાઓ હાજર રહે તેવી શક્યતા છે. અગાઉ સમ્રાટ ચૌધરીએ જ્યારે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારે કાર્યક્રમ સાદગીપૂર્ણ યોજાયો હતો, પરંતુ આ વખતે મોટા શક્તિ પ્રદર્શન સાથે યોજવાની ચર્ચાઓ ચાલી રહી છે. NDA ના ઘટક દળો વચ્ચે સંતુલન જાળવવા માટે ભાજપને 12, જેડીયુને 12, LJP (રામવિલાસ)ને 2 જ્યારે HAM અને RLJDને 1-1 મંત્રી પદ મળે તેવું માળખું તૈયાર કરાયું હોવાનું મનાય છે.મંત્રીમંડળમાં ભાજપ તરફથી વિજય કુમાર સિંહા, મંગલ પાંડે, દિલીપ જાયસ્વાલ, શ્રેયસી સિંહ, રામ કૃપાલ યાદવ અને સંજય સિંહના નામ ચર્ચામાં છે. જ્યારે જેડીયુ કોટામાંથી શ્રવણ કુમાર, અશોક ચૌધરી, લેસી સિંહ, મદન સહની, જમા ખાં, સુનિલ કુમાર, શીલા મંડલ, રત્નેશ સદા અને નિશાંત કુમાર શપથ લઈ શકે છે.

---

## આસામ-બંગાળમાં કોંગ્રેસના 21માંથી 20 ધારાસભ્યો મુસ્લિમ

આસામ | પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં મુસ્લિમ બેઠકો પર સૌથી અલગ ટ્રેન્ડ બંગાળમાં જોવા મળ્યો. અહીં 142 મુસ્લિમ બેઠકોમાંથી ભાજપને 72, ટીએમસીને 64 બેઠકો અને કોંગ્રેસને 2 બેઠકો મળી. જ્યારે, આસામની 22 મુસ્લિમ બહુમતી બેઠકો પર કોંગ્રેસને 18, AIUDFને 2 બેઠકો મળી. કેરળની 44 મુસ્લિમ બહુમતી બેઠકોમાં IUMLને 21 અને કોંગ્રેસને 14 બેઠકો મળી. કેરળમાં કોંગ્રેસે 114 બેઠકો પર ચૂંટણી લડી, જેમાં 63 બેઠકો મળી. અહીં તેના 8 મુસ્લિમ ઉમેદવારો ચૂંટણી જીત્યા છે. કોંગ્રેસે બંગાળ અને આસામમાં કુલ 390 બેઠકો પર ચૂંટણી લડી. 21 બેઠકો પર જીત મેળવી, જેમાંથી 20 મુસ્લિમ ધારાસભ્યો છે. અહીં ભાજપે એક પણ મુસ્લિમ ઉમેદવારને ટિકિટ આપી ન હતી. AIUDFના નેતા બદરુદ્દીન અજમલે કટાક્ષ કરતા કહ્યું- 'આસામમાં કોંગ્રેસ હવે મુસ્લિમ લીગ બની ગઈ છે.' પહેલા AIUDFનું કોંગ્રેસ સાથે ગઠબંધન હતું. પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસે 63 મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી. જ્યારે, 15 વર્ષથી શાસન કરી રહેલી TMC એ 47 મુસ્લિમ ઉમેદવારો ઉતાર્યા.

---

## દિલ્હીના પ્રદૂષણ પર દેખરેખ રાખશે AI

દિલ્હી : દિલ્હી સરકારે IIT કાનપુર સાથે જોડાયેલા AIRAWAT રિસર્ચ ફાઉન્ડેશન સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે. આનો ઉદ્દેશ AI-આધારિત ટેકનોલોજીનો ઉપયોગ કરીને દિલ્હીમાં વાયુ પ્રદૂષણનું નિરીક્ષણ, વિશ્લેષણ અને સંચાલન કરવાનો છે. સરકાર દિલ્હીને સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત શહેર બનાવવા તરફ વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરી રહી છે. આ સંદર્ભમાં, દિલ્હી સરકારનો પર્યાવરણ વિભાગ AIRAWAT રિસર્ચ ફાઉન્ડેશન (ARF) - IIT કાનપુર સાથે જોડાયેલા - સાથે MoU પર હસ્તાક્ષર કરવા માટે તૈયાર છે, જેના દ્વારા AI-આધારિત ટેકનોલોજીનો ઉપયોગ હવા ગુણવત્તા દેખરેખ, વિશ્લેષણ અને નિર્ણય લેવા માટે કરવામાં આવશે.

સિટી એક્સપ્રેસ
THURSDAY 07 MAY-2026
AHMEDABAD

## ખાનપુરમાં રૂમ ભાડે ન મળતા પોલીસકર્મીની દાદાગીરી

અમદાવાદ | અમદાવાદના ખાનપુરમાં આવેલા ગુજરાત સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજ ભવનમાં કાયદાના રક્ષક એક પોલીસકર્મીની ગુંડાગીરી સામે આવી છે. ગાંધીનગરમાં ફરજ બજાવતા નવાઝ ગુલામ રસુલ નામના પોલીસકર્મીએ ભવનમાં રૂમની માંગણી કરી હતી, પરંતુ રૂમ ખાલી ન હોવાથી ફરજ પરના કર્મચારી શેખ મોહમદ ફરદીને તેમને ના પાડી હતી. આ સાંભળીને ઉશ્કેરાયેલા નવાઝે બુકિંગ ઓફિસમાં ઘૂસીને જાતે જ રજિસ્ટર તપાસવાનું શરૂ કર્યું હતું અને કર્મચારી ફરદીન પર રોફ જમાવી બીભત્સ ગાળો બોલીને તેને આડેધડ લાફા ઝીંકી દીધા હતા.

## મેમ્કોમાં લુબી કંપનીના 500 કર્મચારીઓની હડતાળ

અમદાવાદ | અમદાવાદના મેમ્કો વિસ્તારમાં કાર્યરત લુબી કંપનીના કારખાનામાં આજે(6 મે) અચાનક જ કામકાજ ખોરવાઈ ગયું છે. કંપનીમાં ફરજ બજાવતા 500 કરતાં વધુ કામદારોએ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને એકાએક હડતાળ શરૂ કરી છે. આ વિરોધ પ્રદર્શનના પગલે કંપનીનું ઉત્પાદન કાર્ય સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે અને તમામ દેખાવકારો કારખાનાના પરિસરમાં જ એકઠા થઈને વિરોધ નોંધાવી રહ્યા છે. કર્મચારીઓના આ આક્રોશ પાછળનું મુખ્ય કારણ પગાર વધારો અને ઓવરટાઈમના વણઉકેલ્યા પ્રશ્નો છે.



# ધો-10માં અત્યાર સુધીનું સૌથી વધુ 83.86% પરિણામ:ગુજરાતીઓ ગણિત-વિજ્ઞાનમાં કાચા

## 2 લાખથી વધુ વિદ્યાર્થી ફેલ, સાયન્સમાં મેરિટ નીચું જશે; દીકરીઓએ ફરી બાજી મારી : 1,83,674 નાપાસ વિદ્યાર્થી માટે જૂનમાં પૂરક પરીક્ષા

અમદાવાદ | આજે(6 મે) ગુજરાતમાં ધોરણ-10 એસ.એસ.સી. પરીક્ષાનું કુલ પરિણામ 83.86% જાહેર થયું છે, જે અત્યાર સુધીનું સૌથી વધુ પરિણામ છે. જેમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ 88.28% રહી વિદ્યાર્થીઓ કરતાં 8.16% આગળ રહ્યું છે. જિલ્લાવાર પરિણામમાં નર્મદા જિલ્લો 90.85% સાથે રાજ્યમાં પ્રથમ ક્રમે રહ્યો છે, જ્યારે પંચમહાલ જિલ્લાનું પરિણામ સૌથી ઓછું 76.42% નોંધાયું છે. કેન્દ્રવાર પરિણામમાં ગાંધીનગર જિલ્લાના આજોલ કેન્દ્રે 100% પરિણામ મેળવી મોખરું સ્થાન મેળવ્યું છે, જ્યારે દાહોદ જિલ્લાના મુનખોસલા કેન્દ્રનું પરિણામ 33.74% સાથે સૌથી છેલ્લે રહ્યું છે.

આ પરીક્ષામાં કુલ 7,56,392 નિયમિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 6,34,327 વિદ્યાર્થીઓ સફળ જાહેર થયા છે. રાજ્યમાં 1,697 શાળાઓએ 100% પરિણામ નોંધાવ્યું છે, જ્યારે 39 શાળાઓનું પરિણામ શૂન્ય ટકા રહ્યું છે. માધ્યમ મુજબ અંગ્રેજી માધ્યમનું પરિણામ 92.50% અને ગુજરાતી માધ્યમનું પરિણામ 82.67% નોંધાયું છે. નાપાસ વિદ્યાર્થીઓ માટે જૂન-2026માં 'Best of Two' પદ્ધતિ સાથે પૂરક પરીક્ષા યોજાશે.

ગત વર્ષે 100% પરિણામ ધરાવતી 1574 શાળાઓ હતી જેમાં વધારો થતા આ વર્ષે 1697 શાળાઓમાં 100% પરિણામ આવ્યું છે. તો ગત વર્ષે 45 શાળાઓનું 0% પરિણામ આવ્યું હતું જે ઘટીને આ વર્ષે માત્ર 39 શાળાઓનું જ 0% પરિણામ આવ્યું હતું.

બેઝિક મેથ્સમાં 1 લાખ 6 હજાર 504 અને વિજ્ઞાનમાં 94,645 વિદ્યાર્થીઓ નાપાસ થતાં સાયન્સમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટશે. જેથી મેરિટ લિસ્ટ પણ નીચું રહેવાની શક્યતા છે. આમ જો કોઈને સાયન્સમાં પ્રવેશ લેવો હોય તો એડમિશન સરળતાથી મળી જશે.

ધોરણ 10 એસએસસી પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં કુલ 1,83,674 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે, જેમાં 1,22,065 નિયમિત વિદ્યાર્થીઓ, 44,806 રિપીટર વિદ્યાર્થીઓ અને 16,763 GSOS (ખાનગી) વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. નાપાસ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા જૂન માસમાં પૂરક પરીક્ષાનું પુનઃ આયોજન કરવામાં આવશે અને વિદ્યાર્થીઓને 'Best of Two' યોજના હેઠળ ફરી પરીક્ષા આપવાની તક પણ મળશે, જેથી તેઓ પોતાના પરિણામમાં સુધારો કરી શકે.

ધોરણ 10ના પરિણામમાં બેઝિક ગણિતમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. બેઝિક ગણિતમાં કેમ સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે અને આવનાર સમયમાં તેની શું અસર આવશે તેને લઈને શિક્ષણવિદ મુક્તક કાપડિયાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, ઓવરઓલ પરિણામ ઉંચુ ગયું છે તે ખૂબ સારી બાબત છે, પરંતુ બેઝિક ગણિતમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે તે ખૂબ જ ચિંતાનો વિષય છે. ગ્રાસરૂટ લેવલ પરથી વિદ્યાર્થીઓને તૈયાર કરવાની ખૂબ જ જરૂર છે. પ્રાઈમરીથી ગણિતનો પાયો મજબૂત કરાવવામાં આવે તો ધોરણ 10માં ગણિતમાં કોઈ વિદ્યાર્થી નાપાસ ના થઈ શકે. ઘણી વખત સંખ્યા મેન્ટેન કરવા માટે વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં લઈ જવામાં આવે છે.

વધુમાં મુક્તક કાપડિયાએ જણાવ્યું હતું કે, શિક્ષાના કેન્દ્રમાં વિદ્યાર્થીઓ હોવા જોઈએ જ્યાં સુધી તે નહીં આવે ત્યાં સુધી આ પ્રકારનું પરિણામ જોવા મળી શકે છે. કોમનવેલ્થ અને ઓલમ્પિકની મેજબાની કરવા પણ ગુજરાત તૈયાર થઈ ગયું છે. ત્યારે વિદ્યાર્થીઓનો બેઝિક પાયો મજબૂત કરવો ખૂબ જ જરૂરી છે.

સાયન્સમાં સીટ વધારે છે અને વિદ્યાર્થીઓ ઓછા છે તો એન્જિનિયરિંગમાં પણ સીટ વધારે છે અને વિદ્યાર્થીઓની ડિમાન્ડ ઓછી છે જેથી ત્યાં પણ ઘણી સીટો ખાલી રહી શકે છે. આ વર્ષે પરિણામ વધુ આવવાના કારણે સ્કૂલોમાં સાયન્સમાં પ્રવેશ મેળવવા માટેનું મેરિટ પણ ઊંચું જશે.

સુરતમાં આ વખતે બોર્ડનું પરિણામ 86.4 ટકા નોંધાયું છે, જેમાં કુલ 81,652 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા અને તેમાંથી 6,475 જેટલા તેજસ્વી તારલાઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કરીને ઝળહળતી સફળતા મેળવી છે. આજે પરિણામ જાહેર થતા જ અનેક પરિવારોમાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો, જ્યાં સંતાનોની સિદ્ધિ જોઈને અનેક વાલીઓ હર્ષના આંસુ રોકી શક્યા નહોતા. ખાસ કરીને સુરતના રત્નકલાકારોના બાળકોએ પ્રતિકૂળ સંજોગોમાં પણ શ્રેષ્ઠ દેખાવ કરીને મેદાન માર્યું છે, જે શહેર માટે ગૌરવની બાબત છે.

વડોદરાનું ગત વર્ષનું ધોરણ 10નું 76.65 ટકા પરિણામ હતું તે આ વર્ષે 78.38 ટકા આવ્યું છે. આ પરિણામ ગત વર્ષ કરતા વધારે છે. વડોદરામાં 38,369 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી 37,993 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પરિણામમાં A 1 ગ્રેડમાં 1582 વિદ્યાર્થીઓએ બાજી મારી છે. રાજકોટના પરિણામમાં ઉતરોતર વધારો થતો જોવા મળી રહ્યો છે. વર્ષ 2024માં 85.23%, વર્ષ 2025માં 87.19% અને આ વર્ષે 88.11% પરિણામ જાહેર થયું છે.

પાટણ જિલ્લાનું સરેરાશ પરિણામ 83.27 ટકા નોંધાયું છે. જિલ્લામાં નોંધાયેલા કુલ 15,107 વિદ્યાર્થીઓમાંથી 366 વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરતા A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. અન્ય ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા જોઈએ તો, 1395 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ, 2109 વિદ્યાર્થીઓએ B1 ગ્રેડ અને 3108 વિદ્યાર્થીઓએ B2 ગ્રેડ મેળવ્યો છે.


### ગીર સોમનાથમાં ધો-10નું 82.34% પરિણામ

ગીર સોમનાથ જિલ્લાએ આ વર્ષે 82.34% પરિણામ મેળવી શૈક્ષણિક ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરી છે. ગત વર્ષની સરખામણીએ પરિણામમાં 1.13%નો વધારો નોંધાયો છે. જિલ્લામાં માત્ર પરિણામની ટકાવારી જ નહીં પરંતુ ગુણવત્તામાં પણ સુધારો જોવા મળ્યો છે. કુલ 780 તેજસ્વી તારલાઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કરીને મેદાન માર્યું છે, જ્યારે 1,743 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ હાંસલ કર્યો છે. જિલ્લાના 30 પરીક્ષા કેન્દ્રો પૈકી ઘુસિયા ગીર કેન્દ્ર 98.64% પરિણામ સાથે સમગ્ર જિલ્લામાં સર્વોચ્ચ સ્થાને રહ્યું છે. બીજી તરફ, દેલવાડા કેન્દ્રનું પરિણામ સૌથી ઓછું 51.04% નોંધાયું છે. ચિંતાજનક બાબત એ છે કે દેલવાડા કેન્દ્રમાં ગત વર્ષની સરખામણીએ 11.25%નો ઘટાડો જોવા મળ્યો છે. ઉના તાલુકાના સીમર કેન્દ્રમાં 12.98%ના સુધારા સાથે 63.28% પરિણામ આવ્યું છે, જે સ્થાનિક શિક્ષણ પ્રણાલી માટે પ્રોત્સાહક છે. જોકે, ઘાટવડ કેન્દ્રમાં 21.23% જેવુ મોટું ગાબડું પડતા ત્યાં 84.50% પરિણામ નોંધાયું છે.

## દીક્ષાંત સમારોહમાં ૬૭૬ વિદ્યાર્થીઓને પદવી એનાયત : સ્નાતક કક્ષાના ૪૬૮, અનુસ્નાતક કક્ષાના ૧૭૫ તથા પી.એચ.ડી.ના ૩૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત

(એજન્સી) અમદાવાદ | તા. 06

રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા હેઠળ ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીનો ૧૨મો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. આ દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલશ્રીના હસ્તે ૯૨ ચંદ્રક સહિત ૬૭૬ વિદ્યાર્થીઓને પશુચિકિત્સા, ડેરી અને મત્સ્યપાલન શાખાઓના વિવિધ અભ્યાસક્રમોની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.



કામધેનુ યુનિવર્સિટીના ૧૨મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં દીક્ષિત થતા યુવા વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓને સંબોધતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રેરણાદાયી માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, માત્ર ડિગ્રી મેળવીને નોકરી મેળવવી અને નિવૃત્ત થઈ જવું એ જીવનનું લક્ષ્ય ન હોવું જોઈએ. સાચું જીવન તો બીજાના કલ્યાણ માટે જીવવામાં છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં કામધેનુ, રક્ષાશક્તિ, ચિલ્ડ્રન, ટીચર્સ, ફોરેન્સિક સાયન્સ, સંસ્કૃત અને પ્રાકૃતિક ખેતી જેવા વિવિધ વિષયો પર વિશેષ યુનિવર્સિટીઓની સ્થાપના એક વિરાટ લક્ષ્ય સાથે કરી છે, જેને સાર્થક કરવાની જવાબદારી હવે આ યુવા
પેઢીની છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, આજે ગામડાંઓમાં વૈજ્ઞાનિક અભિગમના અભાવે પશુધનની ગુણવત્તા ઘટી રહી છે. તેમણે પશુપાલન વિભાગના અધિકારીઓ અને યુવા પશુચિકિત્સકોને આહવાન કર્યું હતું કે તેઓ માત્ર કાગળ પરની ઔપચારિકતાઓ છોડીને સીધા ખેડૂતોના દ્વાર સુધી પહોંચે. જો પશુઓની ઓલાદ-બ્રીડ સુધારવામાં આવે તો પશુપાલકની આવક બમણી થઈ શકે છે. રાજ્યપાલશ્રીએ ભારતીય નસ્લની ગાયો જેવી કે ગીર અને કાંકરેજ પર સંશોધન કરવા અને તેમની દૂધ ઉત્પાદન ક્ષમતા વધારવા પર ભાર મૂક્યો હતો. પોતાના જીવનના જાતઅનુભવો રજૂ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, તેઓ કુરુક્ષેત્રમાં ૪૫૦ જેટલી ગાયોનું પાલન કરે છે. તેમણે માત્ર ૧૦ લિટર દૂધ આપતી ગાયોથી શરૂઆત કરી હતી અને આજે વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉછેર કરીને ૬૨ લિટર સુધી દૂધ મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી છે. તેમણે કહ્યું કે જો બ્રાઝિલ જેવા દેશો ભારતની ગીર ગાય લઈ જઈને ૪૦-૪૦ લિટર દૂધ મેળવી શકતા હોય, તો ભારતમાં આ શક્ય કેમ નથી? આ માટે માત્ર દ્રઢ ઈચ્છાશક્તિ અને સમર્પણની જરૂર છે. તેમણે પશુપાલનને પ્રાકૃતિક ખેતીનો આધાર ગણાવ્યો હતો.

રાસાયણિક ખેતીના ગંભીર પરિણામો વિશે ચેતવણી આપતા તેમણે જણાવ્યું કે, યુરિયા અને ડીએપી જેવા રાસાયણિક ખાતરોએ ધરતીને પથ્થર જેવી બનાવી દીધી છે. ખેતરોમાં વપરાતું નાઈટ્રોજન પર્યાવરણ માટે અત્યંત જોખમી 'નાઈટ્રસ ઓક્સાઈડ' ગેસ બનાવે છે, જે ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર છે. આજે માતાના દૂધમાં પણ જંતુનાશકોના અંશ જોવા મળી રહ્યા છે, જે ભયાનક બીમારીઓનું મૂળ છે. આ ઝેરથી મુક્તિ મેળવવાનો એકમાત્ર માર્ગ પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયનું સંવર્ધન જ છે.

અંતમાં, રાજ્યપાલશ્રીએ યુવા સ્નાતકોને સંકલ્પ લેવા જણાવ્યું કે, તેઓ જ્યાં પણ જાય ત્યાં પશુધનની ઉન્નત નસ્લ તૈયાર કરવામાં ખેડૂતોને મદદરૂપ થાય. તેમણે ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતા સસ્તા દરના 'સેક્સ સોર્ટેડ સીમન'નો લાભ ગામેગામ પહોંચાડવા પર પણ ભાર મૂક્યો હતો.

પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સંદેશ પાઠવી ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. મંત્રીશ્રીએ તેમના સંદેશમાં જણાવ્યું હતું કે, આ દીક્ષાંત સમારંભ માત્ર ડિગ્રી મેળવવાનો પ્રસંગ નથી, પરંતુ વિદ્યાર્થીઓની વર્ષોની મહેનત અને સંકલ્પની સફળતાનું પ્રતીક છે.

કામધેનુ યુનિવર્સિટી દ્વારા પશુપાલન, મત્સ્યઉદ્યોગ અને કૃષિ જેવા ક્ષેત્રોમાં અપાતું ગુણવત્તાયુક્ત શિક્ષણ આજે રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં પાયાનું યોગદાન આપી રહ્યું છે અને આ સ્નાતકો ભવિષ્યમાં પોતાની કુશળતાથી સમાજની સેવા કરી દેશને નવી ઊંચાઈઓ પર લઈ જશે, તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી.

## મહેસાણાથી આસામ જવા માટે પહેલી મસાલા ભરેલી ટ્રેન રવાના

## અમદાવાદ મંડળે માલ પરિવહનમાં નવા કીર્તિમાન સ્થાપિત કર્યા



અમદાવાદ | પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ માલ પરિવહન અને રેવેન્યુ ઉપાર્જનના ક્ષેત્રમાં સતત નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરીને ભારતીય રેલવેના ફ્રેઈટ ઓપરેશનને નવી દિશા પૂરી પાડી રહ્યું છે. મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશના કુશળ નેતૃત્વમાં અમદાવાદ મંડળ દ્વારા માલ લોડિંગના ક્ષેત્રમાં અનેક મહત્વપૂર્ણ અને નવીનતાસભર પહેલો કરવામાં આવી રહી છે, જેનાથી ફક્ત વ્યાપારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન જ નથી મળી રહ્યુ, પરંતુ દેશવ્યાપી આપૂર્તિ શ્રેણીને પણ મજબૂતી મળી રહી છે. આ જ ક્રમમાં તારીખ 06 મે 2026 ના રોજ અમદાવાદ મંડળના મહેસાણા સ્ટેશનથી પૂર્વોત્તર સીમાંત રેલવે (NFR) ના રંગિયા મંડળમાં આવેલ અજારા સ્ટેશન (આસામ) માટે 4200 ક્વિન્ટલ જીરૂંથી લોડેડ પહેલી 'ડીમ્ડ વીપી રેક' (Deemed VP Rake) સફળતાપૂર્વક લોડ કરીને રવાના કરવામાં આવી. આ સિદ્ધિ અમદાવાદ મંડળ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કેમ કે પહેલી વાર આ સેક્ટરમાં મસાલાઓનું સંગઠિત રેલવે લોડિંગ કરવામાં આવ્યું છે. આ રેક મારફતે વિવિધ પ્રકારના મસાલાઓનું પરિવહન કરવામાં આવ્યું, જેનાથી રેલવેને લગભગ રૂા. 25 લાખની આવક પ્રાપ્ત થઈ.આ નવી પહેલ ફક્ત ગુજરાતના મસાલા ઉદ્યોગને પૂર્વોત્તરના બજારોથી જોડવાનું જ કામ નહી કરે, પરંતુ રોડ પરિવહનની સરખામણીમાં વધુ સુરક્ષિત, કિફાયતી અને પર્યાવરણ-અનુકૂળ વિકલ્પ રૂપે રેલવેની ભૂમિકાને પણ સુદ્રઢ બનાવશે. આનાથી સ્થાનિક વેપારીઓ અને નિકાસકારોને પણ મોટી સુવિધા પ્રાપ્ત થશે તથા ભવિષ્યમાં આ પ્રકારની વધારે ફ્રેઈટ મુવમેન્ટની શક્યતાઓ મજબૂત થશે.આ ઉપરાંત, અમદાવાદ મંડળે હાલમાં જ ગાંધીધામ ક્ષેત્રના ભીમાસર સ્ટેશનથી જમ્મૂ-કાશ્મીરના બાડી બ્રાહ્મણ (BBMN) અને અનંતનાગ સુધી ખાદ્ય તેલ (Edible Oil) નું સફળ લોડિંગ કરી એક મહત્વપૂર્ણ સિદ્ધિ નોંધાવી છે. આ વિશેષ ફ્રેઈટ મુવમેન્ટ હેઠળ 11 BCN વેગન બાડી બ્રાહ્મણ તથા 09 BCN વેગન અનંતનાગ માટે મોકલવામાં આવ્યા. આ પરિવહનથી રેલવેને રૂ. 17 લાખથી વધુની આવક પ્રાપ્ત થઈ."કચ્છથી કાશ્મીર" સુધી ખાદ્ય તેલની નિર્વિરોધ આપૂર્તિ દેશની એકતા, મજબૂત લોજિસ્ટિક નેટવર્ક તથા ભારતીય રેલવેની સર્વવ્યાપક પહોંચનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

## ડિપ્લોમા પ્રથમ વર્ષ માટે પ્રવેશ પ્રક્રિયા 8 મેથી શરૂ કરાશે વિદ્યાર્થીઓ 19 જૂન ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે

અમદાવાદ | એડમિશન કમીટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસના ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે વર્ષ 2026-27 માટે પ્રવેશ પ્રક્રિયાની જાહેરાત કરવામાં આવી છે. એડમિશન કમીટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ દ્વારા ધોરણ 10 પછી ડિપ્લોમાના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટેની જાહેરાત કરવામાં આવી છે. પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે આગામી 8 તારીખથી ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જો કે પૂરક પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે 21થી 26 જુલાઈ સુધી ફરીથી ઑનલાઇન રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. એડમિશન કમીટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ દ્વારા 153 કોલેજોમાં આગામી 8 મેથી 19 જૂન સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. https;//acpdc.gujarat.gov.in/ના માધ્યમથી વિદ્યાર્થીઓ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે. ઑનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ 29 જૂનના પ્રિવિઝનલ મેરિટ લિસ્ટની જાહેરાત કરવામાં આવશે. જે બાદ 29 જૂનથી 2 જુલાઈ સુધી મોકરાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ કરવામાં આવશે. 5 ઓગસ્ટ સુધી બે રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. 153 કોલેજોની 69,987 બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મહત્વનું છે કે વર્ષ 2025માં 55.58 ટકા બેઠકો જ ભરાઈ હતી. કારણ કે 69,987 બેઠક પર પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવી હતી પરંતુ 38,901 વિદ્યાર્થીઓએ જ પ્રવેશ મેળવ્યો હતો. તેમજ રીઝર્વ કેટેગરીની બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છુક અનામત કેટેગરીના ઉમેદવારોએ શાળા છોડયાનુ પ્રમાણપત્ર પણ આપવું પડશે.

## બાઈક સાથે યુવક ખાડામાં ગરકાવ, ફાયર દ્વારા રેસ્ક્યૂ

(એજન્સી) અમદાવાદ | તા. 06

જો તમે અમદાવાદના રસ્તાઓ પર મુસાફરી કરી રહ્યા હોવ તો સાવધાન રહેજો! કારણ કે શહેરના રસ્તાઓ ક્યારેક 'મોતનો કૂવો' સાબિત થઈ શકે છે. વટવા વિસ્તારમાં બીબી તળાવ પાસે ચાલુ રસ્તે અચાનક એક મોટો ભૂવો પડતા પસાર થઈ રહેલો એક બાઈક સવાર યુવક બાઈક સાથે અંદર ખાબક્યો હતો. સદનસીબે ફાયર બ્રિગેડે સમયસર પહોંચી યુવકને બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યો છે.

શહેરના ટ્રાફિકથી ધમધમતા વટવા બીબી તળાવ રોડ પર 5મી મેની રાત્રે અંકિત યાદવ નામનો યુવક પોતાની બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન અચાનક જ રસ્તાની જમીન ધસી પડી હતી અને મોટો ભૂવો પડ્યો હતો. અંકિત કંઈ સમજે તે પહેલા જ તે બાઈક સાથે ભૂવામાં ગરકાવ થઈ ગયો હતો. આ દ્રશ્ય જોઈ આસપાસના વાહનચાલકો થંભી ગયા હતા અને લોકોના ટોળે-ટોળા એકઠા થયા હતા.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. સ્થાનિકોએ સતર્કતા દાખવીને કોર્પોરેશનના બેરિકેડ્સ ભૂવાની આસપાસ ગોઠવી દીધા હતા, જેથી અન્ય કોઈ અંદર ન પડે. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને ભૂવામાં ફસાયેલા અંકિત યાદવને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. યુવકને ઈજાઓ પહોંચી હોવાથી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ મોકલી આપ્યો હતો. ભૂવામાં પડેલી બાઈકને પણ ભારે જહેમત બાદ દોરડા વડે બહાર ખેંચી કાઢી હતી.

આ અકસ્માત પાછળ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોનના ઈજનેર વિભાગની મોટી બેદરકારી સામે આવી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, 27 એપ્રિલના રોજ જ એક જાગૃત નાગરિક દ્વારા ડેપ્યુટી સિટી ઈજનેરને લેખિતમાં પત્ર પાઠવવામાં આવ્યો હતો. જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે, બીબી તળાવ પાસે રસ્તો બેસી રહ્યો છે અને ગમે ત્યારે ભૂવો પડી શકે તેમ છે. જોકે, તંત્રએ આ પત્રને ઘોળીને પી જઈ કોઈ જ મરામત કરી નહોતી.

AMCની આ આળસને કારણે આજે એક યુવકનો જીવ જોખમમાં મુકાયો હતો. જો સમયસર પગલાં લેવાયા હોત તો આ દુર્ઘટના ટાળી શકાઈ હોત.

## ઈસનપુરની પરણીત મહિલાને પારકા પુરુષ સાથે પ્રેમ કરવો ભારે પડયો

અમદાવાદ | ઈસનપુરમાં સાત વર્ષ પહેલા પરણીત મહિલાને પારકા પુરુષ સાથે પ્રેમ કરવો ભારે પડયો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પ્રેમિકાએ સંબંધ તોડી નાખતા પૂર્વ પ્રેમીએ ઘરે અને કારખાને જઈને પ્રેમસંબંધ રાખવા અને લિવઈન કરાર કરવા દબાણ કરીને ધમકી આપી હતી. મહિલાને અવાર નવાર ફોન પર ગાળો બોલીને મહિલાને હેરાન કરતો જો કે મહિલાએ કારખાનુ શરુ કરતા સમય ન આપી શકતા પૂર્વ પ્રેમી શંકા રાખીને તકરાર કરતો હોવાથી પ્રેમિકાએ સંબંધ તોડી નાખ્યો હતા. આ બનાવ અંગે ઈસનપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહિલાએ ધંધો શરુ કરતા સમય ના મળતા પૂર્વ પ્રેમી શંકા રાખીને તકરાર કરતા સંબંધ તોડયો : ઘરે, કારખાને જઈ મહિલા અને પરિવારને હેરાન કરતો ઈસનપુરમાં રહેતી મહિલાએ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ઈસનપુરમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવી છે કે સાત વર્ષ પહેલા તે ખોખરામાં શર્ટ બનાવવાની ફેકટરીમાં નોકરી કરતી હતી. તે સમયે આરોપી પણ ત્યાં નોકરી કરતો હોવાથી મહિલા સાથે સંપર્કમાં આવ્યો હતો.

## છૂટા પૈસાની ઝંઝટ ખતમ! GSRTC બસોમાં 30 ટકા આવક હવે ડિજિટલ પેમેન્ટથી થાય છે

અમદાવાદ | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) દ્વારા ડિજિટલ પેમેન્ટ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે અને મુસાફરો માટે પેમેન્ટ માટે અનૂકૂળ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજ્યની બસોમાં પ્રવાસ કરતા મુસાફરો માટે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમનો જબરદસ્ત વ્યાપ વધી રહ્યો છે. આકંડાઓ તેની સાબિતી પુરે છે. હાલમાં, નિગમની દૈનિક આવકમાં લગભગ 30 ટકા આવક કેશલેસ માધ્યમોથી થાય છે.

અમદાવાદનાં રહેવાસી મનીષ ઘાંચીએ તાજેતરમાં GSRTCની પ્રીમિયમ બસમાં વડોદરા જવા માટે મુસાફરી કરી હતી. રોકડ કે છુટા પૈસાની ચિંતા કર્યા વગર તેમણે કન્ડક્ટર દ્વારા તરત જ જનરેટ કરાયેલા QR કોડને સ્કેન કરીને ટિકિટનું પેમેન્ટ કર્યું. "GSRTCની આ પહેલ ખરેખર પ્રશંસનીય છે. મારા જેવા હજ્જારો લોકો નિયમિત રીતે માત્ર ડિજિટલ પેમેન્ટનો જ ઉપયોગ કરે છે. તેમના માટે આ વ્યવસ્થા અત્યંત સુવિધાજનક છે," મનીષ ઘાંચીએ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમની પ્રસંશા કરતા જણાવ્યું. રાજ્યભરમાં હવે હજારો મુસાફરોને મુસાફરી દરમિયાન રોકડ રાખવાની જરૂર રહેતી નથી. GSRTC હવે UPI, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને મોબાઈલ આધારિત ઓનલાઈન પેમેન્ટ સહિતના અનેક ડિજિટલ વિકલ્પો દ્વારા ટિકિટ ચુકવણીની સુવિધા આપે છે. એટલુ જ નહીં.

ડિજિટલ ટ્રાન્ઝેક્શનના વધતા ઉપયોગથી નિગમની કાર્યક્ષમતા અને પારદર્શક્તામાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં 8,000થી વધુ બસોમાં પ્રવાસ કરતા મુસાફરો વિવિધ ડિજિટલ માધ્યમોથી પેમેન્ટ કરી શકે છે. આ પહેલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારના ડિજિટલ ગવર્નન્સના વ્યાપક પ્રયાસોને સાર્થક સાબિત કરે છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ પણ અંતરિયાળ વિસ્તારોમાં બસની સુવિધા વધારવા અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. મુસાફરોને વધુ સુવિધા મળે અને દૈનિક મુસાફરોની સંખ્યા વધે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે "સરેરાશ 27 લાખ મુસાફરો નિગમની બસોમાં પ્રવાસ કરે છે અને અંદાજે રોજ રૂ. 12 કરોડની આવક થાય છે. તેમાંની લગભગ 30 ટકા આવક હવે ડિજિટલ પેમેન્ટ દ્વારા થાય છે. દૈનિક ડિજિટલ કલેક્શન છેલ્લા એખ વર્ષમાં લગભગ રૂ. 1 કરોડથી વધીને હાલમાં રૂ. 2 કરોડથી વધુ થઈ ગયું છે અને સતત વધી રહ્યું છે. અમે કેશલેસ અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યા છીએ અને આ પહેલ ડિજિટલ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટેનો ભાગ છે," નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું.*

નિગમ દ્વારા વિદ્યાર્થીઓનાં પાસ માટેની ચુકવણી પણ ડિજિટલ કરી છે, જેનાથી ડિજિટલ આવકમાં વધારો થયો છે. આગામી સમયમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા કેશલેસ ટ્રાન્ઝેક્શનનો વ્યાપ વધુ વધારવાનું આયોજન હાથ ધર્યુ છે. "આગામી મહિનાઓમાં અમે ડિજિટલ પેમેન્ટનો હિસ્સો 60થી 70 ટકા સુધી વધારવાનું લક્ષ્ય રાખીએ છીએ. આ માટે કોમર્શિયલ સેવાઓ અને પેસેન્જર પાસ સિસ્ટમમાં પણ આ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ લાવીશુ.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...